RNI NO GUJ/GUJ/2006/24237

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

RAJKOT
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમૂહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા — ૭,મો માળ, પ્રમુખ સ્વામી આર્કેડ, માલવીયા ચોક, રાજકોટ ફોન (૦૨૮૧) ૨૨૪૧૨૩૪

● સંવત ૨૦૮૨ જેઠ વદ - ૩ — ગુરૂવાર તા.૦૨-૦૭-૨૦૨૬ — અંક : ૧૦ વર્ષ : ૨૨ — email :rajkot@aaspassindia.com — કિંમત રૂા. ૨-૫૦ — પાના - ૮

# ગુજરાતમાં ચોમાસું જામ્યું : ૧૦૭ તાલુકામાં મેઘમહેર





## સુરતના પલસાણામાં આઠ ઈંચ વરસાદ ખાબકતા ચોમેર પાણી ભરાયા : રાજ્યના ૫૫ તાલુકાઓમાં ૧ ઈંચથી લઈ ૭ ઈંચથી વધુ વરસાદ : ૧૫ જિલ્લામાં ૭મી સુધી ગાજવીજ સાથે ભારે વરસાદની આગાહી

અમદાવાદ

ગુજરાત રાજયમાં વરસાદી સિસ્ટમ અને વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય થતાં મેઘરજાની ધમાકેદાર એન્ટ્રી થઈ છે. જેના કારણે સાર્વત્રિક વરસાદી માહોલ જામ્યો છે. સૌરાષ્ટ્રના ગીર સોમનાથ અને જૂનાગઢ જિલ્લા માટે રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. છેલ્લા ૨૪ કલાકમાં રાજયમાં ૧૦૨ તાલુકામાં વરસાદ નોંધાયો છે. ૧૦૭ તાલુકામાં મેઘમહેર થઈ છે. સુરતના પલસાણામાં ૮ ઈંચ જેટલો વરસાદ ખાબક્યો હતો. જેના કારણે પાણી જ પાણી થઈ ગયું હતું. હવામાન વિભાગે ૭ જુલાઈ સુધી રાજયમાં ગાજવીજ અને પવન સાથે ભારેથી અતિભારે વરસાદની આગાહી કરી છે. તેમજ સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના અંદાજે ૧૫ જેટલા જિલ્લાઓમાં ભારે વરસાદનું એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર, ગાંધીનગરના આંકડા પ્રમાણે, આજે સવારે ૬ કલાકે પૂરા થયેલા ૨૪ કલાકમાં રાજયમાં ૧૦૭ તાલુકામાં વરસાદ પડ્યો છે. છ તાલુકામાં ૭ ઈંચથી વધારે, એક તાલુકામાં ૬ ઈંચથી વધારે, બે તાલુકામાં ૫ ઈંચથી વધારે, પાંચ તાલુકામાં ૪ ઈંચથી વધારે, છ તાલુકામાં ૩ ઈંચથી વધારે, ૧૨ તાલુકામાં ૨ ઈંચથી વધારે, ૨૩ તાલુકામાં ૧ ઈંચથી વધારે તથા ૫૨ તાલુકામાં ૧ ઈંચથી ઓછો વરસાદ નોંધાયો હતો. સુરતના પલસાણામાં સૌથી વધુ ૭.૯૯ ઈંચ વરસાદ પડ્યો હતો. બારડોલીમાં ૭.૭૬ ઈંચ, ઉમરગાવમાં ૭.૭૨ ઈંચ, મહુવામાં ૭.૫૨ ઈંચવાપીમાં ૭.૪૪ ઈંચ, માળીયાહાટીનામાં ૭.૦૧ ઈંચ, અંબિકામાં ૬.૪૬ ઈંચ, સૂત્રાપાડામાં ૫.૨૪ ઈંચ, કેશોદમાં ૫.૨૦ ઈંચ, માંગરોળ(જૂનાગઢ)માં ૪.૭૬ ઈંચ, ઉમરપાડામાં ૪.૭૨ ઈંચ, પારડીમાં ૪.૪૫ ઈંચ, ભેંસાણમાં ૪.૨૧ ઈંચ, વાલોડમાં ૪.૦૨ ઈંચ, વ્યારામાં ૩.૬૨ ઈંચ, પાટણ-વેરાવળમાં ૩.૩૫ ઈંચ, લોધિકામાં ૩.૩૫ ઈંચ, સાગબારમાં ૩.૨૭ ઈંચ, વલસાડમાં ૩.૧૯ ઈંચ, ગણદેવીમાં ૩.૦૩ ઈંચ, નવસારીમાં ૨.૯૧ ઈંચ, ખેરગામમાં ૨.૮૭ ઈંચ, ગોંડલ ૨.૮૩ ઈંચ, વાંસજામાં ૨.૬૪ ઈંચ, જલાલપોરમાં ૨.૬૦ ઈંચ, જૂનાગઢમાં ૨.૪૮ ઈંચ, જૂનાગઢ શહેરમાં ૨.૪૮ ઈંચ, જામકંડોરણામાં ૨.૪૮ ઈંચ, ચીખલીમાં ૨.૨૦ ઈંચ, ડોલવણમાં ૨.૧૩ ઈંચ, બગસરામાં ૨.૦૫ ઈંચ, રાજુલામાં ૧.૭૭ ઈંચ, કોટડા સાંગાણીમાં ૧.૭૩ ઈંચ, પાદરામાં ૧.૬૯ ઈંચ, વઘઈમાં ૧.૬૫ ઈંચ, સુબીરમાં ૧.૫૭ ઈંચ, અમરેલીમાં ૧.૫૭ ઈંચ, ધંધુકામાં ૧.૫૪ ઈંચ, કલોલમાં ૧.૪૨ ઈંચ, ધોરાજીમાં ૧.૩૮ ઈંચ, ચીખદામાં ૧.૩૦ ઈંચ, ઓલપાડામાં ૧.૨૨ ઈંચ, માણાવદરમાં ૧.૨૨ ઈંચ, કુંકાવાવ વડીયામાં ૧.૧૮ ઈંચ, વંથલીમાં ૧.૧૪ ઈંચ, નસવાડીમાં ૧.૧૦ ઈંચ, નેત્રાંગમાં ૧.૦૬ ઈંચ, તિલકવાડામાં ૧.૦૬ ઈંચ, જેતપુરમાં ૧.૦૬ ઈંચ, હાંસોટમાં ૧.૦૨ ઈંચ, ઉનામાં ૧.૦૨ ઈંચ, તાલાલામાં ૧.૦૨ ઈંચ વરસાદ વરસ્યો હતો.

## મુંબઈમાં વહેલી સવારથી વરસાદ પડતા અનેક વિસ્તારોમાં પાણી ભરાયા

મુંબઈમાં આજે સવારથી જ ભારે વરસાદને કારણે અનેક વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા, જેના કારણે ટ્રાફિક અને સામાન્ય જનજીવન ખોરવાઈ ગયું હતું. અંધેરી, કિંગ્સ સર્કલ અને ગાંધી માર્કેટ વિસ્તારોમાં રસ્તાઓ પર પાણી ભરાઈ ગયા હતા, જેના કારણે વાહનોની અવરજવર પર અસર પડી હતી.

શહેરમાં ભારે વરસાદ ચાલુ રહેતાં મુંબઈના દાદર સ્ટેશન પર રેલ્વે ટ્રેક પણ પાણીમાં ડૂબી ગયા હતા. ભારતીય હવામાન વિભાગએ મુંબઈ, થાણે, પાલઘર અને રાયગઢ જિલ્લાઓ માટે રેડ એલર્ટ જારી કર્યું છે, જેમાં આગામી ત્રણ કલાકમાં સવારે ૧૦:૪૫ વાગ્યા સુધી કેટલાક સ્થળોએ મધ્યમથી ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગે લોકોને નબળા બાંધકામો અને નીચાણવાળા, પાણી ભરાયેલા વિસ્તારોથી દૂર રહેવા, વૃક્ષો અને વીજળીના થાંભલાઓથી દૂર રહેવા અને હવામાન અપડેટ્સથી વાકેફ રહેવાની સલાહ આપી છે. દરમિયાન, મુંબઈ સ્થિત ભારતીય હવામાન વિભાગ અનુસાર, પૂર્વીય ઉપનગરોમાં ૧ જુલાઈએ સવારે ૮ વાગ્યાથી ૨ જુલાઈએ સવારે ૭ વાગ્યા સુધી સૌથી વધુ વરસાદ નોંધાયો હતો, જેમાં મુલુંડમાં મીઠાગર મ્યુનિસિપલ સ્કૂલમાં ૨૩૦.૮ મીમી, ત્યારબાદ માનખુર્દ ફાયર સ્ટેશન (૨૨૮.૬ મીમી) અને એસ વોર્ડ ઓફિસ (૨૨૭ મીમી) વરસાદ નોંધાયો હતો.

## આજે સાર્વત્રિક વરસાદની આગાહી



આજે દક્ષિણ ગુજરાતના સુરત, ડાંગ, નવસારી, વલસાડ અને તાપી જિલ્લાઓ તેમજ દમણ અને દાદરા-નગર હવેલીમાં અલગ-અલગ સ્થળોએ ભારેથી અતિભારે વરસાદની શક્યતા છે. ઉપરાંત વડોદરા, છોટાઉદેપુર, નર્મદા અને ભરૂચ જિલ્લામાં તેમજ સૌરાષ્ટ્રના અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ અને દીવ ખાતે ભારે વરસાદની શક્યતા છે. રાજ્યના ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાત તથા સૌરાષ્ટ્ર-કચ્છના મોટાભાગના જિલ્લાઓમાં ૪૦થી ૫૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન સાથે ગાજવીજ, વીજળી અને હળવાથી મધ્યમ વરસાદ થવાની સંભાવના છે.

આવતીકાલથી ૭ જુલાઈ દરમિયાન દક્ષિણ ગુજરાતમાં ચોમાસું રૌદ્ર સ્વરૂપ ધારણ કરી શકે છે. સુરત, નવસારી, વલસાડ, તાપી અને ડાંગમાં ભારેથી અતિભારે વરસાદની ચેતવણી આપવામાં આવી છે. આ સિવાય પંચમહાલ, વડોદરા, ભરૂચ, અમરેલી, ભાવનગર અને ગીર સોમનાથમાં પણ ભારે વરસાદની સંભાવના છે.




જમ્મુ અને કાશ્મીરના લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિન્હાએ ગુરુવારે શ્રી અમરનાથ યાત્રા ૨૦૨૬ માટે યાત્રાળુઓના પ્રથમ જૂથને જમ્મુથી લીલી ઝંડી આપીને વાર્ષિક યાત્રાની ઔપચારિક શરૂઆત કરી હતી. આ પ્રસંગે બોલતા, ભાજપના સાંસદ જુગલ કિશોર શર્માએ કહ્યું કે શ્રી અમરનાથ યાત્રા ભારતના સૌથી મહત્વપૂર્ણ યાત્રાધામોમાંની એક છે અને તેના સુગમ સંચાલનની આશા વ્યક્ત કરી. તેમણે ભક્તોમાં વધતા ઉત્સાહની નોંધ લીધી અને યાત્રાની સફળતા માટે પ્રાર્થના કરી.

# રશિયાનો યુક્રેન ઉપર ભીષણ હુમલો

## રશિયાએ વહેલી સવારે ડ્રોન અને મિસાઈલનો મારો કરતા રાજધાની કિવ સહિતના શહેરોમાં ભયનો માહોલ : પોલેન્ડ પણ સતર્ક થયું

કિવ

રશિયા અને યુક્રેન વચ્ચે ચાલી રહેલું યુદ્ધ ફરી એકવાર અત્યંત ભયાનક વળાંક પર પહોંચી ગયું છે. ગુરુવારે વહેલી સવારે રશિયાએ યુક્રેનની રાજધાની કીવ પર અત્યાર સુધીનો સૌથી મોટો ગણી શકાય તેવો જોરદાર હવાઈ હુમલો કર્યો છે. રશિયન સેનાએ કીવને નિશાન બનાવીને એકસાથે ડઝનબંધ ડ્રોન અને બેલેસ્ટિક મિસાઈલોનો મારો ચલાવ્યો હતો. આ હુમલાને પગલે સમગ્ર યુક્રેનમાં હડકંપ મચી ગયો છે, તો બીજી તરફ પડોશી દેશ પોલેન્ડે પણ પોતાની સરહદો પર હાઈ એલર્ટ જાહેર કરી દીધું છે.

અહેવાલો અનુસાર, મોડી રાત્રે શરૂ થયેલા રશિયન મિસાઈલ હુમલાના કારણે સમગ્ર કીવ શહેરમાં એર રેડના સાયરન ગૂંજવા લાગ્યા હતા. હુમલો એટલો તીવ્ર હતો કે જીવ બચાવવા માટે હજારો નાગરિકોને અડધી રાત્રે મેટ્રો સ્ટેશનો અને અંડરગ્રાઉન્ડ બંકરો તરફ ભાગવાની ફરજ પડી હતી. સમગ્ર આકાશ મિસાઈલો અને યુક્રેનની એર ડિફેન્સ સિસ્ટમના ટ્રેસર ફાયરના પ્રકાશથી ઓળખાઈ ગયું હતું. યુક્રેનના સંરક્ષણ દળોએ રશિયન મિસાઈલોને હવામાં જ તોડી પાડવા માટે આખી રાત જવાબી કાર્યવાહી કરી હતી.

કીવના મેયર વિતાલી ક્લિત્સ્કોના જણાવ્યા અનુસાર, રશિયાના હુમલામાં શહેરના અનેક વિસ્તારોને મોટું નુકસાન થયું છે અને ઘણી જગ્યાએ ભીષણ આગ ફાટી નીકળી છે. મધ્ય કીવમાં આવેલા શેવચેન્કો બુલેવાર્ડ પર એક હોટલના ઉપરના માળે મિસાઈલ અથડાતા આગ લાગી હતી, જેની જ્વાળાઓ માઈલો દૂરથી જોઈ શકાતી હતી. એક રહેણાંક વિસ્તારમાં આવેલી ૯ માળની એપાર્ટમેન્ટ બિલ્ડિંગનો એક મોટો ભાગ મિસાઈલના પ્રહારથી પત્તાની જેમ ધરાશાયી થઈ ગયો હતો.રશિયન પ્રહારોમાં એક એમ્બ્યુલન્સ સ્ટેશનને પણ સીધી ટક્કર વાગી હતી, જેમાં એક પેરામેડિક સ્ટાફ મેમ્બર ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હોવાના અહેવાલ છે. પ્રાથમિક માહિતી મુજબ આ હુમલામાં ૧૧થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા છે અને કાટમાળ હટાવવાની કામગીરી ચાલુ હોવાથી જાનહાનિનો આંકડો વધવાની આશંકા છે.

યુક્રેનના પ્રમુખ વોલોડીમીર ઝેલેન્સકીએ આ હુમલા અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે, 'દેશની ગુપ્તચર એજન્સીઓએ રશિયા દ્વારા આવા કોઈ મોટા હુમલાની ચેતવણી અગાઉથી જ આપી દીધી હતી.' પરિસ્થિતિની ગંભીરતાને જોતા રાષ્ટ્રપ્રમુખ ઝેલેન્સકીએ પોતાનો આયર્લેન્ડના ડબલિનનો સત્તાવાર પ્રવાસ અધવચ્ચેથી જ ટૂંકાવી દીધો હતો અને તાત્કાલિક યુક્રેન પરત ફરવાનો નિર્ણય કર્યો હતો.

રશિયા દ્વારા પશ્ચિમી યુક્રેનની સરહદોની નજીક કરાયેલા આ મિસાઈલ હુમલાને પગલે નાટોના સભ્ય દેશ પોલેન્ડમાં પણ ખળભળાટ મચી ગયો છે. રશિયન મિસાઈલો ભૂલથી પણ પોતાની સરહદમાં ન પ્રવેશે તે માટે પોલેન્ડે તાત્કાલિક અસરથી મિલિટરી અને એરફોર્સને હાઈ એલર્ટ પર મૂકી દીધી છે. યુરોપના નિષ્ણાતો આ ઘટનાને આગામી દિવસોમાં યુદ્ધ વધુ ઉગ્ર બનવાના સંકેત તરીકે જોઈ રહ્યા છે.

# તમિલનાડુમાં ઓલ ઈન્ડિયા અન્ના દ્રવિડ મુનેત્ર કઝગમ પક્ષના નેતાઓ સહિતના ટીવીકેમાં જોડાશે

## પાંચ પૂર્વ મંત્રી,૧૫ ધારાસભ્યો સહિતના અનેક આગેવાનો વિજયની પાર્ટીમાં જોડાય તેવી અટકળોના પગલે રાજકારણમાં ગરમાવો

ચેન્નાઈ

તમિલનાડુના પ્રાદેશિક રાજકારણમાંથી આ સમયના સૌથી મોટા સમાચાર સામે આવી રહ્યા છે. ઓલ ઈન્ડિયા અન્ના દ્રવિડ મુનેત્ર કઝગમ પક્ષને ખૂબ જ મોટો ફટકો પડવા જઈ રહ્યો છે. પક્ષના અગ્રણી નેતાઓ અને પૂર્વ મંત્રીઓ હવે અભિનેતામાંથી રાજનેતા બનેલા થલપતિ વિજયની રાજકીય પાર્ટી 'તમિલગા વેતરી કઝગમ'નો હાથ પકડવા માટે સંપૂર્ણ તૈયાર થઈ ગયા છે. આ પક્ષપલટાને કારણે રાજ્યના રાજકીય સમીકરણો સંપૂર્ણપણે બદલાઈ જાય તેવી શક્યતા સેવાઈ રહી છે.

મળતી માહિતી મુજબ, ૨ જુલાઈના રોજ મહાબલીપુરમના એક આલીશાન રિસોર્ટમાં આ વિધિવત પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. આ કાર્યક્રમમાં ઓલ ઈન્ડિયા અન્ના દ્રવિડ મુનેત્ર કઝગમ પક્ષના માત્ર એક-બે નહી, પરંતુ ઓછામાં ઓછા ૫ પૂર્વ મંત્રીઓ અને ૧૫ પૂર્વ ધારાસભ્યો સહિત સેંકડો સક્રિય કાર્યકરો સત્તાવાર રીતે ટીવીકે પક્ષનું સદસ્યપદ ગ્રહણ કરશે. આ ઘટનાક્રમને પગલે વિજયની પાર્ટી તમિલનાડુમાં એક મજબૂત વિરોધ પક્ષ તરીકે ઉભરી શકે છે.

જે દિગ્ગજ નેતાઓના નામ ટીવીકેમાં સામેલ થવા માટે ચર્ચામાં છે, તેમાં પૂર્વ મંત્રી સી. વિજય ભાસ્કર, એમ.આર. વિજય ભાસ્કર, એમ એસ એમ આનંદન અને એસ. વલારમથી જેવા અતિ મહત્વના ચહેરાઓનો સમાવેશ થાય છે. આ સિવાય કરૂર અને પુદુક્કોટ્ટઈ જિલ્લાના ઓલ ઈન્ડિયા અન્ના દ્રવિડ મુનેત્ર કઝગમ પક્ષના સ્થાનિક સંગઠનના અસંખ્ય પદાધિકારીઓ પણ પક્ષને અલવિદા કહી રહ્યા છે. આ ઉપરાંત અન્ય એક મોટા રાજકીય ઘટનાક્રમમાં એમ.કે. અલાગિરીની પુત્રી કયાલવિઝી પણ મલ્લાપુરમ ખાતે વિજયની પાર્ટીમાં સત્તાવાર રીતે સામેલ થાય તેવી પ્રબળ શક્યતાઓ છે.

ઓલ ઈન્ડિયા અન્ના દ્રવિડ મુનેત્ર કઝગમ પક્ષની આ અંદરની ખેંચતાણ વિધાનસભા ચૂંટણી બાદથી જ ચાલતી હતી, જે હવે સપાટી પર આવી ગઈ છે. હાલમાં જ ધારાસભ્ય પદેથી રાજીનામું આપનારા પૂર્વ મંત્રી એમ.આર. વિજયભાસ્કરે પક્ષના વડા પલનીસ્વામી પર આકરા પ્રહારો કર્યા હતા.

# જૂન મહિનામાં દેશમાં વીજળીના વપરાશમાં ૧૧.૬૨ ટકાનો થયો વધારો : ૧૬૬.૬૬ અબજ યુનિટ વપરાશ

## જૂન મહિનામાં સતત ચાર દિવસ સુધી ટોચની વીજળીની માંગ રેકોર્ડ સ્તરે રહી

નવી દિલ્હી

આ વર્ષે ઉનાળામાં પડેલી ભીષણ ગરમીએ અનેક રેકોર્ડબ્રેક કરી નાંખ્યા છે.સતત જુન મહિના સુધી તાપ અનુભવાતા વીજળીની માગમાં નોધપાત્ર વધારો થયો હતો. મે મહિનામાં સતત ચાર દિવસ સુધી ટોચની વીજળીની માંગ રેકોર્ડ સ્તરે રહી. તારીખ ૧૮ મેના રોજ તે ૨૫૭.૩૭ ગીગાવોટ, ૧૯ મેના રોજ ૨૬૦.૪૫ ગીગાવોટ, ૨૦ મેના રોજ ૨૬૫.૪૪ ગીગાવોટ અને ૨૧ મેના રોજ ૨૭૦.૮૨ ગીગાવોટ રહી છે. દેશના વીજળી મંત્રાલયના જણાવ્યા અનુસાર, આ ઉનાળામાં વીજળીની માંગ ૨૭૦ ગીગાવોટ સુધી



પહોંચવાનો અંદાજ છે. ગયા ઉનાળામાં, જૂનમાં વીજળીની માંગ ૨૪૨.૭૭ ગીગાવોટ હતી, જોકે આ સરકારના ૨૭૭ ગીગાવોટના અંદાજ કરતા ઓછી હતી. નિષ્ણાંતો અને હવામાન વિભાગ સૂચવે છે કે, આગામી દિવસોમાં ચોમાસું સમગ્ર દેશને આવરી લેશે, જેના કારણે વીજળીના વપરાશમાં ઘટાડો થઈ શકે છે. જૂન મહિનામાં દેશમાં વીજળીનો વપરાશ ૧૧.૬૨ ટકા વધીને ૧૬૬.૪૬ અબજ યુનિટ થયો, જેનું મુખ્ય કારણ તીવ્ર ગરમી અને ચોમાસામાં સતત અને સખત રીતે થઈ રહેલો વિલંબ હતો. ગરમી અને ચોમાસામાં વિલંબને કારણે એર કન્ડીશનર જેવા ઠંડકના ડીવાઈસ વધારે પડતી વીજળીનો ઉપયોગ કરતા હોવાના કારણે વીજળીના વપરાશમાં વધારો થયો હતો. આ માહિતી સત્તાવાર વીજ મંત્રાલય તરકફથી એક ડેટારિપોર્ટ દ્વારા જાહેર કરવામાં આવી છે. દેશમાં કુલ વીજળીનો વપરાશ ગયા વર્ષના જૂનમાં ૧૪૯.૧૩ અબજ યુનિટ હતો.

# ગુજરાતમાં ૧૮ વર્ષ સુધીના દરેક બાળકનો બનશે હેલ્થ પાસપોર્ટ

## ૧.૮૯ કરોડ બાળકો પાસે હશે પોતાનો 'હેલ્થ પાસપોર્ટ', ૯૯૨ મોબાઈલ ટીમો કરશે તૈયાર

ગાંધીનગર,

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્રઢપણે માને છે કે, 'સ્વસ્થ ભારત'ના નિર્માણ માટે 'સ્વસ્થ બાળપણ' સૌથી મહત્વપૂર્ણ આધાર છે. ગુજરાત વડાપ્રધાનશ્રીના આ વિઝનને સાકાર કરવાની દિશામાં મજબૂત કામગીરી કરી રહ્યું છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકારે બાળકો તથા કિશોર-કિશોરીઓ માટેની હેલ્થકેર સુવિધાઓને વધુસ્માર્ટ, સસ્ટેનેબલ અનેફેમિલી તેમજ ચાઈલ્ડ ફ્રેન્ડલી બનાવવા માટે 'હેલ્થ પાસપોર્ટ'ની પહેલ હાથ ધરી છે.

સ્કૂલ હેલ્થ – રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ (SH-RBSK) હેઠળ હવે ગુજરાતમાં જન્મથી ૧૮ વર્ષ સુધીના દરેક બાળકનો પોતાનો એક હેલ્થ પાસપોર્ટ હશે. આ કોઈ સામાન્ય હેલ્થ કાર્ડ નહીં હોય, પરંતુ બાળકના જન્મથી લઈને કિશોરાવસ્થા સુધીની સંપૂર્ણ મેડિકલ હિસ્ટ્રી દર્શાવતું એક પ્રમાણભૂત દસ્તાવેજ હશે. ઉલ્લેખનીય છે કે, આ રાજ્યવ્યાપી કાર્યક્રમની શરૂઆત ૨૭ જૂન, ૨૦૨૬ના રોજ કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહ દ્વારા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં કરવામાં આવી હતી.

૧.૮૯ કરોડ બાળકો પાસે હશે પોતાનો 'હેલ્થ પાસપોર્ટ', ૯૯૨ મોબાઈલ ટીમો કરશે તૈયાર

ગુજરાતમાં SH-RBSK હેઠળ દર વર્ષે લગભગ ૧.૮૯ કરોડ બાળકોનું હેલ્થ ચેકઅપ ૯૯૨ મોબાઈલ હેલ્થ ટીમો દ્વારા કરવામાં આવે છે. હાલમાં આ ચેકઅપ્સનો રેકોર્ડ ડિજિટલ પોર્ટલ પર તો ઉપલબ્ધ છે, પરંતુ માતા-પિતા અથવા બાળકો પાસે એવું કોઈ સુવિધાજનક ડોક્યુમેન્ટ ઉપલબ્ધ નથી, જેનો ઉપયોગ તેઓ નિયમિત રૂટિન ચેકઅપ, સારવાર અથવા ફોલો-અપ માટે સરળતાથી કરી શકે. પ્રસ્તાવિત 'હેલ્થ પાસપોર્ટ' બાળકોના મેડિકલ રેકોર્ડ્સને એક સિસ્ટમેટિક અને સરળ ફોર્મેટમાં ઉપલબ્ધ કરાવશે.

હેલ્થ પાસપોર્ટ બનાવવાની પ્રક્રિયા સરળ હશે, સ્ક્રીનિંગ સ્થળ પર જ મળશે પાસપોર્ટ, વધારાના દસ્તાવેજોની જરૂર નહીં પડે

વાલીઓની સુવિધાને ધ્યાનમાં રાખીને હેલ્થ પાસપોર્ટ બનાવવાની પ્રક્રિયા ખૂબ જ સરળ રાખવામાં આવી છે. બાળકોનો 'હેલ્થ પાસપોર્ટ' બનાવવા માટે માતા-પિતાએ કોઈ વધારાના દસ્તાવેજો રજૂ કરવાની જરૂર રહેશે નહીં. SH-RBSKની મોબાઈલ હેલ્થ ટીમો દ્વારા આંગણવાડી, શાળા, મદરેસા, ગુરુકુલ અને સ્પેશિયલ સ્કૂલોમાં બાળકોનું હેલ્થ સ્ક્રીનિંગ કરવામાં આવશે. સ્ક્રીનિંગ અને ડિજિટલ પ્લેટફોર્મ પર ડેટા એન્ટ્રી બાદ બાળકોને આ હેલ્થ પાસપોર્ટ સ્થળ પર જ આપવામાં આવશે. એટલું જ નહીં, તે સરળતાથી રિન્યૂ પણ થઈ જશે. ૫ વર્ષ સુધીના બાળકો અથવા શાળાએ ન જતા બાળકોના હેલ્થ પાસપોર્ટને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર (PHC)ના મેડિકલ ઓફિસર (MO) દ્વારા દર વર્ષે રિન્યૂ કરવામાં આવશે. જ્યારે, વિદ્યાર્થીઓના કાર્ડ શાળાના પ્રિન્સિપાલ દ્વારા રિન્યૂ કરવામાં આવશે.

જન્મથી ૧૮ વર્ષ સુધીની સંપૂર્ણ મેડિકલ હિસ્ટ્રી, બીમારીઓ (4D)નું ટ્રેકિંગ અને પોષણનું સ્તર હવે એક જ ડોક્યુમેન્ટમાં

આ હેલ્થ પાસપોર્ટ દરેક બાળકની પર્સનલ મેડિકલ હિસ્ટ્રી રજૂ કરતું એક માસ્ટર ડોક્યુમેન્ટ હશે. તેમાં બાળકની મૂળભૂત વિગતો સાથે જન્મથી ૧૮ વર્ષની ઉંમર સુધીના હેલ્થ ચેકઅપનો સંપૂર્ણ રેકોર્ડ નોંધવામાં આવશે. આ ઉપરાંત, સ્કૂલ હેલ્થ-રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ (SH-RBSK) હેઠળની ચાર મુખ્ય કેટેગરી (4D) એટલે કે જન્મજાત ખામીઓ, બીમારીઓ, પોષણની ઉણપ અને વિકાસમાં વિલંબ અથવા વિકલાંગતા સંબંધિત સંપૂર્ણ અપડેટ પણ તેમાં હશે.

# સપ્તપદી વિના માત્ર મેરેજ સર્ટિના આધારે લગ્ન કાયદેસર ગણાય નહીં : ગુજરાત હાઈકોર્ટનો મહત્ત્વપૂર્ણ ચુકાદો

## હિન્દુ લગ્ન અધિનિયમની કલમ ૮ હેઠળનું રજિસ્ટ્રેશન માત્ર પહેલેથી કાયદેસર રીતે સંપન્ન થયેલા લગ્નનો માત્ર પુરાવો

અમદાવાદ,

આજના સમયમાં લગ્નની નોંધણી કરાવવી અનિવાર્ય બની ગઈ છે, પરંતુ શું માત્ર રજિસ્ટ્રેશન કરાવી લેવાથી લગ્ન કાયદેસર બની જાય છે? આ સવાલનો જવાબ આપતા ગુજરાત હાઈકોર્ટે એક અત્યંત મહત્વપૂર્ણ ચુકાદો આપતા સ્પષ્ટ કર્યું છે કે, હિન્દુ લગ્ન અધિનિયમ હેઠળ સપ્તપદી જેવા આવશ્યક ધાર્મિક સંસ્કારો અને રિવાજો વિના માત્ર મેરેજ સર્ટિફિકેટના આધારે લગ્ન કાયદેસર ગણી શકાય નહીં.

ગુજરાત હાઈકોર્ટના જસ્ટિસ ઈલેશ જે. વોરા અને જસ્ટિસ આર.ટી. વાછાણીની ખંડપીઠે આ ચુકાદો આપતા નોંધ્યું હતું કે, હિન્દુ લગ્ન અધિનિયમની કલમ ૭ મુજબ લગ્ન ત્યારે જ કાયદેસર અને માન્ય ગણાય જ્યારે તે પક્ષકારોના પ્રચલિત રિવાજો અને ધાર્મિક વિધિઓ અનુસાર સંપન્ન થયા હોય. જે સમાજમાં 'સપ્તપદી' (સાત ફેરા)ની વિધિ પ્રચલિત છે, ત્યાં સાતમું પગલું પૂર્ણ થયા પછી જ લગ્ન કાયદેસર રીતે પૂર્ણ ગણાય છે.

અદાલતે વધુમાં સ્પષ્ટ કર્યું કે હિન્દુ લગ્ન અધિનિયમની કલમ ૮ હેઠળનું રજિસ્ટ્રેશન માત્ર પહેલેથી કાયદેસર રીતે સંપન્ન થયેલા લગ્નનો પુરાવો પૂરું પાડે છે. રજિસ્ટ્રેશન સર્ટિફિકેટ પોતે લગ્નનું સર્જન કરી શકતું નથી. જો લગ્ન માટેની આવશ્યક વિધિઓ જ કરવામાં આવી ન હોય, તો રજિસ્ટ્રેશન સર્ટિફિકેટને કોઈ કાયદાકીય માન્યતા મળતી નથી.

આ કેસમાં એક અરજદારે ફેમિલી કોર્ટના આદેશને હાઈકોર્ટમાં પડકાર્યો હતો. ફેમિલી કોર્ટે માત્ર મેરેજ રજિસ્ટ્રેશન સર્ટિફિકેટ ઉપલબ્ધ હોવાથી લગ્ન માન્ય હોવાનું પ્રાથમિક અનુમાન વ્યક્ત કરી કેસમાં ટ્રાયલ ચલાવવાનો નિર્ણય લીધો હતો.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં કેબિનેટ બેઠક મળી, મહત્વના નિર્ણયો લેવાયા

ગાંધીનગર,

મુખ્યમંત્રીના અધ્યક્ષ સ્થાને આજે કેબિનેટ બેઠક મળી હતી. બેઠકમાં આરોગ્ય વિભાગની પહેલ ને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આવકારી છે. તમામ વિભાગોને તબક્કાવાર સ્વચ્છતા અભિયાન હાથ ધરવા સૂચના આપવામાં આવી છે. દર માસના પ્રથમ રવિવારે પ્રતિનિધિઓ, ધારાસભ્યોને સ્વચ્છતા અભિયાનમાં જોડાવવા મુખ્યમંત્રી દ્વારા સૂચન કરવામાં આવ્યું છે. આરોગ્ય વિભાગ દ્વારા સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અપીલ કરી છે. તેમજ દર માસના પ્રથમ રવિવારે સ્વચ્છતા અભિયાન ધારાસભ્યો, પ્રતિનિધિઓ અને એનજીઓ જોડાય તે માટે નિર્ણય કરવા કહ્યું છે. કૃષિ વિભાગ દ્વારા તમામ કચેરીઓ માં સ્વચ્છતા



અભિયાન હાથ ધરવામાં આવશે. સરકારી વિભાગો તબક્કાવાર સ્વચ્છતા અભિયાન શરૂ કરશે.

તેમજ કેબિનેટની બેઠકમાં શાળા પ્રવેશોત્સવની ચર્ચા પણ કરવામાં આવી હતી. જેમાં ૩ દિવસમાં ૩૭૨૧૧ શાળાઓને આવરી લેવામાં આવી છે. સફળતા પૂર્વક શાળા પ્રવેશોત્સવ યોજાયો હતો. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સહિત મહાનુભાવોએ પ્રવેશ કરાવ્યો હતો. તેમજ ૭ જુલાઈથી મગની ટેકાના ભાવે ખરીદી શરૂ થશે.

# ૫૭૫ કરોડનું હેરોઈન ઘૂસાડવાના કેસમાં ૧૮ પાકિસ્તાની અને ૧ અફઘાનીને ૨૦ વર્ષની કેદની સજા

## ગુજરાત એન્ટી ટેરરિસ્ટ સ્ક્વોડ દ્વારા અંદાજે રૂપિયા ૫૭૫ કરોડનું હેરોઈન જપ્ત કરવામાં આવ્યું હતું

કચ્છ,

ગુજરાતના કચ્છની દરિયાઈ સરહદનો દૂરઉપયોગ કરીને ગેરકાયદેસર રીતે કરોડો રૂપિયાના નશીલા પદાર્થોની હેરાફેરી કરવાના આંતરરાષ્ટ્રીય નેટવર્ક પર ન્યાયતંત્રએ કડક પગલા ભર્યા છે જેમાં ભુજની સ્પેશિયલ દ્રહુઁજી કોર્ટે દેશની આંતરિક સુરક્ષા અને યુવાધનને બરબાદ કરવાના આ ગંભીર ષડયંત્રમાં સામેલ ૧૯ ડ્રગ માફિયાઓને સખત સજા ફટકારી છે. સજા પામેલા ગુનેગારોમાં ૧૮ પાકિસ્તાની અને એક અફઘાની નાગરિકનો સમાવેશ થાય છે, જેમને કોર્ટે ૨૦ વર્ષની સખત કેદની સજા આપી છે. ગુજરાત એન્ટી ટેરરિસ્ટ સ્ક્વોડ (ATS) દ્વારા જુદા જુદા ત્રણ




સફળ ઓપરેશન્સ હાથ ધરીને આ અંદાજે રૂપિયા ૫૭૫ કરોડનું હેરોઈન જપ્ત કરવામાં આવ્યું હતું.

આ બધા કેસો મામલે મળતી માહિતી મુજબ, પ્રથમ ઘટના જાન્યુઆરી ૨૦૨૦ની છે. ગુજરાત છૂજીએ ૬ જાન્યુઆરી ૨૦૨૦ના રોજ ગુપ્ત માહિતીના આધારે જખૌ નજીક સમુદ્રમાં એક પાકિસ્તાની ફિશિંગ બોટને આંતરી હતી, જેમાંથી રૂપિયા ૧૭૫ કરોડની કિંમતનું હેરોઈન મળી આવ્યું હતું. આ મામલામાં પકડાયેલા ચાર પાકિસ્તાની ઘૂસણખોરો, ઈસ્માઈલ મોહમ્મદ જામ, અનીશ ઈશા ભાટી, અબુબકર હાસમ કુંગરા અને અશર્રફ ઉસ્માન ભાટીને અદાલતે ગુનેગાર ઠેરવ્યા છે. ઉલ્લેખનીય છે કે, આ કેસના પાંચમા આરોપીનું ટ્રાયલ દરમિયાન અવસાન થતાં તેની સામેની કાયદાકીય કાર્યવાહી પડતી મૂકવામાં આવી હતી.

ડ્રગ્સ હેરાફેરીનો આવો જ બીજો મોટો પ્રયાસ એપ્રિલ ૨૦૨૧માં નાકામ કરવામાંવામાં આવ્યો હતો. ૧૪ એપ્રિલ ૨૦૨૧ના રોજ એટીએસની ટીમે જખૌના દરિયાઈ વિસ્તારમાંથી રૂપિયા ૧૫૦ કરોડની બજાર કિંમત ધરાવતા ૩૦ કિલો હેરોઈન સાથે ૮ પાકિસ્તાની નાગરિકોની ધરપકડ કરી હતી. આ તમામ આરોપીઓ પાકિસ્તાનના હૈદરી બંદરથી ડ્રગ્સનો જથ્થો ભરીને ભારતમાં સપ્લાય કરવાના ઈરાદે દરિયાઈ સરહદ ઓળંગીને ઘૂસ્યા હતા.

# રાજ્યની અંદાજે ૪,૭૦૦ સરકારી પ્રાથમિક શાળાઓમાં હવે એલબીડી લેબ સ્થાપિત કરાશે

## એલબીડી લેબ દ્વારા વિદ્યાર્થીઓને ડિજિટલ માધ્યમથી અભ્યાસ કરવાની વધુ સારી તક મળશે

ગાંધીનગર,

ગુજરાતના સરકારી પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે વધુ એક મહત્વપૂર્ણ પગલું ભરવામાં આવ્યું છે. રાજ્યની અંદાજે ૪,૭૦૦ સરકારી પ્રાથમિક શાળાઓમાં હવે એલબીડી લેબ સ્થાપિત કરવામાં આવશે. આ અંગે સમગ્ર શિક્ષા અભિયાન દ્વારા તમામ જિલ્લાઓને સત્તાવાર સૂચનાઓ મોકલવામાં આવી છે. આ પહેલનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને આધુનિક અને ટેક્નોલોજી આધારિત શિક્ષણ ઉપલબ્ધ કરાવવાનો છે. એલબીડી લેબ દ્વારા વિદ્યાર્થીઓને ડિજિટલ માધ્યમથી અભ્યાસ કરવાની વધુ સારી તક મળશે, જેના કારણે શિક્ષણ વધુ રસપ્રદ અને અસરકારક બનશે.

ગુજરાતની સરકારી શાળાઓને વધુ આધુનિક બનાવવા માટે શિક્ષણ વિભાગ દ્વારા એક મોટો અને મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. સમગ્ર શિક્ષા અભિયાન હેઠળ, રાજ્યની આશરે ૪,૭૦૦ સરકારી પ્રાથમિક શાળાઓમાં એલબીડી લેબ શરૂ કરવામાં આવશે. ડિજિટલ માધ્યમો દ્વારા શિક્ષણ આપવાના હેતુથી લેવાયેલા આ નિર્ણય અંગે તમામ જિલ્લાના સત્તાધિકારીઓને સત્તાવાર રીતે જાણ કરી દેવામાં આવી છે.

યોજનાના ભાગરૂપે ટીસીઆઈએલ દ્વારા લેબની સ્થાપના, જાળવણી તેમજ શિક્ષકોને જરૂરી તાલીમ આપવામાં આવશે. જેથી શિક્ષકો પણ નવી ટેક્નોલોજીનો અસરકારક ઉપયોગ કરીને વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત શિક્ષણ આપી શકે.

# ED-CBIમાં ઓળખાણ હોવાનું કહી કરોડો રૂપિયાની છેતરપિંડી આચરનાર શખ્સની કરાઈ ધરપકડ

## ફરિયાદી પાસેથી અલગ અલગ હપ્તામાં કૂલ ૩,૧૮,૬૫,૯૦૦ વસૂલવામાં આવ્યા હતા

અમદાવાદ,

અમદાવાદમાં ED અને CBI જેવી કેન્દ્રીય એજન્સીઓમાં 'સેટિંગ' કરાવી આપવાના બહાને કરોડો રૂપિયા પડાવનાર મહાઠગ પિયુષકુમાર ઉર્ફે સુનિલ પટેલની ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ધરપકડ કરવામાં આવી છે. ઈઢ અને ઝૈંમાં મોટી ઓળખાણ હોવાનો દાવો કરી કરોડો રૂપિયાની છેતરપિંડી આચરનાર મુખ્ય આરોપીની અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે ધરપકડ કરી છે. આરોપીએ ઈઢ દ્વારા જપ્ત કરાયેલી ૧૧.૧૦ કરોડની રકમ છોડાવી આપવાની ખાતરી આપીને ફરિયાદી પાસેથી ૩.૧૮ કરોડથી વધુની રકમ મેળવી હોવાનો આરોપ છે.

અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચના પોલીસ ઈન્સ્પેક્ટર વી.બી.આલે માહિતી આપતા જણાવ્યું હતું કે, ડિસેમ્બર ૨૦૨૪માં ઈઢ દ્વારા આંગડિયા પેઢી પર દરોડા પાડીને ૧૧.૧૦ કરોડની રોકડ સહિત અન્ય સામગ્રી જપ્ત કરવામાં આવી હતી. આરોપી વિજયકુમાર ઉર્ફે મુખી અને તેના સાગરિતોએ ફરિયાદીનો સંપર્ક કરીને પોતાને ઈઢ અને ઝૈંમાં ઊંચા અધિકારીઓ સુધી સીધી ઓળખાણ હોવાનું જણાવ્યું હતું અને જપ્ત કરાયેલી રકમ છોડાવી આપવાની ખાતરી આપી હતી.

પોલીસ ઈન્સ્પેક્ટર વી.બી.આલના જણાવ્યા મુજબ, ફરિયાદી પાસેથી અલગ અલગ હપ્તામાં કૂલ ૩,૧૮,૬૫,૯૦૦ વસૂલવામાં આવ્યા હતા. જોકે, આરોપીઓએ ન તો ફરિયાદીનું કામ કરાવ્યું અને ન તો લીધેલા રૂપિયા પરત કર્યા હતા. આ સમગ્ર મામલે અમદાવાદના હ્રઝ્રમ્ પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતા હેઠળ વિશ્વાસઘાત, છેતરપિંડી અને ગુનાહિત કાવતરાની કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો. તપાસ દરમિયાન વધુ એક ચોંકાવનારી વિગતો સામે આવી હતી. આરોપીએ ફરિયાદીનો વિશ્વાસ જીતવા માટે પોતાના માણસના નામે રૂ. ૧૩.૨૦ કરોડનો નોટરાઈઝ કરાર તૈયાર કરાવ્યો હતો, જેથી ફરિયાદીને એવું લાગે કે જપ્ત કરાયેલી રકમ છોડાવવાની પ્રક્રિયા ચાલી રહી છે.

# ગુજરાતમાં યુપીએસસી પરીક્ષાની તૈયારી કરી રહેલા ઉમેદવારોને દર મહિને ૪,૦૦૦ સુધીની સહાય અપાશે

## હવે સ્પીપા અને તેના તાલીમ કેન્દ્રોમાં અભ્યાસ કરતા ઉમેદવારોને અગાઉની સરખામણીએ વધુ પ્રોત્સાહન સહાય આપવામાં આવશે

ગાંધીનગર,

ગુજરાતમાં યુપીએસસી જેવી પ્રતિષ્ઠિત સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરતા વિદ્યાર્થીઓ માટે રાજ્ય સરકારે મહત્વપૂર્ણ નિર્ણય જાહેર કર્યો છે. હવે સ્પીપા અને તેના તાલીમ કેન્દ્રોમાં અભ્યાસ કરતા ઉમેદવારોને અગાઉની સરખામણીએ વધુ પ્રોત્સાહન સહાય આપવામાં આવશે. આ નિર્ણયનો મુખ્ય હેતુ રાજ્યના વધુ યુવાનોને સિવિલ સર્વિસ પરીક્ષાઓ માટે તૈયાર કરવા અને આર્થિક રીતે વધુ મજબૂત સહયોગ પૂરો પાડવાનો છે.

નવી વ્યવસ્થા મુજબ, યુપીએસસી પ્રિલિમિનરી પરીક્ષાની તૈયારી કરી રહેલા ઉમેદવારોને દર મહિને ૪,૦૦૦ સુધીની સહાય આપવામાં આવશે, જેથી તેઓ અભ્યાસ દરમિયાન આવનારા ખર્ચને સરળતાથી સંભાળી શકે. આ ઉપરાંત પરીક્ષાના દરેક મહત્વપૂર્ણ તબક્કે અલગ-અલગ પ્રોત્સાહન રકમ નક્કી કરવામાં આવી છે. પ્રિલિમ પરીક્ષા પાસ કરનાર યુવકોને ૩૫,૦૦૦ અને યુવતીઓને ૫૦,૦૦૦ની સહાય આપવામાં આવશે. ત્યારબાદ મુખ્ય પરીક્ષા (મેઈન)માં સફળતા મેળવનાર યુવકોને ૪૫,૦૦૦ અને યુવતીઓને ૫૫,૦૦૦નું પ્રોત્સાહન મળશે.

આ સાથે અંતિમ પસંદગી બાદ પણ રાજ્ય સરકાર તરફથી ખાસ સહાય આપવામાં આવશે.

# અમદાવાદમાં લગ્નની લાલચ આપી વિધવા મહિલા સાથે દુષ્કર્મ અને લાખોની છેતરપિંડી

## મહિલા પાસેથી ઓનલાઈન અને રોકડ સ્વરૂપે કુલ ૧૯ લાખથી વધુની રોકડ તથા ૧૮ તોલા સોનાના દાગીના પડાવી છેતરપિંડી આચરી

અમદાવાદ,

અમદાવાદના નવરંગપુરા પોલીસ સ્ટેશનમાં લગ્નની લાલચ આપી વિધવા મહિલા સાથે દુષ્કર્મ અને લાખોની છેતરપિંડી આચરનાર રાહુલ પટેલ અને પિયુશ પટેલ નામના બે શખ્સો વિરુદ્ધ ગુનો નોંધાયો છે. ૩૬ વર્ષીય વિધવા મહિલાને આરોપી રાહુલે પ્રેમજાળમાં ફસાવી લગ્નની લાલચ આપી હતી અને શારીરિક સંબંધો બાંધ્યા હતા. આરોપીએ મહિલા પાસેથી ઓનલાઈન અને રોકડ સ્વરૂપે કુલ ૧૯ લાખથી વધુની રોકડ તથા ૧૮ તોલા સોનાના દાગીના પડાવી છેતરપિંડી આચરી હતી.

ભોગ બનનાર પીડિત વિધવા મહિલા જે મૂળ હૈદરાબાદની છે અને અમદાવાદમાં રહેવા આવી હતી. પોતાના પતિના અવસાન બાદ જીવનમાં એકલતા અનુભવી રહી હતી, જેનો ફાયદો આરોપી રાહુલ પટેલે ઉઠાવ્યો હતો. ફેસબુક પર ફ્રેન્ડ રિકવેસ્ટ મોકલ્યા બાદ તેણે મહિલા સાથે સતત સહાનુભૂતિપૂર્વક વાતચીત ચાલુ રાખી હતી. પોતે એક પ્રતિષ્ઠિત વ્યક્તિ છે અને મહિલાને જીવનભર સાથ આપશે તેવા ખોટા વાયદાઓ કરીને મહિલાને પ્રેમ જાળમાં ફસાવીને મહિલાનો વિશ્વાસ જીતી લીધો હતો.

અમદાવાદના નવરંગપુરા પોલીસ મથકમાં નોંધાયેલી સત્તાવાર એફ.આઈ.આર.અનુસાર, આરોપી રાહુલ પટેલે ભોગ બનનાર વિધવા મહિલાને લગ્નની લાલચ આપીને સર્વપ્રથમ મહિલાનો વિશ્વાસ સંપાદિત કર્યા બાદ, આરોપીએ તેને વિવિધ સ્થળોએ લઈ જઈને બળજબરીપૂર્વક તેમજ સંમતિ વિના અવારનવાર શારીરિક શોષણનો શિકાર બનાવી હતી. આરોપીએ નવરંગપુરા વિસ્તારમાં આવેલી 'હોટલ કદમ્બ ઈન' ખાતે મહિલાને લગ્નના નામે ભોળવીને અનેક વખત દુષ્કર્મ આચર્યું હતું.

# વજન ઘટાડવાની દવાના નામે દેશભરના લોકો સાથે કરોડો રૂપિયાની ઠગાઈ

## સુરત સાયબર પોલીસે ઓનલાઈન છેતરપિંડીના એક મોટા કથિત નેટવર્કનો પર્દાફાશ કર્યો

સુરત,

સુરતથી સાયબર ફ્રોડનો એક ચોંકાવનારો અને ચેતવણીજનક કિસ્સો સામે આવ્યો છે. વાસ્તવમાં સુરત સાયબર પોલીસે ઓનલાઈન છેતરપિંડીના એક મોટા કથિત નેટવર્કનો પર્દાફાશ કર્યો છે, જેમાં વજન ઘટાડવાની દવાના નામે દેશભરના લોકો સાથે કરોડો રૂપિયાની ઠગાઈ કરવામાં આવતી હોવાનો આરોપ છે. પ્રાથમિક તપાસ મુજબ આ કેસમાં અંદાજે ૧.૭૭ કરોડની છેતરપિંડીનો મુદ્દો સામે આવ્યો છે, જ્યારે લાંબા સમયથી ચાલતી પ્રવૃત્તિઓને ધ્યાનમાં લેતા વધુ મોટી રકમના વ્યવહારની પણ તપાસ થઈ રહી છે.

મહત્વનું છે કે, તપાસમાં સામે આવ્યું છે કે આરોપીઓ કથિત રીતે ક્યુરેસ્ટ સાયન્સ એન્ડ વેલનેસ કંપનીના નામે લોકોને વિશ્વાસમાં લઈ છેતરપિંડી કરતા હતા. દેશભરમાં ખાસ કરીને મહિલાઓને નિશાન બનાવી ફેક વેબસાઈટ અને આકર્ષક જાહેરાતો દ્વારા પોતાની જાળમાં ફસાવવામાં આવતી હતી. ગુરુગ્રામમાં ૧૦૦થી ૧૫૦ ટેલીકોલર્સ સાથે કોલ સેન્ટર ચલાવવામાં આવતું હોવાનું સામે આવ્યું છે, જ્યાંથી મહિલાઓને લોભામણી વાતો કરીને દવા ખરીદવા પ્રેરિત કરવામાં આવતી હતી. તપાસ મુજબ આરોપીઓ અલગ-અલગ નામ અને ઓળખ અપનાવીને ફ્રોડ કરતા હતા. આરોપી મોહમ્મદ હુસૈન કુરિયર બોય બનીને રકમ ઉઘરાવતો હતો, જ્યારે આરોપી હેના 'તન્વી શર્મા' બનીને ફોન પર લોકોને વિશ્વાસમાં લેતી હતી. આરોપી નિશા 'પ્રિયા ગુપ્તા'ના નામે દવાના વેચાણ દ્વારા કરોડો રૂપિયા વસૂલતી હતી અને આરોપી ઓમ પ્રકાશ દિલ્હીથી દવાના પાર્સલ પહોંચાડી રોકડ વસૂલતો હતો.

તપાસ દરમિયાન પોલીસને સમગ્ર ગોઠવણ પાછળ મોટા નેટવર્કની સંડોવણી હોવાની આશંકા છે. હાલ ફરાર આરોપી અને કંપનીના ડિરેક્ટર તરીકે સામે આવેલા અમિત તથા પંકજ શર્માની શોધખોળ શરૂ કરવામાં આવી છે. ઉપરાંત મેનેજર દીપક સમગ્ર રેકેટનું સંચાલન કરતો હોવાનો આરોપ છે. આરોપી અસરલાન પણ કથિત રીતે 'ડૉ. એમ.કે. ખન્ના' અને 'ડૉ. આકાશ મલ્હોત્રા' બનીને લોકો સાથે વાતચીત કરીને વિશ્વાસ જીતતો હતો.

# સ્વચ્છતાને સૌનો સહિયારો સંકલ્પ અને સમાજનો સહજ સ્વભાવ બનાવવા મુખ્યમંત્રીનું આહવાન

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે 'નમો સ્વચ્છતા અભિયાન' અને 'અમૃતપાન અભિયાન'નો રાજ્યવ્યાપી પ્રારંભ કરાવ્યો

ગાંધીનગર,

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે 'નમો સ્વચ્છતા અભિયાન' અને 'અમૃતપાન અભિયાન'નો રાજ્યવ્યાપી પ્રારંભ ગાંધીનગરથી કરાવતા સ્વચ્છતાને સૌનો સહિયારો સંકલ્પ અને જનજનનો સહજ સ્વભાવ બનાવવાનું આહવાન કર્યું હતુ.

સ્વચ્છતા માત્ર એક સપ્તાહ પૂરતી મર્યાદિત પ્રવૃત્તિ નહીં, પરંતુ દરેક વ્યક્તિના સ્વભાવ અને દૈનિક જીવનનો અભિન્ન ભાગ બનવી જોઈએ એમ તેમણે ઉમેર્યુ હતું.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, "પહેલું સુખ તે જાતે નર્યા" અને "પ્રિવેન્શન ઈઝ બેટર ધેન ક્યોર"નો સંદેશ જીવનમાં ઉતારવાની જરૂર છે. સ્વચ્છતા અને સ્વાસ્થ્ય એકબીજા સાથે રીતે જોડાયેલા હોવાનું કહીને તેમણે ગંદકી ન ફેલાવવા અને જાહેર સ્થળોને સ્વચ્છ રાખવાની સામૂહિક જવાબદારી નિભાવવા પ્રેરણા આપી હતી.

તેમણે જણાવ્યું હતું કે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ સ્વચ્છ ભારત અભિયાન, હર ઘર જલ, ઉજ્જ્વલા યોજના, આયુષ્યમાન ભારત સહિતની અનેક પહેલોથી દેશના નાગરિકોના આરોગ્ય અને જીવનની ગુણવત્તા સુધારવા સાથે સ્વચ્છતા – સ્વસ્થતા માટે અસરકારક પ્રયાસો કર્યા છે. છેવાડાના માનવી સુધી ગુણવત્તાયુક્ત આરોગ્ય સેવાઓ પહોંચાડવા માટે સરકાર સતત પ્રયત્નશીલ હોવાનું પણ મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યુ હતું.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, આ 'નમો સ્વચ્છતા અભિયાન' અંતર્ગત તા.૧થી ૭ જૂલાઈ સાત દિવસો દરમિયાન હોસ્પિટલો અને આરોગ્ય સંસ્થાઓમાં જૂનું ફર્નિચર, આઉટડેટેડ મેડિકલ સાધનો તેમજ બિનજરૂરી દસ્તાવેજોનો યોગ્ય નિકાલ કરીને સમગ્ર પરિસરને સ્વચ્છ બનાવવાની કામગીરી હાથ ધરવામાં આવશે. આ અભિયાન માત્ર સાપ્તાહિક અભિયાન નહિ પરંતુ રોજિંદી સ્વચ્છતાનું અભિયાન બને તે માટેની જવાબદારી નિભાવવા તેમણે દ્રષ્ટાંતો સહિત જણાવ્યું હતું..

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, અમૃતપાન અભિયાન બાળક અને માતાના સ્વાસ્થ્ય માટે ખૂબ જ મહત્વનું છે. બાળકને જન્મથી જ યોગ્ય પોષણ અને સુરક્ષા મળે તે માટે વ્યાપક જનજાગૃતિ લાવવીએ સમયની માંગ છે. સ્વસ્થ બાળક જ સ્વસ્થ સમાજ અને વિકસિત રાષ્ટ્રનો પાયો બની શકે છે તેમ તેમણે જણાવ્યું હતું.

સૌરાષ્ટ્ર આસપાસ

# જેતપુર સિવિલ હોસ્પિટલના પ્રશ્ને યુવક કોંગ્રેસ લાલઘૂમ:૩૦ દિવસમાં કામ શરૂ નહીં થાય તો ભૂખહડતાલની ચીમકી



રાજકોટ:જેતપુર શહેર અને તાલુકાના હજારો ગરીબ અને મધ્યમવર્ગીય દર્દીઓ માટે આશીર્વાદરૂપ ગણાતી સરકારી સિવિલ હોસ્પિટલ તંત્રની ઘોર ઉદાસીનતાનો ભોગ બની છે. કરોડો રૂપિયાના ખર્ચે નવી બિલ્ડિંગ મંજૂર થયાને પાંચ વર્ષ વીતવા આવ્યા હોવા છતાં હજુ સુધી જૂની બિલ્ડિંગ તોડવાનું (ડિમોલિશન) કામ પણ શરૂ ન થતાં સ્થાનિક જનતામાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. આ ગંભીર મુદ્દે રાજકોટ જિલ્લા યુવક કોંગ્રેસના મહામંત્રી અનીકેત બાવીસા દ્વારા જેતપુર મામલતદારને એક ઉગ્ર આવેદનપત્ર પાઠવી આગામી દિવસોમાં આંદોલનની ચીમકી ઉચ્ચારવામાં આવી છે.

આવેદનપત્રમાં જણાવ્યા અનુસાર, વર્ષ ૨૦૨૨-૨૩માં જેતપુર સિવિલ હોસ્પિટલની નવી અદ્યતન બિલ્ડિંગ કરોડોના ખર્ચે મંજૂર કરવામાં આવી હતી. આશ્ચર્યની વાત એ છે કે બાજુમાં આવેલા ઉપલેટામાં સિવિલ હોસ્પિટલનું કામ પૂર્ણ થવાના આરે છે, જ્યારે જેતપુરમાં હજુ એક ઈંટ પણ હલાવવામાં આવી નથી. પી.આઈ.યુ. શાખાના જવાબદાર અધિકારીઓ સિવિલ હોસ્પિટલના કામ પ્રત્યે સદંતર નિષ્ઠાહીન હોય અને પ્રજાના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરી રહ્યા હોય તેવો આક્ષેપ પણ કોંગ્રેસ દ્વારા કરવામાં આવ્યો છે. અગાઉ તંત્ર દ્વારા વહેલામાં વહેલી તકે કામ શરૂ કરવાનું માત્ર આશ્વાસન જ આપવામાં આવ્યું હતું.

ઉદ્યોગનગરી જેતપુરની સિવિલ હોસ્પિટલમાં સુવિધાઓ તો દૂર, પૂરતો સ્ટાફ પણ ઉપલબ્ધ નથી. આવેદનમાં દર્શાવ્યા મુજબ, હોસ્પિટલમાં હાલમાં (૧) મેડિકલ ઓફિસરની ૩ જગ્યાઓ, (૨) ગાયનેકોલોજિસ્ટ, (૩) ફિઝિશિયન અને (૪) એન.સી.ડી. મેડિકલ ઓફિસરની મહત્વની જગ્યાઓ લાંબા સમયથી ખાલી પડી છે. આ ઉપરાંત સોનોગ્રાફીના ડોક્ટર ન હોવાથી ગર્ભવતી મહિલાઓ અને ગરીબ દર્દીઓને ખાનગી લેબોરેટરીના મોંઘા ખર્ચા વેઠવા પડે છે. ઓર્ડર થઈ ગયા હોવા છતાં સ્થાનિક ડોક્ટરો શા માટે હાજર થતા નથી તેવા સવાલો પણ ઉઠાવવામાં આવ્યા છે.

હોસ્પિટલના ઓ.પી.ડી.વિભાગમાં દર્દીઓ માટે ઊભા રહેવાની પણ જગ્યા નથી બચી. વાહનોના આડેધડ પાર્કિંગને કારણે કટોકટીના સમયે એમ્બ્યુલન્સની અવરજવરમાં ભારે અડચણ ઊભી થાય છે. કોંગ્રેસ દ્વારા તાત્કાલિક ધોરણે ગેટ પાસે અલગ યુનિટ ઊભું કરી ઓ.પી.ડી. બહાર ચાલુ કરવા, સિક્યુરિટી ગાર્ડની સંખ્યા વધારવા અને વિવિધ સંસ્થાઓની એમ્બ્યુલન્સને પાર્કિંગની યોગ્ય વ્યવસ્થા આપવા માગ કરવામાં આવી છે.

યુવક કોંગ્રેસે આવેદનપત્રના અંતે સરકારને ખુલ્લી ચેતવણી આપતા જણાવ્યું છે કે, જો આગામી ૩૦ દિવસના સમયગાળામાં સિવિલ હોસ્પિટલના પ્રશ્નોનો યોગ્ય નિકાલ કે જવાબ આપવામાં નહીં આવે, તો યુવક કોંગ્રેસના કાર્યકરો કચેરી સામે જ 'ભૂખહડતાલ' પર બેસશે. આ લડત દરમિયાન જો કોઈ અનિચ્છનીય બનાવ બનશે તો તેની સંપૂર્ણ જવાબદારી સ્થાનિક ધારાસભ્ય જયેશ રાદડિયા તેમજ પોરબંદર મતવિસ્તારના સાંસદ મનસુખ માંડવિયાની રહેશે. આ અંગેની નકલ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને આરોગ્ય મંત્રી પ્રફુલ પાનસેરીયાને પણ રવાના કરવામાં આવી છે.

# નામ વગરની ઓરડીમાંથી ૫૦૦ કિલો શંકાસ્પદ પનીરનો જથ્થો ઝડપાયો

## ૧૦ હજારનો દંડ કરીને સીલ મરાયા : ફૂડ લાયસન્સ તો ઠીક, સરનામુ પણ લખ્યું ન હતું!





રાજકોટ:રાજકોટ મહાનગરમાં ખાણીપીણી, દુધ, ઘી, પનીર, મસાલા સહિતની ખાદ્ય વસ્તુમાં મોટી ભેળસેળ રોકવા મોટુ અભિયાન મહાપાલિકાની ફૂડ અને આરોગ્ય શાખા ચલાવી રહી છે. ગઇકાલે અર્ધો ડઝન જેટલી દુકાનો અને ડેરીઓ સીલ કરવામાં આવ્યા બાદ આજે મોરબી રોડ પર પુલ નજીક કાચી ઓરડીમાં ચાલતું શંકાસ્પદ પનીરનો કારોબાર પકડાયો હતો.

અહીંથી ૫૦૦ કિલો પનીરનો જથ્થો મળી આવતા તે સીઝ કરીને જગ્યાને સીલ કરી દેવામાં આવી છે. અહીં વેંચાતુ એનેલોગ પનીર (માન્ય) શુધ્ધ પનીરના નામે વેચાતુ હોવાથી આ કાર્યવાહી કરવામાં આવી હતી. અહીંથી સેન્ડવીચ પાર્લર, પીત્ઝાની લારીઓ સહિતની ખાણીપીણીની જગ્યામાં પનીર વેંચાણ કરીને પહોંચાડવામાં આવતું હોવાનું બહાર આવ્યાનું નાયબ આરોગ્ય અધિકારી ડો. હાર્દિક મેતાએ જણાવ્યું હતું.

આજે સવારે ફૂડ શાખાએ મોરબી રોડ પુલ નજીક સેટેલાઇટ ચોક પાસે આશુતોષ માર્બલની બાજુમાં આવેલી ઓરડી જેવી જગ્યામાં દરોડો પાડયો હતો. પ્રકાશ પ્રવીણભાઇ હરસોડા નામના ધંધાર્થી અહીં કાચી ઓરડીમાં પનીરનું વેચાણ કરતા હતા. બાતમીના આધારે ચકાસણી કરવામાં આવતા અહીંથી શંકાસ્પદ લુઝ પનીરનો ૫૦૦ કિલો જથ્થો મળી આવ્યો હતો. આ તમામ જથ્થો સીઝ કરીને સેમ્પલ મેળવીને પરીક્ષણ માટે લેબોરેટરીમાં મોકલવામાં આવેલ છે. આ એનેલોગ પ્રકારનું પનીર હોવાનું દેખાયું હતું.

આ જગ્યાએ પનીરના ધંધા માટે ફૂડ લાયસન્સ તો નથી, પરંતુ પેઢી ઉપર કોઇ નામ પણ ન હતું તે અધિકારીઓના ધ્યાન પર આવતા અહીંથી બારોબાર પણ મોટા પાયે લુઝ પનીરનું વેંચાણ કઇ રીતે થતું હશે તે વિચારવા જેવી બાબત લાગતી હતી. મોરબી રોડ આસપાસની ખાણીપીણી બજારોમાં આવો માલ જતો હતો. શુધ્ધના નામે એનેલોગ પનીર વેંચાણ કરીને એક રીતે કાયદાનો ભંગ અને ગ્રાહકોને અંધારામાં રાખવામાં આવતા હોવાની પ્રવૃતિ થતી હતી.

# રાજકોટ જિલ્લા જમીન દફતર નિરીક્ષકની કચેરીનું તાલુકા કક્ષાએ વિકેન્દ્રીકરણ

## ૧૬ કચેરીઓના વડા અને સ્થળ નિયત કરાયા, રી-સર્વે સુધારણા, જમીન માપણી અને પ્રોપર્ટી કાર્ડ સહિતની કામગીરી હવે તાલુકાસ્તરે થઈ શકશે

રાજકોટ:ગુજરાત સરકાર દ્વારા વહીવટી તંત્રને વધુ સુદ્રઢ બનાવવા તેમજ તાલુકાની ભૌગોલિક પરિસ્થિતિ અને સ્થાનિક કક્ષાએ ઉદ્ભવતા પ્રશ્નોનું આયોજનબદ્ધ રીતે ઝડપી નિરાકરણ લાવવા માટે મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. જમીન દફતર ખાતાની કામગીરી માટે લોકોને હવે જિલ્લાકક્ષાએ જવાના બદલે તેમના રહેઠાણની નજીક તાલુકાકક્ષાએ જ સેવા મળી શકે, તે હેતુથી જિલ્લા જમીન દફતર નિરીક્ષક, વર્ગ-૨ હેઠળની તમામ જગ્યાઓનું વિકેન્દ્રીકરણ કરીને તાલુકાકક્ષાએ 'જમીન દફતર નિરીક્ષક, વર્ગ-૨'ની કચેરીઓ શરૂ કરવામાં આવી છે.

ગુજરાતના સેટલમેન્ટ કમિશનર અને જમીન દફતર નિયામકના હુકમથી રાજકોટ જિલ્લા માટે જમીન દફતર નિરીક્ષક, વર્ગ-૨ની કચેરીના વડા અને સ્થળ નક્કી કરાયા છે. હવેથી જમીન દફતર ખાતાની રી-સર્વે સુધારણાને લગતી કામગીરી, જમીન માપણી, હક્ક ચોકસી, પ્રોપર્ટી કાર્ડ મેળવવા કે તેમાં ફેરફાર નોંધને લગતી તમામ કામગીરી તેમજ સ્વામિત્વ યોજના અને એકત્રીકરણ યોજનાને લગતી તમામ કામગીરી આ તાલુકા કચેરીઓથી કરવામાં આવશે.

રાજકોટ જિલ્લામાં નિયત કરાયેલી જમીન દફતર નિરીક્ષકની કચેરીના સરનામાની વિગત જોઈએ તો:

૧. રાજકોટ શહેર (પૂર્વ): બીજો માળ, સર્વે ભવન, રૂડા બિલ્ડીગની બાજુમાં, જામનગર રોડ, રાજકોટ.૨. રાજકોટ શહેર (પશ્ચિમ): પ્રથમ માળ, મામલતદાર રાજકોટ શહેર (પશ્ચિમ) કચેરી કેમ્પસ, આત્મિય કોલેજ સામે, કાલાવડ રોડ, રાજકોટ.૩. રાજકોટ શહેર (દક્ષિણ): ગ્રાઉન્ડ ફ્લોર, મામલતદાર રાજકોટ શહેર (દક્ષિણ) કચેરી કમ્પાઉન્ડ, પી. ડી. માલવીયા કોલેજ પાસે, ગોંડલ રોડ, રાજકોટ.૪. કોટડાસાંગાણી: તાલુકા પંચાયત કચેરી કમ્પાઉન્ડ, કોટડા સાંગાણી.૫. રાજકોટ (ગ્રામ્ય): પહેલો માળ, સર્વે ભવન, રૂડા બિલ્ડીગની બાજુમાં, જામનગર રોડ, રાજકોટ.૬. લોધિકા: તાલુકા પંચાયત કચેરી કમ્પાઉન્ડ, લોધિકા.૭. પડધરી: જૂની તાલુકા પંચાયત કચેરી સામે, સ્ટાફ ક્વાર્ટરની બાજુમાં, પડધરી.૮. જસદણ: પ્રથમ માળ, તાલુકા સેવા સદન, જસદણ.૯. વિંછીયા: તાલુકા સેવા સદન, વિંછીયા.૧૦. ગોંડલ (શહેર): પહેલો માળ, તાલુકા સેવા સદન, ૨૧ સ્ટેશન પ્લોટ, ગોંડલ.૧૧. ગોંડલ (ગ્રામ્ય): બીજો માળ, તાલુકા સેવા સદન, ૨૧ સ્ટેશન પ્લોટ, ગોંડલ.૧૨. જેતપુર (શહેર): બીજો માળ, તાલુકા સેવા સદન, જૂનાગઢ રોડ, જેતપુર.૧૩. જેતપુર (ગ્રામ્ય): ત્રીજો માળ, તાલુકા સેવા સદન, જૂનાગઢ રોડ, જેતપુર.૧૪. ધોરાજી: બીજો માળ, મહેસૂલ સેવા સદન, ગેલેક્સી ચોક, ધોરાજી.૧૫. ઉપલેટા: રાણીંગા હુન્નર શાળા, સરદાર પટેલ રોડ, જીનમીલ ચોક પાસે, ઉપલેટા.૧૬. જામકંડોરણા: જૂનું કોર્ટ બિલ્ડીગ કમ્પાઉન્ડ, કાલાવડ રોડ, જામકંડોરણા.

આ તમામ કચેરીઓ તા. ૦૧ જુલાઈ, ૨૦૨૬થી કાર્યરત થઈ ગઈ છે. જમીન દફતરની તમામ પ્રકારની કામગીરી માટે અરજદારોએ જે-તે તાલુકાના નિયત કરેલા સ્થળે પોતાના દસ્તાવેજો અને અરજીઓ રજૂ કરવાની રહેશે, તેમ નાયબ નિયામક જમીન દફતર, રાજકોટ કચેરીની યાદીમાં જણાવાયું છે.

## પાણી, રોડ - રસ્તા, સહિતની પાયાની સુવિધા વર્ષો પછી પણ નહીં મળતા

# પીપળીયા પાળનાં ગ્રામજનો દ્વારા કલેકટર કચેરી પર હલ્લાબોલ : ધરણા આંદોલનની ચિમકી



રાજકોટ:

લોધીકા તાલુકાના પીપળીયા (પાળ) ગામ વિસ્તારમાં વસવાટ કરતા હજારો રહીશોને વર્ષો પછી પણ મળવાપાત્ર પાયાની સુવિધા હજુ મળી શકી ન હોય આ વિસ્તારના રહીશો ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે.

પીવાના પાણી, રોડ-રસ્તા, સફાઈ, સ્ટ્રીટલાઈટ, બાળકોના શિક્ષણ માટે આંગણવાડી, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર સહિતની પ્રાથમિક સુવિધાઓ ૧૫ વર્ષ પછી પણ હજુ તંત્રવાહકો દ્વારા પુરી પાડવામાં આવી ન હોય આ વિસ્તારની આદર્શ રેસીડેન્સી, આનંદ રેસીડેન્સી, અવધ રેસીડેન્સી, ખોડલ રેસીડેન્સી, આદર્શ વિહાર સોસાયટી તેમજ અવધ સોસાયટીના ૧૦૦૦થી વધુ સ્ત્રી-પુરૂષોએ બાળકો સાથે વિરાટ રેલી કાઢી કલેકટર કચેરી ખાતે ઉમટી પડી હલ્લાબોલ કર્યો હતો અને આ મામલે અધિક કલેકટરને આવેદનપત્ર સુપ્રત કરી ઉગ્ર રજુઆત કરી હતી.

આ અંગે મહાગુજરાત એસસી-એસટી મહાસભાના પ્રમુખ કાળુભાઈ મોઢવાડીયા, રાષ્ટ્રીય અધ્યક્ષ નંદરાજ બોધ તથા ગીરીશ પરમારે જણાવ્યું હતું કે આ વિસ્તારમાં નાગરીકો ૧૫ વર્ષ કરતા પણ વધુ સમયથી વસવાટ કરી રહ્યા છે.

તેઓને પીવાનું શુધ્ધ પાણી, પાકા રસ્તા, સફાઈ, વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા, સ્ટ્રીટલાઈટ, આંગણવાડી, આરોગ્ય કેન્દ્ર સ્મશાન ભૂમિ સહિતની આ મૂળભુત નાગરીક સુવિધાઓ આપવા માટે અગાઉ લોધીકા મામલતદાર સહિત તંત્રવાહકોને અનેક વખત રજૂઆત કરવામાં આવેલ પરંતુ હજુ સુધી કોઈપણ જાતના પગલા તંત્રવાહકો દ્વારા લેવામાં આવેલ નથી.

ભારતના બંધારણની ભાવના અનુસાર દરેક નાગરીકને સમાનતા, જીવન, અને ગૌરવ પૂર્ણ જીવનનો અધિકાર પ્રાપ્ત થયો છે. સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ અને વહીવટી તંત્રની ફરજ છે કે દરેક નાગરીકને મૂળભૂત સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવે પરંતુ આ વિસ્તાર તરફ તંત્રવાહકો દ્વારા દુર્લક્ષ સેવાતુ હોય આ વિસ્તારના હજુ સુધી પાયાની સુવિધાઓ મળી શકી નથી.

આ વિસ્તારની ઉપરોકત પાંચેય સોસાયટીઓના આંતરીક અને મુખ્ય રસ્તાઓને પાકા બનાવવામાં આવે, કચરા ગંદકીના નિકાલની કાયમી વ્યવસ્થા કરવામાં આવે, મુખ્ય માર્ગો અને જાહેર સ્થળો પર સ્ટ્રીટ લાઈટ લગાવવામાં આવે બાળકના શિક્ષણ માટે આંગણવાડી કેન્દ્ર અને આરોગ્ય કેન્દ્ર ઉપલબ્ધ કરાવવામાં આવે, અને સ્મશાન ભૂમિ માટે તત્કાલ જમીન ફાળવવામાં આવે તે અતિ આવશ્યક છે જો આ બાબતે તત્કાલ પગલા નહીં લેવાય તો ધરણા-આંદોલન કરવામાં આવશે તેવી ચેતવણી આપવામાં આવેલ છે.

# રેલવે સેફ્ટીના અપગ્રેડેશનની દિશામાં કાનાલુસ યાર્ડમાં ફોર્સ્ડ ટ્રેક લેઆઉટનું સફળતાપૂર્વક નિરાકરણ

## કાનાલુસ-પોરબંદર રેલવે સેક્શન પર પોઈન્ટ નંબર ૧૧૨ના ટેકનિકલ સુધારાથી ટ્રેનોની અવરજવર વધુ સુચારુ અને સક્ષમ બનશે




રાજકોટ:પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝને રેલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને વધુ મજબૂત બનાવવાની દિશામાં એક મહત્વપૂર્ણ ઉપલબ્ધિ હાંસલ કરતા, કાનાલુસ સ્ટેશનના પોરબંદર છેડા પર સ્થિત પોઈન્ટ નંબર ૧૧૨ ના ફોર્સ્ડ ટ્રેક લેઆઉટનું સફળતાપૂર્વક નિરાકરણ કર્યું છે. આ સુધારાથી સંબંધિત રેલ સેક્શન પર ટ્રેનોના સંચાલનમાં વધુ સ્થિરતા અને ઓપરેશનલ કાર્યક્ષમતા સુનિશ્ચિત થશે.

રાજકોટ ડિવિઝનના વરિષ્ઠ ડિવિઝન વાણિજ્ય પ્રબંધક શ્રી સુનીલ કુમાર મીનાના જણાવ્યા અનુસાર, આ કામગીરી અંતર્ગત પોઈન્ટ નંબર ૧૧૨ ને ટી-૨૮ ટ્રેક મશીનની મદદથી ૧૮.૮૨ મીટર રાજકોટ દિશા તરફ સ્થાનાંતરિત કરવામાં આવ્યો છે. તેના પરિણામે ફોર્સ્ડ ટ્રેક લેઆઉટ સંપૂર્ણપણે નાબૂદ થઈ ગયું છે અને ટ્રેક જીઓમેટ્રી (ટ્રેકની ગોઠવણી) માં નોંધપાત્ર સુધારો થયો છે.

કામગીરી શરૂ કરતા પહેલા ઘટનાસ્થળની પરિસ્થિતિઓનો વિગતવાર સર્વે અને ટેકનિકલ વિશ્લેષણ કરીને યોગ્ય યોજના તૈયાર કરવામાં આવી હતી. ત્યારબાદ એન્જિનિયરિંગ વિભાગની ટીમે નિર્ધારિત ધોરણો અનુસાર આ કામગીરી સફળતાપૂર્વક પૂર્ણ કરી હતી. મિકેનિકલ સાધનો અને મશીનોના ઉપયોગથી કામગીરીમાં ઉચ્ચ સ્તરની ચોકસાઈ અને ગુણવત્તા સુનિશ્ચિત કરવામાં આવી હતી, જ્યારે રેલ ટ્રાફિક પર તેની ન્યૂનતમ અસર પડી હતી.

આ ઈન્ફ્રાસ્ટ્રક્ચરલ સુધારાથી ટ્રેનોની ગતિ અને સંચાલનમાં વધુ સમાનતા આવશે, ટ્રેકની જાળવણી (મેઈન્ટેનન્સ) ની જરૂરિયાતમાં ઘટાડો થશે અને ઓપરેશનની વિશ્વસનીયતામાં વધારો થશે. આ સાથે, આ સુધારો ભવિષ્યની ટ્રાફિક જરૂરિયાતોને અનુરૂપ વધુ સક્ષમ રેલ સંચાલનમાં પણ મદદરૂપ સાબિત થશે.

આ પ્રસંગે રાજકોટ ડિવિઝનના ડિવિઝનલ રેલવે મેનેજર (ઇંચાર્જ) શ્રી ગિરિરાજ કુમાર મીનાએ જણાવ્યું હતું કે, "રાજકોટ ડિવિઝનમાં રેલવે સેફ્ટી એ સર્વોચ્ચ પ્રાથમિકતા છે. અમે ટેક્નોલોજી આધારિત ઉકેલો અને સુનિયોજિત જાળવણી કાર્યો દ્વારા અમારા ઈન્ફ્રાસ્ટ્રક્ચરને સતત મજબૂત બનાવી રહ્યા છીએ. કાનાલુસ યાર્ડમાં કરવામાં આવેલો આ સુધારો માત્ર ઓપરેશનલ કાર્યક્ષમતામાં જ વધારો નહીં કરે, પરંતુ ભવિષ્યમાં વધુ સલામત અને અવરોધ વિનાનું રેલ સંચાલન સુનિશ્ચિત કરવામાં પણ મહત્વની ભૂમિકા ભજવશે."

# જેતપુરના દેવકી ગાલોલ ગામે પ્રથમ વરસાદે જ તંત્રની પ્રી-મોન્સૂન કામગીરીના ધજાગરા ઉડાડ્યા

## ગાલોરીયા નદી પરનું કામચલાઉ ડ્રાઈવર્ઝન ધોવાતાં જેતપુર-બગસરા રોડ પર વાહનવ્યવહાર ઠપ્પ



રાજકોટ:રાજકોટ જિલ્લાના જેતપુર સહિત સમગ્ર ગ્રામ્ય પંથકમાં મેઘરાજાએ ધમાકેદાર એન્ટ્રી કરી છે. લાંબા સમયના અસહ્ય ઉકળાટ અને બફારા બાદ પંથકમાં સાર્વત્રિક વરસાદ નોંધાયો છે, જેના કારણે સ્થાનિકો અને ધરતીપુત્રોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. જોકે, આ પ્રથમ વરસાદે જ પ્રશાસનની પ્રી-મોન્સૂન કામગીરીની પોલ ખોલી નાખી છે. જેતપુર તાલુકાના છેવાડાના દેવકી ગાલોલ ગામે અંદાજે ૩ ઈંચ જેટલો ભારે વરસાદ ખાબકતા ગાલોરીયા નદીમાં પૂરની સ્થિતિ સર્જાઈ હતી, જેના કારણે નદી પર બનાવાયેલું કામચલાઉ ડ્રાઈવર્ઝન પાણીના પ્રચંડ પ્રવાહમાં ધોવાઈ ગયું છે. ડ્રાઈવર્ઝન ધોવાઈ જવાના કારણે જેતપુર-બગસરા માર્ગ સંપૂર્ણપણે બંધ થઈ ગયો છે અને વાહનવ્યવહાર ઠપ્પ થતાં રસ્તાની બંને બાજુએ વાહનોની લાંબી કતારો લાગી ગઈ છે.

સ્થાનિક લોકો અને વેપારીઓના જણાવ્યા અનુસાર, ગાલોરીયા નદી પર નવા પુલનું નિર્માણ કાર્ય છેલ્લા દોઢ વર્ષથી અત્યંત ગોકળગતિએ ચાલી રહ્યું છે. તંત્રની આ ઘોર બેદરકારીના કારણે ગત ચોમાસામાં પણ સ્થાનિકોએ ભારે હાલાકી ભોગવવી પડી હતી. ચાલુ વર્ષે ચોમાસું શરૂ થવા છતાં કામ પૂર્ણ ન થતાં વાહનવ્યવહાર માટે કામચલાઉ ડ્રાઈવર્ઝન આપવામાં આવ્યું હતું, જે સીઝનના પહેલા જ વરસાદમાં ધરાશાયી થઈ ગયું છે.

દેવકી ગાલોલ અને ઉપરવાસમાં પડેલા માત્ર ૩ ઈંચ વરસાદમાં જ જો આવી ગંભીર સ્થિતિ સર્જાતી હોય, તો આગામી દિવસોમાં ભારે વરસાદ દરમિયાન કેવી પરિસ્થિતિ ઉભી થશે તેને લઈને ગ્રામજનોમાં ચિંતા વ્યાપી ગઈ છે. હાલમાં વાહનચાલકો અને મુસાફરો કલાકોથી રસ્તા વચ્ચે અટવાયા છે. ગ્રામજનોએ રોષે ભરાઈને માંગ કરી છે કે તંત્ર દ્વારા યુદ્ધના ધોરણે આ કામગીરી હાથ ધરવામાં આવે અને પુલનું નિર્માણ વહેલી તકે પૂર્ણ કરી કાયમી ઉકેલ લાવવામાં આવે.

# રાજકોટ - દિલ્હીની ફ્લાઈટ કેન્સલ થતાં યાત્રિકો રઝળી પડ્યા

રાજકોટ:તા.૩૦મીના મંગળવારના રાત્રે ૮ વાગ્યે ઉપડતી રાજકોટ દિલ્હીની એર ઇન્ડિયાની ફ્લાઇટ ૧-૩૦ કલાક પછી કેન્સલ થઇ તેમની અહીંની ખરાબ સર્વિસના કારણે મુસાફરો હેરાન પરેશાન થઇ ગયા હતા. આ ફ્લાઇટમાં ૭૦થી વધુ યાત્રિકો હતા.

ગઈ કાલે તા.૩૦/૬ના વાત જાણે એમ છે કે,આ ફ્લાઇટના નિર્ધારિત સમયથી લગભગ ૪૫ મિનિટ પછી ફ્લાઈટમાં બોર્ડિંગ શરૂ કર્યું. બોર્ડિંગ પૂરું થઈ ગયા પછી લગભગ ૪૦ મિનિટ સુધી ફ્લાઈટમાં મુસાફરો ને બેસાડી રાખ્યા. પછી જાહેર કર્યું કે, થોડી ટેક્નિકલ ખામીને હિસાબે ફ્લાઇટ મોડી કરીએ છીએ. તેનું કામ ચાલે છે.

પૂરું થઈ ગયે મુસાફરી સ્ટાર્ટ કરીશું. બાદમાં તેવું ફરી વાર રીપીટ કરેલું. થોડી વાર પછી જણાવ્યું કે, આ ફ્લાઈટ આગળ જઈ શકે તેમ નથી, બીજી ફ્લાઈટ આવી રહી છે તે આવ્યે તેમાં મુસાફરી કરવાની રહેશે. ત્યાં સુધી ફ્લાઈટમાં રહેશો. ફ્લાઈટમાં દ્રીંક્સ પીરસવાની શરૂઆત કરીએ છીએ. જેઓને દ્રીંક્સ ના કરવું હોય અને જેમણે બહાર રાહ જોવી હોય તો ત્યાં જઈ શકે છે. થોડી વારમાં ફરી જાહેરાત થઇ કે કર્યું કે આ ફ્લાઈટ કેન્સલ કરવામાં આવે છે.

૭૦ થી વધારે પેસેન્જર એક દરવાજામાંથી બહાર આવ્યા. બધા વચ્ચે એક જ મેડમ ગાઈડ કરતા હતા. તેની ચારે બાજુ નાના મોટા ઉંમરના મુસાફરો.તે એકલા તેઓ બીજા સ્ટાફ ને મદદમાં આવવા માટે ફોન કરતા હતા. પણ ૧ કલાક સુધી કોઈ આવ્યું નહી. ૧ કલાક પછી બીજો એક સ્ટાફ મોકલ્યો પણ તેની પાસે કોઈ સત્તા નહતી.જે લોકો ને ટિકિટ ટ્રાન્સફર કરવાની હતી, રિફંડ ની પ્રોસેસ કરવાની હતી, ઈન્ટરનેશનલ ટ્રાન્સીટ કરવાની, કનેક્ટીગ ફ્લાઈટ ની વ્યવસ્થા કરવા માટે, હોટલ માટે સ્ટે ની પ્રોસેસ કરવાની હોય .આ બધી પ્રક્રિયા માટે એક જ મેડમ હતા.

# જંગલેશ્વર ડિમોલીશન માટે ટેન્ડર વગર રજૂ કરાયેલા ૨૭.૨૦ લાખના ફૂડ બીલ નામંજૂર

રાજકોટ:ગત ફેબ્રુઆરી મહિનામાં વોર્ડ નં.૧૬ના જંગલેશ્વર વિસ્તારમાં ૧૫ મીટરના ટીપી રોડ અને નદી પટ્ટમાં દોઢ હજાર જેટલા ગેરકાયદે બાંધકામોના કરવામાં આવેલા ઐતિહાસિક ડિમોલીશનના દિવસોમાં થયેલા ચા-નાસ્તા અને ભોજનના ૨૭.૨૦ લાખના ચર્ચાસ્પદ ખર્ચની દરખાસ્ત ગત સપ્તાહે ભાજપ શાસકોની સ્ટે.કમીટીએ મુલત્વી રાખ્યા બાદ ભારે વિવાદો વચ્ચે આજે આ ખર્ચને નામંજૂર કરી દેવામાં આવ્યો છે.



મેયર ડો.નેહલ શુકલના અધ્યક્ષસ્થાને મળેલી ભાજપ સંકલન અને તે બાદ ચેરમેન પરેશ પીપળીયાના અધ્યક્ષસ્થાને મળેલી સ્ટે.કમીટીની મીટીગમાં આ દરખાસ્ત ફગાવવાનો નિર્ણય જાહેર કરવામાં આવ્યો હતો.

ખુબ ચર્ચામાં આવેલ રૂા.૨૧ની ચાથી માંડી મીઠાઇ સહિતના ખર્ચ મામલે અનેક શંકા-કુશંકાઓ થતા આજે ભોજન ખર્ચ પુરતો શાસકોએ વિવાદ પુરો કરાવ્યો છે. હવે ટેન્ડર વગર આવો ખર્ચ કરનારા અધિકારીઓ ઉપર પુરી જવાબદારી આવી ગઇ છે.

## ચેક ગુમ થયાની જાહેર નોટીશમાં સુધારો

'સૌરાષ્ટ્ર આસપાસ' દૈનિક પેપરમાં તા.૨૫/૬/૨૦૨૬ ના રોજ પેઈઝ નં.૩ માં શ્રી અંકિત અરવિંદભાઈ રામાણીની એડવોકેટ સંજય જે.જોષી મારફત પ્રસિધ્ધ થયેલ 'ચેક ગુમ થયાની જાહેર નોટીશ' માં છેલ્લે તા.૨૪/૬/૨૦૨૬૯ લખાયેલ છે, જે તેના બદલે તા.૨૫/૬/૨૦૨૬ તેમ સુધારીને વાંચવું

લી.શ્રી અંકિત અરવિંદભાઈ રામાણી

## ચેક ગુમ થયાની જાહેર નોટીશમાં સુધારો

'સૌરાષ્ટ્ર આસપાસ' દૈનિક પેપરમાં તા.૨૫/૬/૨૦૨૬ ના રોજ પેઈઝ નં.૩ માં શ્રી અરવિંદભાઈ વેલજીભાઈ રામાણીની એડવોકેટ સંજય જે.જોષી મારફત પ્રસિધ્ધ થયેલ 'ચેક ગુમ થયાની જાહેર નોટીશ' માં છેલ્લે તા.૨૪/૯/૨૦૨૬ લખાયેલ છે, જે તેના બદલે તા.૨૫/૬/૨૦૨૬ તેમ સુધારીને વાંચવું

લી.શ્રી અરવિંદભાઈ વેલજીભાઈ રામાણી

સૌરાષ્ટ્ર આસપાસ
Owner: Leela News Network Private Limited, Printer & Publisher Komalkant Fakirchand Sharma , on behalf of Leela News Network Private Limited. Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at 7th Floor Pramukh Swami Arcade, Malaviya Chowk, Rajkot. Editor: Rajesh Kiritbhai Dave (Responsible for News editing as per PRB ACT)

સૌરાષ્ટ્ર આસપાસ

# કચ્છથી ગ્રીન ઊર્જાની નવી ઉડાન

કચ્છના કંડલા વિસ્તારમાં ગ્રીન એનર્જી આધારિત મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટો ઝડપથી આકાર લઈ રહ્યા છે. આ વિસ્તાર આગામી વર્ષોમાં માત્ર બંદર અને ઔદ્યોગિક કેન્દ્ર તરીકે જ નહીં, પરંતુ સ્વચ્છ ઊર્જાના ઉત્પાદન અને વિતરણના રાષ્ટ્રીય કેન્દ્ર તરીકે પણ વિકસે તેવી સંભાવના છે. ગ્રીન હાઇડ્રોજન, સૌર ઊર્જા અને અન્ય નવીનીકરણીય ઊર્જા પ્રોજેક્ટોના વિકાસથી ભારતની ઊર્જા આત્મનિર્ભરતા વધુ મજબૂત બનશે. ગુજરાત સરકાર અને ખાનગી ક્ષેત્રના સંયુક્ત પ્રયાસોથી કચ્છમાં સર્જાઈ રહેલી આ ગ્રીન ઊર્જાની નવી દિશા સમગ્ર દેશ માટે પ્રેરણારૂપ બની રહી છે.આબોહવા પરિવર્તન આજે સમગ્ર વિશ્વ માટે ગંભીર પડકાર બની ગયું છે. વધતું કાર્બન ઉત્સર્જન વૈશ્વિક તાપમાનમાં વધારો કરી રહ્યું છે, જેના કારણે અનિયમિત વરસાદ, ગરમીની લહેરો અને કુદરતી આફ્તોની પરંપરા વધી રહી છે. આવી પરિસ્થિતિમાં કોલસા અને પેટ્રોલિયમ જેવા પરંપરાગત ઇંધણ પરની નિર્ભરતા ઘટાડીને સ્વચ્છ અને નવીનીકરણીય ઊર્જા તરફ આગળ વધવું સમયની સૌથી મોટી જરૂરિયાત બની છે. ગુજરાતે આ દિશામાં સમયસર અને દૃઢ પગલાં ભર્યાં છે.રાજ્ય સરકારે ગ્રીન એનર્જીના વિકાસ માટે દૂરંદેશી આયોજન હાથ ધર્યું છે. રાજ્યમાં ઉપલબ્ધ સૂર્યપ્રકાશ અને પવન જેવી કુદરતી સંપત્તિનો મહત્તમ ઉપયોગ કરીને વીજ ઉત્પાદન વધારવા પર ભાર મૂકવામાં આવી રહ્યો છે. સૌર ઊર્જા પાર્ક, પવન ઊર્જા પ્રોજેક્ટો અને ગ્રીન હાઇડ્રોજન પ્લાન્ટ જેવા અનેક પ્રોજેક્ટો ઝડપથી આગળ વધી રહ્યા છે. તેના પરિણામે ગુજરાત આજે નવીનીકરણીય ઊર્જાના ક્ષેત્રમાં દેશના અગ્રણી રાજ્યોમાં સ્થાન ધરાવે છે.ગ્રીન એનર્જીને પ્રોત્સાહન આપવા માટે રાજ્ય સરકારે વિવિધ નીતિઓ અમલમાં મૂકી છે. ઔદ્યોગિક વિકાસ અને પર્યાવરણનું સંતુલન જળવાઈ રહે તે માટે જરૂરી માળખાકીય સુવિધાઓ વિકસાવવામાં આવી રહી છે. મોટા ઉદ્યોગોને ગ્રીન વીજળી સરળતાથી ઉપલબ્ધ થાય તે માટે વ્યવસ્થા ઉભી કરવામાં આવી રહી છે, જ્યારે નાના અને મધ્યમ ઉદ્યોગોને ક્લસ્ટર આધારિત મોડેલ દ્વારા સ્વચ્છ ઊર્જાનો લાભ મળે તે માટે પણ પ્રયત્નો થઈ રહ્યા છે. આ વ્યવસ્થા ઉદ્યોગોના ઉત્પાદન ખર્ચમાં ઘટાડો કરશે અને આંતરરાષ્ટ્રીય બજારમાં તેમની સ્પર્ધાત્મકતા વધારશે.વિશ્વના અનેક દેશો હવે ઓછા કાર્બન ઉત્સર્જન સાથે ઉત્પાદિત માલને વધુ પ્રાધાન્ય આપી રહ્યા છે. તેથી ગ્રીન એનર્જીનો ઉપયોગ કરતી ઔદ્યોગિક એકમોને વૈશ્વિક વેપારમાં વધુ તકો મળી શકે છે. ગુજરાતમાં વિકસતા ગ્રીન એનર્જી પ્રોજેક્ટો રાજ્યના નિકાસ આધારિત ઉદ્યોગોને પણ નવી તાકાત આપશે અને આંતરરાષ્ટ્રીય બજારમાં તેમની વિશ્વસનીયતા વધારશે.ગ્રીન એનર્જીના વિકાસમાં આધુનિક ટેક્નોલોજીનું યોગદાન સતત વધી રહ્યું છે. કૃત્રિમ બુદ્ધિમત્તા, સ્માર્ટ ગ્રીડ, ઊર્જા સંગ્રહ પ્રણાલીઓ અને ડિજિટલ મોનિટરિંગ જેવી આધુનિક પદ્ધતિઓના ઉપયોગથી વીજ ઉત્પાદન અને વિતરણ વધુ કાર્યક્ષમ બની રહ્યું છે. ભવિષ્યમાં ઊર્જાની માંગ અને પુરવઠા વચ્ચે સંતુલન જાળવવામાં આવી ટેક્નોલોજી મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. ગુજરાત આ ક્ષેત્રમાં પણ સતત નવીનતા તરફ આગળ વધી રહ્યું છે.ગ્રીન એનર્જી માત્ર પર્યાવરણની જ નહીં, પરંતુ અર્થતંત્રની દૃષ્ટિએ પણ અત્યંત લાભદાયી છે. સૌર પેનલ, બેટરી, ગ્રીન હાઇડ્રોજન અને ઊર્જા સંગ્રહ સંબંધિત ઉદ્યોગોમાં રોકાણ વધવાથી રોજગારીની નવી તકો ઊભી થશે. યુવાનોને આધુનિક ટેક્નિકલ કૌશલ્ય પ્રાપ્ત કરવાની તક મળશે અને રાજ્યમાં ઔદ્યોગિક વિકાસને નવી ગતિ મળશે.

# લોકભારતી ગ્રામ્ય વિદ્યાપીઠ : ગ્રામજીવનના પુનર્નિર્માણની જીવંત શિક્ષણધારા

ભારતના શિક્ષણ ઈતિહાસમાં કેટલીક એવી સંસ્થાઓ છે, જેણે માત્ર પાઠ્યપુસ્તક આધારિત જ્ઞાન પૂરું પાડ્યું નથી, પરંતુ જીવન જીવવાની કળા, સમાજસેવાની ભાવના અને રાષ્ટ્રનિર્માણના સંસ્કારોનું સિંચન કર્યું છે. એવી અગ્રણી સંસ્થાઓમાં લોકભારતી ગ્રામ્ય વિદ્યાપીઠનું નામ અગ્રપંક્તિમાં આવે છે. આ સંસ્થા માત્ર એક વિદ્યાપીઠ નથી, પરંતુ ગ્રામજીવનને કેન્દ્રસ્થાને રાખીને વિકસેલી એક જીવંત જીવનશાળા છે. અહીં શિક્ષણ અને શ્રમ, જ્ઞાન અને સંસ્કાર, વિજ્ઞાન અને માનવતા, તેમજ પરંપરા અને આધુનિકતાનો સુમેળ જોવા મળે છે. લોકભારતીએ વર્ષો સુધી ગ્રામભારતના વિકાસ માટે અસંખ્ય યુવાનોને ઘડ્યા છે અને શિક્ષણને સમાજપરિવર્તનનું અસરકારક સાધન બનાવ્યું છે.




**સ્થાપનાની પ્રેરણાદાયી ગાથા:**

ભારતને સ્વતંત્રતા પ્રાપ્ત થયા પછી સ્પષ્ટ થયું કે દેશનો સાચો વિકાસ ગામોના સર્વાંગી વિકાસ વિના શક્ય નથી. આ વિચારધારાને હૃદયંગમ કરીને શિક્ષણવિદ્ નાનાભાઈ ભટ્ટએ ગ્રામજીવનને કેન્દ્રમાં રાખતી નવી શિક્ષણવ્યવસ્થાનું સ્વપ્ન જોયું. તે સ્વપ્નને સાકાર સ્વરૂપ આપવા માટે ઈ.સ. ૧૯૫૩માં ભાવનગર જિલ્લાના સણોસરા ગામે લોકભારતી ગ્રામ્ય વિદ્યાપીઠની સ્થાપના કરવામાં આવી.નાનાભાઈ ભટ્ટનો વિશ્વાસ હતો કે શિક્ષણનું સાચું ધ્યેય માત્ર નોકરી મેળવવાનું નથી, પરંતુ સમાજને યોગ્ય દિશા આપતા જવાબદાર નાગરિકોનું ઘડતર કરવાનું છે. આ સંસ્થા પર મહાત્મા ગાંધીની 'નઈ તાલીમ'ની વિચારધારાનો ઊંડો પ્રભાવ જોવા મળે છે. શિક્ષણ સાથે શ્રમ, સ્વાવલંબન, ગ્રામસેવા અને માનવમૂલ્યોનું સંવર્ધન લોકભારતીના પાયાના સિદ્ધાંતો બન્યા.

**સંસ્થાનું ધ્યેય:**

લોકભારતીનું મુખ્ય ધ્યેય શિક્ષણને જીવન સાથે સાંકળવાનું છે. અહીં વિદ્યાર્થીને માત્ર ડિગ્રીધારક નહીં, પરંતુ સમાજપ્રત્યે સંવેદનશીલ, રાષ્ટ્રપ્રેમી, શ્રમનિષ્ઠ અને સ્વાવલંબી નાગરિક તરીકે ઘડવાનો પ્રયત્ન થાય છે.સંસ્થા માને છે કે શિક્ષણનું સાચું મૂલ્ય ત્યારે જ છે જ્યારે તે વ્યક્તિને પોતાના સમાજની સમસ્યાઓ સમજવાની અને તેના ઉકેલ માટે કાર્ય કરવાની પ્રેરણા આપે. લોકભારતીમાં ગ્રામજીવનની જરૂરિયાતોને અનુરૂપ શિક્ષણ આપવામાં આવે છે, જેથી વિદ્યાર્થીઓ ગામડાંના વિકાસમાં સક્રિય ભાગ ભજવી શકે.અહીં માનવતા, સહકાર, પર્યાવરણપ્રેમ, સામાજિક સમરસતા, લોકશાહી મૂલ્યો, રાષ્ટ્રીય એકતા અને નૈતિક જીવન જેવા ગુણોના વિકાસને વિશેષ મહત્વ આપવામાં આવે છે.

**કાર્યપદ્ધતિ : શિક્ષણ અને જીવનનો સમન્વય:**

લોકભારતીની કાર્યપદ્ધતિ પરંપરાગત શિક્ષણપ્રણાલીથી અલગ અને વિશિષ્ટ છે. અહીં વર્ગખંડનું શિક્ષણ જેટલું અગત્યનું છે, એટલું જ મહત્વ પ્રયોગાત્મક કાર્ય, શ્રમ અને સામાજિક જીવનને આપવામાં આવે છે.વિદ્યાર્થીઓ ખેતી, પશુપાલન, બાગાયત, ગ્રામઉદ્યોગ, હસ્તકલા અને વિવિધ ઉત્પાદક પ્રવૃત્તિઓમાં સક્રિય ભાગ લે છે. આ પ્રવૃત્તિઓ દ્વારા તેઓ શ્રમનું ગૌરવ સમજતા બને છે અને જીવન માટે જરૂરી વ્યવહારુ કૌશલ્ય પ્રાપ્ત કરે છે.શિક્ષણપ્રક્રિયામાં ચર્ચા, સંવાદ, પ્રયોગ, ક્ષેત્રઅભ્યાસ, સર્વેક્ષણ, સમૂહકાર્ય અને ગ્રામસંપર્ક જેવા ઉપાયોનો વ્યાપક ઉપયોગ થાય છે. પરિણામે વિદ્યાર્થીઓમાં સ્વતંત્ર વિચારશક્તિ, નેતૃત્વ, સંશોધનવૃત્તિ અને સમસ્યા ઉકેલવાની ક્ષમતાનો વિકાસ થાય છે.અહીં શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચે માત્ર ઔપચારિક સંબંધ નથી, પરંતુ પરિવાર જેવી આત્મીયતા જોવા મળે છે. આ વાતાવરણ વિદ્યાર્થીઓના વ્યક્તિત્વ વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

સંસ્થા પરિચય
સુરેશ ભટ્ટ

**ગ્રામસેવાની જીવનદૃષ્ટિ:**

લોકભારતીનું શિક્ષણ ગામડાંઓ સાથે જીવંત સંબંધ જાળવે છે. વિદ્યાર્થીઓ વિવિધ ગામોમાં જઈને સ્વચ્છતા અભિયાન, વૃક્ષારોપણ, જળસંચય, આરોગ્ય જાગૃતિ, પ્રૌઢ શિક્ષણ, મહિલા સશક્તિકરણ અને કૃષિ માર્ગદર્શન જેવી સેવાપ્રવૃત્તિઓમાં ભાગ લે છે.આ પ્રવૃત્તિઓ વિદ્યાર્થીઓને સમાજની વાસ્તવિક પરિસ્થિતિથી પરિચિત કરાવે છે અને તેમના મનમાં સેવા, સહકાર અને જવાબદારીની ભાવના વિકસાવે છે. આ રીતે શિક્ષણ પુસ્તકોની સીમા છોડીને જીવનનો અનુભવ બની જાય છે.

**સંશોધન અને વિકાસલક્ષી અભિગમ:**

લોકભારતીમાં ગ્રામવિકાસ સંબંધિત અનેક વિષયો પર અભ્યાસ અને સંશોધન કરવામાં આવે છે. કૃષિમાં નવી પદ્ધતિઓ, જૈવિક ખેતી, જળસંરક્ષણ, પર્યાવરણ સંવર્ધન, ગ્રામઉદ્યોગો, લોકસંસ્કૃતિ અને ગ્રામઅર્થતંત્ર જેવા વિષયો પર સતત કાર્ય થાય છે.વિદ્યાર્થીઓને સંશોધન દ્વારા સ્થાનિક સમસ્યાઓના વ્યવહારુ ઉકેલો શોધવા પ્રોત્સાહિત કરવામાં આવે છે. આ અભિગમ શિક્ષણને વધુ અર્થપૂર્ણ અને સમાજોપયોગી બનાવે છે.

**પ્રોત્સાહન પ્રવૃત્તિઓ:**

લોકભારતીમાં અભ્યાસ ઉપરાંત વ્યક્તિત્વ વિકાસ માટે વિવિધ પ્રોત્સાહન પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે. સાહિત્ય, સંગીત, લોકસંસ્કૃતિ, નાટ્યકલા, વક્તૃત્વ, ચર્ચાસભા, લોકનૃત્ય અને સર્જનાત્મક લેખન જેવી પ્રવૃત્તિઓ વિદ્યાર્થીઓની પ્રતિભાને ખીલવવાનું કાર્ય કરે છે.રમતગમત, યોગ, શારીરિક શિક્ષણ અને આરોગ્યલક્ષી કાર્યક્રમો દ્વારા વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ પર ભાર મૂકવામાં આવે છે.પર્યાવરણ જાગૃતિ માટે વૃક્ષારોપણ, જળસંચય, સ્વચ્છતા અભિયાન અને કુદરત સંરક્ષણના કાર્યક્રમો નિયમિતપણે યોજાય છે. ગ્રામોત્સવ, લોકમેળા અને સાંસ્કૃતિક કાર્યક્રમો દ્વારા સ્થાનિક લોકવારસા અને પરંપરાઓનું જતન કરવામાં આવે છે.રાષ્ટ્રીય પર્વો, મહાનુભાવોની જન્મજયંતિઓ, વિચારગોષ્ઠિઓ અને સામાજિક જાગૃતિ કાર્યક્રમો દ્વારા વિદ્યાર્થીઓમાં દેશપ્રેમ, લોકશાહી મૂલ્યો અને સામાજિક પ્રતિબદ્ધતાનો વિકાસ થાય છે.

**શિક્ષણનું વિશિષ્ટ યોગદાન:**

લોકભારતી ગ્રામ્ય વિદ્યાપીઠે ગુજરાતના ગ્રામવિસ્તારોને અસંખ્ય શિક્ષકો, સમાજસેવકો, કૃષિ નિષ્ણાતો, સહકારી કાર્યકરો અને લોકનેતાઓ આપ્યા છે. અહીંથી શિક્ષણ પ્રાપ્ત કરનાર અનેક વિદ્યાર્થીઓએ પોતાના કાર્યક્ષેત્રમાં નોંધપાત્ર યોગદાન આપીને સંસ્થાનું ગૌરવ વધાર્યું છે.સંસ્થાએ શિક્ષણને માત્ર જ્ઞાનપ્રાપ્તિ સુધી મર્યાદિત રાખ્યા વિના જીવનમૂલ્યો, સ્વાવલંબન, નૈતિકતા અને સામાજિક જવાબદારી સાથે જોડીને એક અનોખો આદર્શ સ્થાપિત કર્યો છે.

**આજના સમયમાં લોકભારતીનું મહત્વ:**

આજના યુગમાં ટેકનોલોજી અને વૈશ્વિકરણના વધતા પ્રભાવ વચ્ચે ગ્રામસમાજ અનેક પડકારોનો સામનો કરી રહ્યો છે. આવા સમયે લોકભારતીની જીવનકેન્દ્રિત શિક્ષણપદ્ધતિ વધુ પ્રાસંગિક બની છે. કુદરત સાથે સુમેળ, ટકાઉ વિકાસ, સ્થાનિક સંસાધનોનો યોગ્ય ઉપયોગ, સ્વરોજગાર, સામાજિક સમરસતા અને માનવમૂલ્યો પર આધારિત શિક્ષણ આજની જરૂરિયાત છે.લોકભારતી વિદ્યાર્થીઓને માત્ર સફળ કારકિર્દી માટે નહીં, પરંતુ સાર્થક જીવન માટે તૈયાર કરે છે. આ જ તેની સૌથી મોટી વિશેષતા છે.

**ઉપસંહાર**

લોકભારતી ગ્રામ્ય વિદ્યાપીઠ એ શિક્ષણ, સંસ્કાર, શ્રમ અને સમાજસેવાનું અનોખું તીર્થધામ છે. તેની સ્થાપનાનો મૂળ હેતુ ગામડાંઓને જ્ઞાન, સંસ્કાર અને સ્વાવલંબનથી સમૃદ્ધ બનાવવાનો હતો, અને આજે પણ તે જ ધ્યેય સાથે સંસ્થા કાર્યરત છે. અહીં શિક્ષણનો અર્થ માત્ર પરીક્ષા પાસ કરવો નથી, પરંતુ જીવનને સમજવું, સમાજ માટે જીવવું અને રાષ્ટ્રના વિકાસમાં સર્જનાત્મક યોગદાન આપવું છે.આજના બદલાતા સમયમાં પણ લોકભારતીનો આદર્શ એટલો જ પ્રેરણાદાયી છે જેટલો તેની સ્થાપનાના સમયે હતો. ગ્રામજીવનના પુનર્જાગરણ, મૂલ્યનિષ્ઠ શિક્ષણ અને સર્વાંગી માનવ વિકાસ માટે લોકભારતીનું યોગદાન ભારતીય શિક્ષણ ઈતિહાસમાં સદા અવિસ્મરણીય રહેશે.

# તમારું સૌંદર્ય વધે તો આત્મવિશ્વાસ પણ વધશે

હવે મહિલાઓ જ નહી, પુરુષો પણ સુંદરતા એટલે માત્ર ગોરો રંગ તેવું નથી માનતા. પરંપરાગત સુંદરતાની યાદીમાં હવે ચહેરો, દેખાવ, ફિગર, વાળ, ચાલવાની સ્ટાઈલ, વ્યક્તિત્વ બધું જ શામિલ છે. ગોરા રંગનું સ્થાન હવે આત્મનિર્ભરતા, બોલ્ડનેસ, સેક્સી અદા, ગ્લેમરસ લુક, હકારાત્મક વિચારોએ લઈ લીધું છે. મહિલાઓનો સરળ, બુદ્ધિશાળી, આત્મવિશ્વાસુ સ્વભાવ, હકારાત્મક અને સકારાત્મક ચલણ વધારે પસંદ કરવામાં આવે છે. આજે સૌંદર્યના માપદંડ તરીકે સૌંદર્ય સ્પર્ધાઓમાં પણ આંખો, ફિગર અને સ્મિતને ક્રમાનુસાર મહત્ત્વ આપવામાં આવે છે. સુસ્મિતા સેનની ઊંચાઈ, કેટરીના કૈફનું ફિગર, ઐશ્વર્યા રાયની આંખો, પ્રીતિ ઝિંટાનાં ડિંપલને અગ્રસ્થાન મળે છે. એ પછી ક્યાંક ગોરા રંગને સ્થાન મળે છે. આ રીતે આજે સૌંદર્યના માપદંડ બદલાઈ ગયા છે.અટ્રેક્ટિવ બનો સ્ટાઈલિશ દેખાઓ

- અટ્રેક્ટિવ દેખાવા માટે એ જરૂરી નથી કે તમારો રંગ ગોરો હોય, પરંતુ તમારું ફિગર કમનીય, સુડોળ હોય. તમારા રોજના કાર્યક્રમમાં થોડો સામાન્ય વ્યાયામ અને જોગિંગને જરૂર સામેલ કરો.
- ટેનિસ, બેડમિંટન, ટેબલ ટેનિસ જેવી હળવી ગેમ રમવાની ટેવ પાડો. તેનાથી તમે ફિટ રહેશો.
- જ્યાં અગાઉ માત્ર ગોરો રંગ સુંદરતાનો માપદંડ સમજવામાં આવતો હતો ત્યાં હવે શામળો રંગ અને આકર્ષક સુડોળ શરીર ધરાવતી છોકરીઓ માટે 'બ્લેક બ્યૂટિ' શબ્દનો ઉપયોગ કરવામાં આવે છે.
- જો તમારો શ્યામ વર્ણ હોય તો હંમેશાં સાધારણ મેકઅપ કરો. તમારાં કપડાં અને મેકઅપની પસંદગી મોસમ અનુસાર કરો જેથી શ્યામ વર્ણ પણ આકર્ષક દેખાય.
- શ્યામ વર્ણને આકર્ષક બનાવવા માટે ત્વચાનો પ્રકાર અને રંગને અનુરૂપ સૌંદર્યપ્રસાધનોની પસંદગી અને તેનો ઉપયોગ કરવો જોઈએ.
- ત્વચાને સુંદર અને ચમકદાર બનાવવા માટે મહિનામાં ૧ વાર ફેસિયલ અને ૧૫ દિવસના અંતરે બ્લીચ જેવા સૌંદર્ય ઉપચાર જરૂર કરાવો. હાથપગમાં અઠવાડિયામાં ૧ વાર મેનીક્યોર અને પેડીક્યોર કરો. પગ, હાથ, બગલમાં વધારે ઉગેલા વાળને સાફ કરવા માટે વેક્સિંગ અથવા હેર રિમૂવર ક્રીમનો ઉપયોગ કરો. અઠવાડિયામાં બે વાર ચહેરા પર ફેસ સ્ક્રબ લગાવો. તેનાથી શ્યામ ત્વચા પણ નીખરીને ખૂબસૂરત લાગશે.

વિશેષ

- તમારી રચનાત્મકતાને વિકસાવો. ભણવુંગણવું, ભરતગૂંથણ, કુકિંગ, સીવણ વગેરેમાં તમે જાતે હોશિયાર બનો.
- નોકરીઓ માટે પણ કાળા કે ગોરા હોવું મહત્ત્વનું નથી હોતું બલ્કે જરૂરી છે સ્માર્ટનેસ અને ગુડ લુકિંગ. આ સિવાય પોઝિટિવ બોડી લેંગ્વેજ જરૂરી છે, કારણ કે અસભ્યતા અને ઓવર બોલ્ડનેસ કેરિયર પર પૂર્ણવિરામ મૂકી દેશે. ઓફિસમાં કામ કરવા માટે ચહેરાની સુંદરતાની સાથે રિઝલ્ટ ઓરિએન્ટેડ પણ હોવું જોઈએ.
- રંગ શ્યામ હોય અને પર્સનાલિટી સારી હોય, તો તમારી પર્સનાલિટીને અનુરૂપ જુદાં જુદાં પ્રકારનાં કપડાં પહેરો અને ક્યારેક ક્યારેક તમારા વાળને પણ ખુલ્લા રાખો.
- કપડાંની પસંદગી કરતી વખતે એ જોઈ લો કે તેનો રંગ અને ડિઝાઈન તમારા પર શોભે છે કે નહીં.
- શ્યામ છોકરીઓએ એવા રંગ પહેરવા જોઈએ જેમાં તે એટ્રેક્ટિવ દેખાય. ફેશન ડિઝાઈનર કવિતાનું કહેવું છે કે બ્રાઈટ કલર જેવા કે બ્લ્યૂ રસ્ટ, પિંક, બેઝ, ઓરેન્જ બધા રંગ શ્યામ લોકો પર શોભે છે અને તેમનું આકર્ષણ ડબલ વધી જાય છે.

# અંધકારના ગર્ભમાંથી જન્મેલો ઉજાસઃ વિક્રમ છેત્રીનો પુરુષાર્થ

જીવન સૌને સરખું નથી મળતું. કોઈના ભાગ્યમાં સોનાની થાળી હોય છે, તો કોઈના હાથે જન્મતાની સાથે જ સંઘર્ષનું હળ પકડાવી દેવાય છે. પણ ઈતિહાસ સાક્ષી છે કે સોનાની થાળીવાળા ઘણીવાર ભૂલાઈ જાય છે, જ્યારે હળ પકડનારા પોતાના લોહી-પસીનાથી એવી કેડી કંડારે છે કે યુગો સુધી વટેમાર્ગુઓને દિશા મળે. આસામના

## જિંદગી ખરેખર પરીશ્રા લે છે દરેક માનવીના જીવનમાં સુખ દુ:ખ આવે છે પણ સાવ નાના બાળકોના માથા પર દુ:ખનું આસમાન તૂટી પડે છે ત્યારે આવા બાળકો જવાબદારીના બોજમાં કચડાઈ જાય છે પરંતુ અહીં એક એવા બાળકની સાહસ કથા છે જેને દુનિયા સલામ કરે છે

સોનિતપુર જિલ્લાના ઢેકિયાજુલી પાસે આવેલા એક અતિ સામાન્ય ગામડામાં, વિક્રમ છેત્રી નામનો એક એવો જ દીપક જન્મ્યો, જેની વાટમાં તેલ નહોતું, છતાં તેની જ્યોત આજે હજારો અંતરોને અજવાળે છે.

**શૈશવના શિખર પર તૂટી પડેલું આકાશ :**

માત્ર બે વર્ષની કુમળી વયે વિક્રમે માતૃછાયા ગુમાવી. જે ઉંમરે બાળક 'મા' શબ્દનો સાચો અર્થ પણ સમજતું નથી, એ ઉંમરે એના જીવનમાંથી મમતાનો મીઠો દરિયો સૂકાઈ ગયો. પિતાના ખભે માથું મૂકીને રડી લેવાની તક પણ નિયતિએ છીનવી લીધી. અગિયારમા વર્ષે પિતાની આંગળી પણ છૂટી ગઈ. ઘરના આંગણેથી હાસ્યનું નામોનિશાન મટી ગયું. અનાથ શબ્દ વિક્રમના નામની આગળ કાયમ માટે જોડાઈ ગયો. જે ઉંમરે દફતરના ભારથી ખભા નમી જવા જોઈએ, એ ઉંમરે એના નાનકડા ખભા પર આખા ઘરની જવાબદારીનો પર્વત આવી પડ્યો.

**તૂટેલી ભીંતો વચ્ચે અડગ ઊભેલો દીવો:**

આર્થિક તંગી એવી કે મોટો ભાઈ પેટ ભરવા દૂર મજૂરી કરવા જતો રહ્યો. ભાઈની માંડ માંડ મળતી મદદ અને સરકારની અનાથ સહાયના ટેકે જીવનની ગાડી ખેંચાતી હતી. ઈન્દિરા આવાસ યોજનાના બે ઓરડાના ઘરમાં ન પાયાની સગવડ હતી, ન ભીંતોને અડીને ઊભેલી આશા. સૌથી મોટો અભિશાપ હતો અંધકાર. ઘરમાં વીજળીનું એક ટપકું નહીં. પણ વિક્રમની આંખોમાં જે સપનાનો દીવો સળગતો હતો, તેને બુઝાવવા માટે આ અંધકાર પૂરતો નહોતો. વર્ષો સુધી કેરોસીનના દીવાની ડગમગતી જ્યોત અને નાનકડી સોલાર લાઈટના ઝાંખા અજવાળે એણે અક્ષરો સાથે મૈત્રી કરી. જ્યારે આખું ગામ નિંદરમાં હોય, ત્યારે આ છોકરો પાનાં ફેરવતો હોય. એણે દીવાલોને નહીં, પોતાની જીદને સાથી બનાવી.

**સમયનું પરિવર્તન અને પ્રકાશનું આગમનઃ**

નિયતિ ક્યારેક મોડી પડે, પણ કદી ન્યાય ચૂકતી નથી.

આસપાસ ચોપાસ
સુરેશ ભટ્ટ

ધોરણ ૧૨ની બોર્ડની પરીક્ષાના બે મહિના પહેલાં, શાળાના આચાર્ય અને ગામલોકોની કરુણાથી એના ઘરમાં પહેલીવાર વીજળીનો બલ્બ ઝળહળ્યો. વર્ષોના અંધારાનો અંત આવ્યો. પણ વિક્રમ તો એ પહેલાં જ પોતાના પુરુષાર્થથી અજવાળું પાથરી ચૂક્યો હતો. એક કિલોમીટર ચાલીને સરકારી શાળાએ જતો આ છોકરો, ઢેકિયાજુલી ડોન બોસ્કો હાઈસ્કૂલમાંથી ૮૦ ટકા સાથે દસમું પાસ થયો. અને હમણાં જ લક્ષ્મીનાથ બેઝબરોઆ એકેડેમીમાંથી આર્ટ્સ પ્રવાહમાં ૮૯.૪ ટકા મેળવીને એણે સાબિત કરી દીધું કે ગરીબી માણસને રોકી શકે, ઝુકાવી ન શકે. ઈરાદો જો પથ્થર સમો મક્કમ હોય તો ઘનઘોર અંધકારને ચીરીને પણ પ્રકાશનો રસ્તો નીકળી જ આવે છે.

**સ્વપ્નની ક્ષિતિજ અને સેવાનો સંકલ્પ:**

આજે વિક્રમની આંખોમાં કોઈ ફરિયાદ નથી, માત્ર એક તેજ છે. એક એવી ચમક છે જે ફક્ત એવા માણસમાં હોય જે દુ:ખને જીરવી જાણે. જ્યારે એને પૂછવામાં આવ્યું કે, "આગળ શું કરવું છે?" ત્યારે એના હોઠ પર જે શબ્દો આવ્યા, એ કોઈ ડિગ્રી કે પગારની વાત નહોતી. એણે કહ્યું, "મારે સફળ થઈને મારા સમાજની ખિદમત કરવી છે. મારા આસામનું નામ રોશન કરવું છે." આ શબ્દો નથી, આ એક યજ્ઞનો સંકલ્પ છે. જે છોકરાએ પોતાના માટે ક્યારેય કશું માંગ્યું નથી, એ આજે આખા સમાજ માટે સપનાં જોઈ રહ્યો છે. એની સફળતાની વ્યાખ્યા પોતાની રિદ્ધિમાં નહી, પણ બીજાના જીવનમાં ઉજાસ પાથરવામાં છે.

**ઉપસંહારઃ રિદ્ધિના શિખરે પહોંચતો પુરુષાર્થ :**

વિક્રમ છેત્રીની કહાની આંકડાની નથી, હિંમતની છે. એ સગવડની નથી, સંકલ્પની છે. એણે આપણને શીખવ્યું કે પરિસ્થિતિ ગમે તેટલી પ્રતિકૂળ હોય, જો મનમાં ધગશ હોય તો માણસ પોતાનું ભાગ્ય જાતે ઘડી શકે છે. માતા-પિતાની હૂંફ વિના, વીજળીના અજવાળા વિના, સગવડના નામે શૂન્ય હોવા છતાં, એણે શિક્ષણને પોતાનું શસ્ત્ર બનાવ્યું અને અંધકાર સામે જંગ છેડી. આજે એનો પુરુષાર્થ રિદ્ધિના શિખરે પહોંચવાની તૈયારીમાં છે.

આ કથા દરેક એવા યુવાન માટે દીવાદાંડી છે જે સંજોગોને દોષ દઈને બેસી પડે છે. વિક્રમ કહે છે કે રડવા માટે કારણો હજાર મળશે, પણ લડવા માટે એક જ કારણ પૂરતું છેઃ તમારું સ્વમાન. યાદ રાખજો, વાવાઝોડાં દીવાને બુઝાવવા આવે છે, પણ જો જ્યોત અંદરથી સળગતી હોય તો વાવાઝોડું પોતે જ તેનો તણખો બનીને આકાશ આંબે છે. વિક્રમ છેત્રી એ જ તણખો છે, જે આવતીકાલે મશાલ બનશે.



અને એ મશાલ કહેશે કે જન્મ ક્યાં લીધો એ મહત્વનું નથી, જીવન કેવું જીવ્યા એનું નામ જ ઈતિહાસ છે.

# ઈંગ્લેન્ડ સામેની પહેલી ટીર૦ મેચ વરસાદના કારણે થઈ રદ

## ભારતના સ્ટાર ખેલાડી સંજુ સેમસન અને ઈશાન કિશન વધુ એક વખત નિષ્ફળ

ચેસ્ટર-લી-સ્ટ્રીટ,

ઈંગ્લૅન્ડ સામેની પાંચ મૅચની T20 સિરીઝની પ્રથમ મૅચમાં ભારતે ટૉસ જીતીને પહેલાં બૅટિંગ કરવાનો નિર્ણય લીધો હતો. ભારતે નિર્ધારીત ૨૦ ઑવરમાં ૭ વિકેટના નુકસાન પર ૧૮૯ રન બનાવ્યા હતા. અય્યરે સૌથી વધુ ૬૮ રન (૪૭ બૉલ, છ ચોગ્ગા અને એક સિક્સ), અભિષેક શર્મા ૫૯ રન (૨૪ બૉલ, છ ચોગ્ગા અને ચાર સિક્સ) બનાવ્યા હતા. શિવમ દુબેએ આક્રમક બેટિંગ કરતા ૪૨ રન (૨૧ બૉલ, બે ચોગ્ગા અને ત્રણ છગ્ગા) ફટકાર્યા હતા. જોકે વરસાદના કારણે ઈંગ્લૅન્ડની ઈનિંગ શરૂ ન થતાં મેચ રદ કરવામાં આવી હતી.

વરસાદમાં ધોવાઈ ગયેલી ઈંગ્લૅન્ડ સામેની પહેલી ટી-૨૦માં ભારતના બે ધુરંધર સાવ નિષ્ફળ ગયા હતા. ભારતને ટીર૦ વર્લ્ડકપમાં વિજેતા બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવનારો સંજુ સેમસન સતત ત્રીજી ટીર૦માં નિષ્ફળ ગયો હતો. તેણે ૭ બૉલમાં માત્ર ૧ રન જ બનાવ્યો હતો. ઈશાન કિશન પણ ઈંગ્લૅન્ડ સામેની પ્રથમ ટીર૦માં ખાતું ખોલાવી શક્યો નહોતો. તે ૨ બૉલ રમીને રનઆઉટ થયો હતો.વરસાદમાં ધોવાઈ ગયેલી મેચમાં ભારતીય ઓપનર અભિષેક શર્માએ ૫૯ રનની



ઈનિંગ દરમિયાન મોટો રેકોર્ડ બનાવ્યો હતો. તે ટીર૦ ક્રિકેટમાં સૌથી ઝડપી ૧૦૦ સિક્સર ફટકારનારો ક્રિકેટર બન્યો હતો. તેણે ૭૮૫ બૉલમાં જ ૧૦૦ સિક્સ મારી હતી. અભિષેકે વેસ્ટ ઈન્ડિઝના એવિન લુઈસનો રેકોર્ડ તોડ્યો હતો, લિઈસે ૭૮૯ બોલમાં ૧૦૦ છગ્ગા માર્યા હતા. આ ઉપરાંત અભિષેક શર્માએ ઈંગ્લૅન્ડની ધરતી પર ભારત તરફથી રમતાં સૌથી ઝડપી ટીર૦ ફિફ્ટી પણ ફટકારી હતી. પહેલા આ રેકોર્ડ ટીમ ઈન્ડિયાના પૂર્વ કોચ અને બેટ્સમેન રાહુલ દ્રવિડના નામે હતો. દ્રવિડે ૨૦૧૮માં માંચેસ્ટરમાં ૨૭ બોલમાં અડધી સદી ફટકારી હતી.

ભારતની પ્લેઈંગ ઈલેવનઃ શ્રેયસ ઐયર (કૅપ્ટન), સંજુ સૅમસન, અભિષેક શર્મા, ઈશાન કિશન (વિકેટકીપર), તિલક વર્મા, હર્ષિત રાણા, શિવમ દુબે, અક્ષર પટેલ, રવિ બિશ્નોઈ, અર્શદીપ સિંહ અને વરુણ ચક્રવર્તી.

ઈંગ્લૅન્ડની પ્લેઈંગ ઈલેવનઃ હૅરી બ્રૂક (કૅપ્ટન), ફિલ સૉલ્ટ, જૉસ બટલર (વિકેટકીપર), જેકબ બેથેલ, ટૉમ બૅન્ટન, સૅમ કરૅન, વિલ જૅક્સ, લિઆમ ડૉસન, આદિલ રાશીદ, લ્યૂક વૂડ અને સાકિબ મહમૂદ.

# ઝિમ્બાબ્વેએ બાંગ્લાદેશને હરાવીને ઈતિહાસ રચ્યો : ટેસ્ટ મેચમાં સૌથી મોટી જીત મેળવી

ઢાકા,

ઝિમ્બાબ્વેએ બાંગ્લાદેશને એક જ ટેસ્ટ મેચમાં હરાવીને ઈતિહાસ રચ્યો, તેના ઈતિહાસમાં તેનો સૌથી મોટો ટેસ્ટ વિજય નોંધાવ્યો. હરારે સ્પોર્ટ્સ ક્લબ ખાતે રમાયેલી આ મેચમાં, ઝિમ્બાબ્વેએ બાંગ્લાદેશને એક ઈનિંગ્સ અને ૮૫ રનથી હરાવ્યું. નોંધનીય છે કે ઝિમ્બાબ્વે ક્રિકેટના ૨૫ વર્ષમાં આ પહેલી વાર છે જ્યારે ઝિમ્બાબ્વેની ટીમે સતત બે ટેસ્ટ મેચ જીતી છે. અગાઉ, તેઓએ ઓક્ટોબર ૨૦૨૫ માં અફઘાનિસ્તાનને એક ઈનિંગ્સ અને ૭૩ રનથી હરાવ્યું હતું.



નોંધનીય છે કે અગાઉની ઝિમ્બાબ્વે ટીમ ૨૦01 માં સતત બે ટેસ્ટ મેચ જીતી હતી. તે સમયે, વિરોધી ટીમ બાંગ્લાદેશ હતી. એપ્રિલ ૨૦01 માં રમાયેલી બે મેચની ટેસ્ટ શ્રેણીમાં, ઝિમ્બાબ્વેએ બાંગ્લાદેશને ૨-૦ થી ક્લીન-સ્વીપ કર્યું હતું. એકંદરે, આ ફક્ત ત્રીજી વખત છે જ્યારે ઝિમ્બાબ્વેએ સતત બે ટેસ્ટ મેચ જીતી છે. અગાઉ, ૧૯૯૮ માં, તેઓએ ભારત અને પાકિસ્તાનને સતત મેચોમાં હરાવ્યું હતું.

આ મેચ અંગે, ઝિમ્બાબ્વેએ ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય લીધો. તેમના બોલરોએ આ નિર્ણયને સાચો સાબિત કર્યો, બાંગ્લાદેશને પ્રથમ ઈનિંગ્સમાં ફક્ત ૧૪૦ રનમાં ઓલઆઉટ કર્યું. આગળ બેટિંગ કરતા, ઝિમ્બાબ્વેએ તેમની પ્રથમ ઈનિંગ્સમાં ૪૧૦ રનનો વિશાળ સ્કોર બનાવ્યો.

# હાર્દિક પંડ્યા મુંબઈ છોડીને કાયમી ધોરણે બેંગલુરુ રહેવા ગયો: સીઓઇ નજીક ઘર પણ ભાડે રાખ્યું

મુંબઈ,

ભારતીય ટીમના સ્ટાર ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યાએ તેની કારકિર્દીમાં એક મોટું પગલું ભર્યું છે. તે હવે મુંબઈ છોડીને કાયમી ધોરણે બેંગલુરુ સ્થળાંતરિત થઈ ગયો છે. અત્યાર સુધી તે મુંબઈમાં રહેતો હતો, પરંતુ હવે તેનું નવું ઘર બેંગલુરુ હશે. પંડ્યાએ તેની ક્રિકેટ કારકિર્દીને લંબાવવા અને સુધારવા માટે આ નિર્ણય લીધો છે. તે હવે તેની બાકીની કારકિર્દી માટે બીસીસીઆઈના સેન્ટર ઓફ એક્સેલન્સમાં તાલીમ લેશે. તેણે બેંગલુરુમાં રહેવાનું નક્કી કર્યું છે જેથી તે તેનું કાયમી તાલીમ કેન્દ્ર બની શકે. નોંધપાત્ર વાત એ છે કે, તે આ પ્રકારનો નિર્ણય લેનાર પ્રથમ



ભારતીય ક્રિકેટર બન્યો છે.

બીસીસીઆઈનું સેન્ટર ઓફ એક્સેલન્સ, અથવા નેશનલ ક્રિકેટ એકેડેમી, બેંગલુરુની બહાર સ્થિત છે. હાર્દિકે આ સેન્ટરને પોતાનું કાયમી તાલીમ કેન્દ્ર બનાવ્યું છે.બીસીસીઆઈના એક સૂત્રએ જણાવ્યું હતું કે હાર્દિકે સીઓઈ નજીક એક ઘર પણ ભાડે રાખ્યું છે. હવે, જ્યારે પણ તે કોઈ મેચ, શ્રેણી કે આઈપીએલમાં નહીં રમે, ત્યારે તે અહીં રહેશે અને તેની ફિટનેસ અને રમત પર કામ કરશે.

સૂત્રએ વધુમાં જણાવ્યું હતું કે હાર્દિક પંડ્યા આગામી ૫ થી ૬ વર્ષ સુધી ક્રિકેટ રમવા માંગે છે. તેની ફિટનેસ જાળવવા માટે, તેની સાથે ઝ્ઈ ઉપરાંત તેના પર્સનલ ફિઝિયોથેરાપિસ્ટ અને ફિટનેસ કોચ પણ રહેશે. હાર્દિક નેટ પ્રેક્ટિસ દરમિયાન તેને બોલિંગ કરનારા બોલરો માટે પણ ચૂકવણી કરે છે. એ નોંધનીય છે કે ખેલાડીઓ સામાન્ય રીતે ઈજામાંથી સ્વસ્થ થયા પછી ફક્ત પુનર્વસન અથવા ફિટનેસ પરીક્ષણો માટે અહીં આવે છે.

૩૨ વર્ષીય હાર્દિક પંડ્યા હાલમાં જાંઘની ઈજામાંથી સ્વસ્થ થઈ રહ્યો છે. આ ઈજાને કારણે તે ઈંગ્લેન્ડ સામેની વનડે અને ટી ૨૦ શ્રેણીમાંથી પણ બહાર થઈ ગયો.

# ઋષભ પંત ટેસ્ટ ક્રિકેટમાં સૌથી વધુ છગ્ગા ફટકારવાનો બેન સ્ટોક્સનો રેકોર્ડ તોડવાની ખૂબ નજીક

નવીદિલ્હી,

બેન સ્ટોક્સે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી છે. ન્યુઝીલેન્ડ સામેની ત્રણ ટેસ્ટ શ્રેણી તેમની છેલ્લી સાબિત થઈ. જોકે, ન તો ઈંગ્લેન્ડ કે ન તો બેન સ્ટોક્સ શ્રેણી જીતી શક્યા, ન તો તે ઐતિહાસિક ઈનિંગ રમી શક્યા. દરમિયાન, તેમણે ચોક્કસપણે ટેસ્ટ ક્રિકેટમાં સૌથી વધુ છગ્ગા મારવાનો રેકોર્ડ બનાવ્યો છે. રસપ્રદ વાત એ છે કે, સક્રિય બેટ્સમેનોમાં ભારતના વિકેટકીપર-બેટ્સમેન ઋષભ પંત આ સિદ્ધિ મેળવવાની સૌથી નજીક છે.

ઈંગ્લેન્ડના ભૂતપૂર્વ કેપ્ટન બેન સ્ટોક્સે ટેસ્ટ ક્રિકેટમાં સૌથી



વધુ છગ્ગા ફટકારવાનો રેકોર્ડ પોતાના નામે કર્યો છે. તેમણે ૨૦૧૩માં ટેસ્ટ ડેબ્યૂ કર્યું હતું. ત્યારથી, તેમણે ૧૨૨ ટેસ્ટ મેચ રમી છે અને ૧૩૮ છગ્ગા ફટકાર્યા છે, જે ટેસ્ટ ક્રિકેટમાં સૌથી વધુ છે. બેન સ્ટોક્સે ૭૨૭૨ રન બનાવ્યા છે, જેમાં ૧૪ સદી અને ૩૭ અડધી સદીનો સમાવેશ થાય છે. તેમની કારકિર્દીમાં, બેન સ્ટોક્સે ૫૮.૫૨ ના સ્ટ્રાઈક રેટ અને ૩૪.૪૬ ની સરેરાશથી રન બનાવ્યા છે.

અત્યાર સુધી, વિશ્વના ફક્ત ત્રણ બેટ્સમેનોએ ટેસ્ટ ક્રિકેટમાં ૧૦૦ થી વધુ છગ્ગા ફટકાર્યા છે. આ યાદીમાં બેન સ્ટોક્સનું નામ પહેલું છે. તેમના ઉપરાંત, ન્યુઝીલેન્ડના બ્રેન્ડન મેક્કુલમે ૧૦૭ છગ્ગા ફટકાર્યા છે, અને એડમ ગિલક્રિસ્ટે ૧૦૦ છગ્ગા ફટકાર્યા છે. ન્યુઝીલેન્ડનો આ ઝડપી બોલર આશ્ચર્યજનક રીતે ૯૮ છગ્ગા સાથે આ યાદીમાં ચોથા ક્રમે છે. ક્રિસ ગેલે પણ ટેસ્ટમાં ૯૮ છગ્ગા ફટકાર્યા છે.

ભારતનો ઋષભ પંત યાદીમાં છઠ્ઠા ક્રમે છે. પંતે અત્યાર સુધી ૫૦ ટેસ્ટમાં ૯૭ છગ્ગા ફટકાર્યા છે. પંતે ૨૦૧૮ માં ટેસ્ટ ડેબ્યૂ કર્યું હતું. ટેસ્ટમાં પંત જેટલા છગ્ગા ફટકારનાર બીજો કોઈ સક્રિય બેટ્સમેન નથી.

# વેલકમ ટુ ધ જંગલની કમાણીમાં નોંધપાત્ર વધારો વિશ્વભરમાં કલેક્શન રુ. ૧૨૦ કરોડને પાર થયું




મુંબઈ,

અક્ષય કુમારની ફિલ્મ "વેલકમ ટુ ધ જંગલ", જે હિટ "વેલકમ" ફ્રેન્ચાઈઝનો ત્રીજો ભાગ છે, તેણે ફિલ્મની આસપાસ નોંધપાત્ર ચર્ચા જગાવી છે, અને એવું લાગે છે કે તે બોક્સ ઓફિસ પર અપેક્ષાઓ પર ખરી ઉતરી રહી છે. ૨૬ જૂને રિલીઝ થયેલી અક્ષય કુમારની કોમેડી-એક્શન ફિલ્મે પહેલા અઠવાડિયામાં પણ પોતાનો વેગ જાળવી રાખ્યો હતો. મંગળવારે, ફિલ્મની કમાણીમાં સોમવારની સરખામણીમાં થોડો વધારો જોવા મળ્યો.અક્ષય કુમારની કોમેડી ફિલ્મે તેના પાંચમા દિવસે ૯.૨૫ કરોડની કમાણી કરી હતી, જે સોમવારના ૮.૫૦ કરોડ કરતા થોડી વધારે છે. નવીનતમ બોક્સ ઓફિસ અપડેટ ટ્રેન્ડ દર્શાવે છે કે મજબૂત ઓપનિંગ સપ્તાહાંત પછી પણ, ફિલ્મ બોક્સ ઓફિસ પર મજબૂત કમાણી કરી રહી છે. આ સાથે, 'વેલકમ ટુ ધ જંગલ'નું કુલ ભારતનું કુલ કલેક્શન ૯૭.૧૭ કરોડ પર પહોંચી ગયું છે, જ્યારે તેનું કુલ ભારતનું ચોખ્ખું કલેક્શન હવે ?૮૧.૫૦ કરોડ છે. પાંચમા દિવસે ફિલ્મનો કલેક્શન ૨૯% હતો.ફિલ્મે તેના મજબૂત વિદેશી કલેક્શનને ચાલુ રાખ્યું, તેના પાંચમા દિવસે ૩ કરોડની કમાણી કરી. આ સાથે, તેનું આંતરરાષ્ટ્રીય કલેક્શન ૨૨.૯૫ કરોડ પર પહોંચી ગયું છે.

# બિગ બોસ કન્નડ ફેમ અભિનેત્રી દિવ્યા સુરેશને મધ્યરાત્રિએ બેંગલુરુમાં હેરાન કરવામાં આવી

મુંબઈ,

બિગ બોસ કન્નડ ફેમ અને અભિનેત્રી દિવ્યા સુરેશ હેડલાઈન્સમાં આવી છે, જેની એક પોસ્ટ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહી છે. અભિનેત્રીએ બેંગલુરુની એક શેરીમાં તેણીને થયેલા કથિત હેરાનગતિનો એક ચોંકાવનારો બનાવ જાહેર કર્યો છે. સોશિયલ મીડિયા પર પોતાનું દુઃખ વ્યક્ત કરતા, અભિનેત્રીએ આ ભયાનક અનુભવ શેર કર્યો અને શહેરમાં મહિલાઓની સલામતી અંગે ગંભીર પ્રશ્નો ઉભા કર્યા. તેણીએ સ્પષ્ટપણે પૂછ્યું કે સુરક્ષાએ ક્યાં વચન આપ્યું હતું અને ખોટા દાવા કર્યા.



૩૩ વર્ષીય દિવ્યા સુરેશે જણાવ્યું કે આ ઘટના રાત્રે ૧૧:૩૦ વાગ્યાની આસપાસ બની હતી જ્યારે તે તેના પિતરાઈ ભાઈ સાથે તેની કાર તરફ ચાલી રહી હતી. એક અજાણ્યો માણસ તેનો પીછો કરવા લાગ્યો અને અત્યંત અશ્લીલ વર્તન કરવા લાગ્યો. દિવ્યાના જણાવ્યા અનુસાર, તે વ્યક્તિ જાહેરમાં પોતાને અયોગ્ય રીતે સ્પર્શ કરી રહ્યો હતો અને તેનો પીછો કરી રહ્યો હતો. જ્યારે તેણીએ વાંધો ઉઠાવ્યો અને તેનો સામનો કર્યો, ત્યારે પણ તે અટક્યો નહીં અને તેણી તેની કારમાં બેઠી ત્યાં સુધી તેનો પીછો કરતો રહ્યો.

દિવ્યાએ પણ આખી ઘટના તેના કેમેરામાં રેકોર્ડ કરી, જેમાં તેનો પિતરાઈ ભાઈ તેને પોલીસને બોલાવવાની સલાહ આપતો જોવા મળે છે. તેણીની ઈન્સ્ટાગ્રામ પોસ્ટમાં બેંગલુરુ પોલીસને ટેગ કરીને, અભિનેત્રીએ કડકાઈથી પૂછ્યું, "આપણને હંમેશા આપેલી સુરક્ષા ક્યાં છે?" તેણીએ ભારપૂર્વક જણાવ્યું કે કોઈ પણ મહિલાને ફક્ત એટલા માટે હેરાન ન કરવી જોઈએ કારણ કે તે રાત્રે બહાર હોય છે.

દિવ્યા સુરેશ મનોરંજન ઉદ્યોગમાં એક જાણીતું નામ છે. તેણીએ ૨૦૧૭ માં "મિસ ઈન્ડિયા સાઉથ" નો ખિતાબ જીત્યો હતો અને તે જ વર્ષે ફિલ્મ "ઈ૯, હિલ્ટન ક્રોસ" થી અભિનયની શરૂઆત કરી હતી. તેણી "રાઉડી બેબી" અને "હિરણ્ય" જેવી ફિલ્મો તેમજ "નન્ના હેન્ડાથી સમ્જી" જેવી લોકપ્રિય સિરિયલોમાં જોવા મળી છે. ૨૦૨૧ માં, સુપરસ્ટાર કિચ્ચા સુદીપ દ્વારા હોસ્ટ કરાયેલ "બિગ બોસ કન્નડ સીઝન ૮" માં તેણીએ ઘર-ઘરમાં લોકપ્રિય નામ તરીકે વ્યાપક ઓળખ મેળવી હતી.

સુરક્ષા માંગતી દિવ્યા સુરેશ પણ ગયા વર્ષે ગંભીર કાનૂની વિવાદમાં ફસાઈ હતી. ૪ ઓક્ટોબર, ૨૦૨૫ ના રોજ મોડી રાત્રે બેંગલુરુના બ્યાતરાયણપુરા વિસ્તારમાં એક હિટ-એન્ડ-રન અકસ્માત થયો હતો, જેમાં ત્રણ લોકો ઘાયલ થયા હતા.

# શબ્દ શોધો

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ત | મા | બા | રી | ઔ | લા | ત્રિ | બા | ત | ખ | ળ | ધી |
| પ્ર | ક | ૨ | ણ | ઓ | વે | ન | કી | દ | મ | આ | ર |
| કો | ક | ધો | દા | ણી | ર | ક | અ | બ | તુ | દ | જ |
| દ | ચા | ર | ક | ક | ક્રો | પ્રા | શ | દ | ત | દ | સ |
| શ | ણિ | ણ | ન | ર | ગ | ળ | ર | બો | લા | કુ | વા |
| નિ | ધ | સ | સ | જ | કુ | દુ | આ | પ્ર | ળ | ભા | સા |
| દુ | વે | ર | ર | લ | નિ | મા | રો | ગ | મો | સ | ગ |
| વિ | ન | દ | દ | યા | જી | ક | સા | રો | ર | મા | કા |
| ધા | વિ | કા | ન | હ | કા | ક | બિ | દ | ન | કા | ક |
| બૂ | સ | ર | ન | ર | કે | સ | રી | બં | આ | ક | ત્રિ |
| ક્ષ | આ | ળ | વા | પ્રા | દ | ક | રી | ર | શ | કો | ર |
| ળ | વા | ઊ | દ | સ | મ | ર | દ | ચી | ણ | બા | ળ |

**શબ્દ શોધો:** ત્રિકોણ, ત્રિવેણી, દબદબો, દુનિયા, દુવિધા, ધીરજ, ધોરણ, નરકેસરી, નિવેદન, પ્રકરણ

# રણવીર સિંહે તેની આગામી ફિલ્મ પ્રલયની તૈયારીઓ શરૂ કરી : ફિલ્મનું શૂટિંગ ઓસ્ટ્રેલિયામાં થશે



મુંબઈ,

રણવીર સિંહ આ દિવસોમાં વિવિધ કારણોસર સમાચારમાં છે. જ્યારે "ધુરંધર" અને "ધુરંધર ૨" ની સફળતાએ ઈતિહાસ રચ્યો છે, ત્યારે તેણે "ડોન ૩" થી પણ પીછેહઠ કરી છે, જેણે તાજેતરમાં નોંધપાત્ર વિવાદ ઉભો કર્યો છે. "ડોન ૩" પર ફરહાન અખ્તર સાથેના વિવાદ બાદ, એફડબ્લ્યુઆઈસીઈએ રણવીર સિંહ સામે અસહકારની નોટિસ પણ જારી કરી હતી, જોકે પાછળથી એસોસિએશને પોતાનો નિર્ણય પાછો ખેંચી લીધો. રણવીર હવે તેની નવી ફિલ્મ "પ્રલય" માટે સમાચારમાં છે, જેનું શૂટિંગ અભિનેતા ટૂંક સમયમાં શરૂ કરવાના છે. એવું અહેવાલ છે કે ફિલ્મનું શૂટિંગ ભારતમાં નહીં, પરંતુ વિદેશમાં થશે, અને રણવીરે તૈયારીઓ શરૂ કરી દીધી છે.

પિંકવિલાના અહેવાલ મુજબ, રણવીર સિંહ આ વર્ષે સપ્ટેમ્બરમાં જય મહેતાની આગામી ફિલ્મ "પ્રલય"નું શૂટિંગ શરૂ કરશે. પ્રી-પ્રોડક્શનનું કામ શરૂ થઈ ગયું છે. આ ફિલ્મનું શૂટિંગ ભારતમાં નહીં, પરંતુ ઓસ્ટ્રેલિયામાં કરવામાં આવશે. આ ફિલ્મને બોલિવૂડમાં ઝોમ્બી એપોકેલિપ્સ શૈલીમાં એક નવો ઉમેરો માનવામાં આવે છે, જે લાંબા સમયથી સમાચારમાં છે. રણવીર સિંહના ચાહકો આ ફિલ્મ વિશે ગુંજારવ કરી રહ્યા છે. ખાસ કરીને "ધુરંધર ૨" ની સફળતા પછી, દર્શકો રણવીરને નવા અવતારમાં જોવા માટે ઉત્સાહિત છે. રણવીર સિંહ ૨૦૨૬ ના બીજા ભાગમાં જય મહેતાના દિગ્દર્શનમાં બનેલી ફિલ્મનું શૂટિંગ શરૂ કરશે તેવું જાણવા મળ્યું છે.

રણવીર સિંહ "પ્રલય" ની તૈયારીઓ શરૂ કરી રહ્યા છે. અહેવાલો અનુસાર, "પ્રલય" એક એવો પ્રોજેક્ટ છે જેમાં માનસિક અને શારીરિક પરિવર્તનની જરૂર છે.

# આલિયા ભટ્ટની આલ્ફા ફિલ્મને કોઈ પણ કાપ વગર સેન્સર બોર્ડે લીલી ઝંડી આપી



મુંબઈ,

આલિયા ભટ્ટની બહુપ્રતિક્ષિત એક્શન ફિલ્મ 'આલ્ફા' રિલીઝ પહેલા જ હેડલાઈન્સમાં છે. ચાહકો ફિલ્મ સાથે સંબંધિત દરેક નાની-મોટી અપડેટ જાણવા માટે ઉત્સુક છે. આ દરમિયાન, ફિલ્મ સાથે સંબંધિત એક મોટી અને મહત્વપૂર્ણ ખબર સામે આવી છે. "આલ્ફા" ફિલ્મે તેની રિલીઝમાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન પાર કર્યું છે, તેને સેન્સર બોર્ડ તરફથી લીલી ઝંડી મળી છે.

સોશિયલ મીડિયા પર ફરતા અહેવાલો અનુસાર, શિવ રવૈલ દ્વારા દિગ્દર્શિત આ ફિલ્મને સેન્ટ્રલ બોર્ડ ઓફ ફિલ્મ સર્ટિફિકેશન (ઝમ્હ્ફઝ) દ્વારા યુએ ૧૬+" પ્રમાણપત્ર આપવામાં આવ્યું છે. ફિલ્મનો રનટાઈમ પણ જાહેર કરવામાં આવ્યો છે, જે કુલ ૧૪૦ મિનિટ અથવા ૨ કલાક અને ૨૦ મિનિટનો સમયગાળો દર્શાવે છે. આ ફિલ્મ ૩ જુલાઈના રોજ વિશ્વભરના સિનેમાઘરોમાં રિલીઝ થવાની છે, જેમાં આલિયા ભટ્ટ પહેલીવાર ફુલ-ઓન એક્શન અવતારમાં જોવા મળશે.

સેન્સર બોર્ડે કોઈ કાપ કે ડિલીટ જાહેર કરી નથી, જેના કારણે એવું માનવામાં આવે છે કે ફિલ્મ કોઈપણ ફેરફાર વિના પાસ થઈ ગઈ છે. ફિલ્મમાં આલિયા ભટ્ટ અને શર્વરી મુખ્ય ભૂમિકામાં છે, જ્યારે બોબી દેઓલ અને અનિલ કપૂર પણ મુખ્ય ભૂમિકાઓ ભજવે છે. વધુમાં, દર્શકો માટે એક મોટું આશ્ચર્ય એ છે કે ઋત્વિક રોશનનો એક મનમોહક કેમિયો છે.

# વરિષ્ઠ નેતા વજુભાઈ વાળા સંગઠન સર્વોપરીની ભાવનાનું જીવંત ઉદાહરણ છે : ભુપેન્દ્રસિંહ ચુડાસમા

## કાર્યકર્તાની ભૂમિકા માત્ર રાજકીય નહીં પરંતુ સામાજિક અને રાષ્ટ્રીય જવાબદારી તરીકે નિભાવવાની જરૂરિયાત છે : વરિષ્ઠ નેતા વજુભાઈ વાળા



રાજકોટ

રાજકોટ શહેરના કમલમ કાર્યાલયમાં ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જીની ૧૨૫મી જન્મજયંતિ નિમિત્તે કાર્યકર્તા સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગુજરાતના વરિષ્ઠ અને અગ્રણી નેતાઓની ઉપસ્થિતિ વચ્ચે દીપ પ્રાગટ્ય કરીને સંમેલનને ખુલ્લું મૂકવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ગુજરાતના સૌથી સિનિયર અગ્રણી અને કર્ણાટકના પૂર્વ રાજ્યપાલ વરિષ્ઠ નેતા વજુભાઈ વાળા, ગુજરાતના પૂર્વ શિક્ષણ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા, શહેર ભાજપ પ્રમુખ માધવભાઈ દવે, ધારાસભ્ય ઉદયભાઈ કાનગડ સહિતના હોદ્દેદારો અને મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યકર્તા સંમેલનને સંબોધતા ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું કે પક્ષ માટે અને તેની વિચારધારા માટે અસંખ્ય કાર્યકર્તાઓએ પોતાના જીવનનું સર્વસ્વ સમર્પિત કરીને આજે દેશની સૌથી મોટી રાજકીય પાર્ટીનું વટવૃક્ષ ઊભું કર્યું છે. તેમની વર્ષોની અથાગ મહેનત, સમર્પણ અને સંગઠન પ્રત્યેની નિષ્ઠાનું પરિણામ આજે સમગ્ર દેશ સામે જોવા મળી રહ્યું છે. તેમણે નવા કાર્યકર્તાઓને સંદેશ આપતા જણાવ્યું હતું કે પક્ષને વધુ મજબૂત બનાવવા માટે “મેં નહીં, તું”ની ભાવના સાથે કાર્ય કરવું જરૂરી છે. બે સભ્યોથી શરૂ થયેલી રાજકીય વિચારધારા આજે સમગ્ર દેશમાં સનાતન સંસ્કૃતિ અને રાષ્ટ્રીય મૂલ્યોને જાળવી રાખવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહી છે. આ વિચારધારાની પાછળ કાર્યકર્તાઓનું સમર્પણ અને સંગઠનની શક્તિ સૌથી મોટું બળ છે. ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ કટોકટીના સમયથી પક્ષ માટે કાર્ય કરતા કાર્યકર્તાઓના અનુભવ અને સંગઠન પ્રત્યેના તેમના આદરભાવ અંગે પણ માર્ગદર્શન આપ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે સંગઠનનું બળ માત્ર નેતાઓમાં નહીં પરંતુ સામાન્ય કાર્યકર્તાઓની નિષ્ઠા અને પરિશ્રમમાં રહેલું છે અને એ જ પક્ષની સૌથી મોટી શક્તિ છે.કાર્યકર્તાઓને પ્રેરણા અને માર્ગદર્શન આપવા માટે ઉપસ્થિત રહેલા ગુજરાતના વરિષ્ઠ આગેવાનોની હાજરીએ સંમેલનની ગરિમામાં વધારો કર્યો હતો. કાર્યક્રમ દરમિયાન પક્ષના નાનામાં નાના કાર્યકર્તાને સાથે લઈને ચાલવાની પરંપરા અને સંસ્કૃતિને વિશેષ રીતે ઉજાગર કરવામાં આવી હતી. ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ પોતાના સંબોધનમાં ભાજપના વરિષ્ઠ નેતા વજુભાઈ વાળાનું ઉદાહરણ આપતાં જણાવ્યું હતું કે વજુભાઈ વાળાએ જીવનભર પક્ષ અને સંગઠનને સર્વોચ્ચ સ્થાન આપ્યું છે. પક્ષે જે જવાબદારી સોંપી તેને તેમણે સંપૂર્ણ નિષ્ઠા અને સમર્પણ સાથે નિભાવી છે. વિવિધ મહત્વના હોદ્દાઓ પર રહી ચૂક્યા હોવા છતાં પક્ષના હિતને હંમેશા પ્રાથમિકતા આપી અને જરૂર પડે ત્યારે કોઈપણ જવાબદારી સ્વીકારી છે. પદ કે હોદ્દો છોડ્યા પછી પણ તેમણે પક્ષ પ્રત્યે કોઈ ફરિયાદ કે અસંતોષ વ્યક્ત કર્યો નથી, જે કાર્યકર્તાઓ માટે જીવંત પ્રેરણાસ્રોત સમાન છે.

આ પ્રસંગે ગુજરાતના સૌથી વરિષ્ઠ અગ્રણી વજુભાઈ વાળાએ પણ કાર્યકર્તાઓ સાથે સંવાદ સાધ્યો હતો અને ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જીના રાષ્ટ્રવાદી વિચારો અને સંગઠન પ્રત્યેના સમર્પણને યાદ કરીને કાર્યકર્તાઓને સ્પષ્ટ દિશા અને પ્રેરણા આપી હતી. તેમણે કાર્યકર્તાની ભૂમિકા માત્ર રાજકીય નહીં પરંતુ સામાજિક અને રાષ્ટ્રીય જવાબદારી તરીકે નિભાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. આ કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત કાર્યકર્તાઓમાં ઉત્સાહ અને પ્રેરણાનો માહોલ જોવા મળ્યો હતો અને સંગઠનને વધુ મજબૂત બનાવવા માટે સમર્પિત ભાવનાથી કાર્ય કરવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરવામાં આવી હતી.

# 'તેરા તુજકો અર્પણ' રૂ.૩૨.૯૧ લાખનો મુદ્દામાલ અરજદારોને પરત અપાયો

## પોલીસે સીઈઆઈઆર પોર્ટલ મારફત તપાસ કરી ચોરી કે ગુમ થયેલ મોબાઈલ ફોન, સાયબર ફ્રોડમાં ગુમાવેલ નાણાં શોધી કાઢ્યા



રાજકોટ.

પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, એડી. સીપી ચૈતન્ય માંડલિક સહિતના ઉચ્ચ પોલીસ અધિકારીના માર્ગદર્શન હેઠળ નાગરિકોએ ગુમાવેલા નાણાં તથા કિંમતી ચીજવસ્તુઓ પરત અપાવવા સૂચના આપેલ હોય જે અંતર્ગત આજીડેમ,માલવિયાનગર અને રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશન દ્વારા તેરા તુજકો અર્પણ કાર્યક્રમ હેઠળ કુલ રૂ. ૩૨,૯૧,૯૭૯ કિંમતનો મુદામાલ અરજદારોને પરત સોંપવામાં આવ્યો હતો.

જેમાં રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશનના પીઆઈ એસ.આર.મેઘાણીની ઉપસ્થિતિમાં યોજાયેલા આ કાર્યક્રમમાં સાયબર ક્રાઈમ પોર્ટલ ૧૯૩૦ અને સી. ઈ આઈ.આર પોર્ટલની મદદથી સાયબર ફ્રોડમાં ગુમાવેલ નાણાં, ચોરી કે ગુમ થયેલ મોબાઈલ ફોન, રોકડ,સોનાના ઘરેણા મેળવી ૭૬ અરજદારોને કુલ ૧૧,૩૭,૯૪૯ કિંમતનો મુદ્દામાલ તેરા તુજકો અર્પણ કાર્યક્રમ હેઠળ મૂળ પરત સોંપવામાં આવ્યો હતો.

આજીડેમ પોલીસના પીઆઈ એચ.એન.પટેલના માર્ગદર્શન હેઠળ સાયબર ફ્રોડનો ભોગ બનેલા, ગુમ કે ચોરી થયેલ મોબાઈલ,વાહનો સહિત કુલ ૩૬ લાભાર્થીઓને તેરા તુજકો અર્પણ કાર્યક્રમ હેઠળ રૂપિયા ૧૦,૮૯,૫૪૦નો મુદ્દામાલ પરત અપાવવામાં આવ્યો છે.

માલવિયાનગર પોલીસ સ્ટેશનના પીઆઈ જે.એમ.કૈલાની રાહબરી હેઠળ પોલીસ સ્ટાફે સાયબર ક્રાઈમનો ભોગ બનેલા અને ચોરી કે ગુમ થયેલા મોબાઈલ ફોન,વહન તેમજ સોનાના ઘરેણા, શોધી કુલ ૪૪ અરજદારોને રૂ.૧૦,૬૪,૪૯૦નો મુદામાલ તેરા તુજકો અર્પણ કાર્યક્રમ હેઠળ પરત કર્યો હતો.

# રાજકોટ નાગરિક સહકારી બેંક લિ. દ્વારા મોબાઈલ શાખા માટે નવી અદ્યતન મોબાઈલ વાનનું લોકાર્પણ

## શહેરના વિવિધ વિસ્તારનાં લોકો મોબાઈલ શાખાની સુવિધાનો અનેરો લાભ મેળવી રહ્યા છે : દિનેશભાઈ પાઠક



રાજકોટ: રાજકોટ નાગરિક સહકારી બેંક લિ.ની મોબાઈલ શાખા માટે નવી અદ્યતન મોબાઈલ વાનનું લોકાર્પણ કરવામાં આવેલ. આ અવસરે બેંકના ચેરમેન શ્રી દિનેશભાઈ પાઠકે નવી મોબાઈલ વાનને શાસ્ત્રોક્ત વિધીથી પૂજા અર્ચન કરી વિધિવત શુભારંભ કરાવેલ.

બેંકના ચેરમેન શ્રી દિનેશભાઈ પાઠક અને વાઈસ ચેરમેન શ્રી જીવણભાઈ પટેલની સંયુક્ત યાદીમાં જણાવ્યું હતું કે, ‘બેંકની મોબાઈલ શાખા ઈ.સ. ૧૯૭૪માં શરૂ થયેલી છે. છેવાડાના માનવી સુધી બેંકિંગ સેવાઓ પહોંચાડવી અને તે પણ તેમના ઘર આંગણે, આવી નેમ સાથે આ મોબાઈલ શાખા શરૂ થયેલ અને આજે પાંચ દાયકાથી વધુ સમયથી મોબાઈલ શાખા શહેરના વિવિધ વિસ્તારમાં નિયત સમય પત્રક મુજબ જાય છે અને અદ્યતન બેંકિંગ સુવિધા પુરી પાડે છે. આ મોબાઈલ શાખામાં બેંકિગ સેવાઓ પૈકી બચત ખાતા ખોલવા, રોકડ જમા-ઉપાડ, એફ.ડી. બનાવવી, એફ.ડી. ઉપર લોન-ઓ.ડી., ટ્રાન્સફર, એન.ઈ.એફ.ટી.-આર.ટી.જી.એસ. જેવી વિવિધ સુવિધા સરળતાથી મળી રહે છે.’

મોબાઈલ શાખા લોકાર્પણ કાર્યક્રમમાં બેંક પરિવારમાંથી શ્રી દિનેશભાઈ પાઠક (ચેરમેન), શ્રી જીવણભાઈ પટેલ (વાઈસ ચેરમેન), ડિરેક્ટરગણમાંથી સીએ. શ્રી ચંદ્રેશભાઈ ધોળકીયા, શ્રી અશોકભાઈ ગાંધી, શ્રી માધવભાઈ દવે, શ્રી મંગેશજી જોશી, શ્રી દેવાંગભાઈ માંકડ, શ્રી હસમુખભાઈ ચંદારાણા, ડો. એન. જે. મેઘાણી, સીએ. શ્રી ભૌમિકભાઈ શાહ, સીએ. શ્રી બ્રિજેશભાઈ મલકાણ, શ્રી વિક્રમસિંહ પરમાર, સીએ. શ્રી દીપકભાઈ બકરાણીયા, શ્રી હસમુખભાઈ હિંડોચા, શ્રી કીર્તિદાબેન જાદવ, શ્રી જ્યોતિબેન ભટ્ટ, શ્રી લલિતભાઈ વોરા, શ્રી શૈલેષભાઈ મકવાણા (કો-ઓપ્ટ), શ્રી વિનોદ કુમાર શર્મા (જનરલ મેનેજર-સીઈઓ), શ્રી રજનીકાંત રાયચુરા (ડી.જી.એમ.), શ્રી વિપુલભાઈ દવે (પ્રમુખ-જાગૃત કર્મચારી મંડળ), શ્રી ઉમેદભાઈ જાની-શ્રી મનસુખભાઈ ગજેરા (સ્ટાફ રિલેશન અધીકારી), શ્રી પ્રશાંતભાઈ ભટ્ટ (સી.એમ.-કોમ્પ્લાયન્સ), શ્રી અશોકભાઈ શાહ (ડી.સી.એમ.-બેંકિંગ), શ્રી હિતેશભાઈ રાચ્છ (ડી.સી.એમ.-સેક્રેટરી), મોબાઈલ શાખાના કર્મચારીગણ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# રાજકોટમાં ડેપ્યુટી કલેકટર અને પ્રાંત અધિકારીઓની ખાલી જગ્યા તાત્કાલિક ભરવા કોંગ્રેસની માંગ

## ઈન્ચાર્જ અધિકારીઓના ભરોસે ચાલતા વહીવટી તંત્રને કારણે જનતાના કામોમાં વિલંબ થતો હોવાનો આક્ષેપ



રાજકોટ

રાજકોટ જિલ્લાની વહીવટી વ્યવસ્થામાં ડેપ્યુટી કલેકટર અને પ્રાંત કક્ષાના અધિકારીઓની મોટી સંખ્યામાં ખાલી પડેલી જગ્યાઓને કારણે વહીવટી તંત્ર પર કામનું ભારણ વધી રહ્યું હોવાનું જણાવી કોંગ્રેસ દ્વારા આ જગ્યાઓ તાત્કાલિક ભરવાની માંગ સાથે જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું. કોંગ્રેસના આગેવાનો દ્વારા રજૂઆત કરવામાં આવી હતી કે રાજકોટ જિલ્લો સમગ્ર સૌરાષ્ટ્રનું હાર્દ અને પાટનગર ગણાય છે, તેમ છતાં છેલ્લા ઘણા સમયથી જિલ્લાનું વહીવટી તંત્ર ઈન્ચાર્જ અધિકારીઓના આધારે ચાલી રહ્યું છે. રાજકોટ શહેરમાં પ્રાંત અધિકારીની પ્રથમ, દ્વિતીય અને તૃતીય એમ ત્રણેય જગ્યાઓ હાલમાં ખાલી હોવાનું જણાવાયું હતું.

આ ઉપરાંત રાજકોટ ગ્રામ્ય વિસ્તાર માટેની સ્ટેમ્પ ડ્યુટી મૂલ્યાંકનના ડેપ્યુટી કલેકટરની જગ્યા તેમજ ગોંડલના ડેપ્યુટી કલેકટરની જગ્યા પણ લાંબા સમયથી ખાલી હોવાનું કોંગ્રેસે જણાવ્યું હતું. મહત્વની જગ્યાઓ ખાલી રહેવાના કારણે વહીવટી તંત્રમાં શિથિલતા આવી રહી હોવાનું અને અધિકારીઓ પર વધતા ભારણને કારણે જનહિતના અનેક કામોમાં વિલંબ થતો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો. રજૂઆતમાં જણાવાયું હતું કે ઈન્ચાર્જ અધિકારીઓ દ્વારા મહત્વના નિર્ણયો લેવા તેમજ વિવિધ કેસોના ઝડપી નિકાલ માટે જરૂરી કાર્યવાહી કરવામાં ઉદાસીનતા દાખવવામાં આવતી હોવાથી સામાન્ય નાગરિકોના કામો ટળતા રહે છે. પરિણામે મહત્વના કેસો, ચુકાદાઓ અને વહીવટી પ્રક્રિયાઓ ખોરંભે પડી રહી હોવાનું પણ રજૂઆતમાં જણાવાયું હતું.

કોંગ્રેસે રાજ્ય સરકાર પર રાજકોટ પ્રત્યે અન્યાયપૂર્ણ વલણ અપનાવવાનો આરોપ લગાવતા જણાવ્યું હતું કે રાજકોટ જિલ્લાના જનહિતને ધ્યાનમાં રાખીને તાત્કાલિક ધોરણે ખાલી પડેલી તમામ ઉચ્ચ વહીવટી જગ્યાઓ પર કાયમી નિમણૂક કરવામાં આવે અને વહીવટી પ્રક્રિયાને વધુ અસરકારક અને સરળ બનાવવામાં આવે. જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવવાના કાર્યક્રમ દરમિયાન કોંગ્રેસના આગેવાનો ગાયત્રીબા વાઘેલા, અતુલ રાજાણી, અશોકસિંહ વાઘેલા, દિલીપભાઈ આસવાણી, મેઘજીભાઈ રાઠોડ, જસવંતસિંહ ભટ્ટી અને ગૌરવ પૂજારા ઉપસ્થિત રહ્યા હતા.

# વિરમગામ - રાજકોટ - ઓખા રૂટ પર 'કવચ' સુરક્ષા સક્રિય; રાજકોટ ડિવિઝનની ઐતિહાસિક સિદ્ધિ

## ૪૩૪ કિમી રેલવે સેક્શન પર સ્ટાન્ડર્ડ કવચ સિસ્ટમનું સફળ કમિશનિંગ : ડિસેમ્બર - ૨૦૨૬ સુધી સંપૂર્ણ ઈન્ટિગ્રેટેડ કવચ પ્રણાલી લાગુ કરવાનો લક્ષ્યાંક



રાજકોટ, પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝને વિરમગામ-રાજકોટ-ઓખા મુખ્ય રેલવે સેક્શનના ૪૩૪ કિલોમીટર વિસ્તારમાં સ્ટાન્ડર્ડ કવચ (Train Collision Avoidance System) સિસ્ટમનું સફળ કમિશનિંગ પૂર્ણ કરીને રેલવે સુરક્ષામાં મહત્વપૂર્ણ સિદ્ધિ હાંસલ કરી છે. આ સાથે સમગ્ર બ્લોક સેક્શન હવે કવચ સુરક્ષા પ્રણાલી હેઠળ આવરી લેવામાં આવ્યો છે.

સ્ટાન્ડર્ડ કવચ ભારતીય રેલવે દ્વારા વિકસાવાયેલી સ્વદેશી ટ્રેન ટક્કર નિવારણ પ્રણાલી છે, જે સામસામે અને પાછળથી થતી ટ્રેનની ટક્કર અટકાવવા, ટ્રેનના અનિયંત્રિત ખસી જવાને રોકવા, ઉભેલી ટ્રેનની સુરક્ષા તથા આપત્તિ સમયે ઓટોમેટિક RFID એલર્ટ જેવી સુવિધાઓ પ્રદાન કરે છે. ડેપ્યુટી ચીફ સિગ્નલ એન્ડ ટેલિકોમ એન્જિનિયર યોગેશ ગુપ્તાના જણાવ્યા મુજબ, સમગ્ર સેક્શન પર ૨,૯૫૦ AÉ#W ટેગ સ્થાપિત કરવામાં આવ્યા છે.હાલ કવચ પ્રોજેક્ટનો પ્રથમ તબક્કો પૂર્ણ થયો છે, જ્યારે લોકોમોટિવ, સ્ટેશન અને સિગ્નલિંગ સિસ્ટમ સાથેનું સંપૂર્ણ એકીકરણ ડિસેમ્બર-૨૦૨૬ સુધી પૂર્ણ કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. ડીઆરએમ ગિરિરાજ કુમાર મીનાએ જણાવ્યું હતું કે, આ સિદ્ધિ રાજકોટ ડિવિઝનની સુરક્ષા યાત્રામાં ઐતિહાસિક સીમાચિહ્ન સમાન છે અને રેલવેને વધુ સુરક્ષિત, આધુનિક તથા વિશ્વસનીય બનાવવામાં મહત્વપૂર્ણ સાબિત થશે.

# રાજકોટ સિટી પોલીસ દ્વારા આયોજિત ઓપન ગુજરાત રેપિડ ચેસ ચેમ્પિયનશિપ સફળતાપૂર્વક સંપન્ન

## ૧૪૩ યુવા ખેલાડીઓએ બતાવી પ્રતિભા: રૂ.૧.૨૨ લાખના રોકડ ઈનામો એનાયત



રાજકોટ, રાજકોટ સિટી પોલીસ, રાજકોટ ડિસ્ટ્રિક્ટ ચેસ એસોસિએશન અને એહસાસ ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે, ઓમ્નિટેક એન્જિનિયરિંગ લિમિટેડના સહયોગથી પોલીસ હેડક્વાર્ટર ખાતે ઓપન ગુજરાત રેપિડ ચેસ ચેમ્પિયનશિપ-૨૦૨૬નું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. અંડર-૧૩, અંડર-૧૫ અને અંડર-૧૭ વિભાગમાં યોજાયેલી સ્પર્ધામાં અમદાવાદ, વડોદરા, જામનગર, મોરબી, જૂનાગઢ, સુરેન્દ્રનગર, ભૂજ સહિત રાજ્યભરમાંથી કુલ ૧૪૩ ખેલાડીઓએ ભાગ લીધો હતો, જેમાં લગભગ અડધા ખેલાડીઓ રેટેડ હતા.

સાત રાઉન્ડની આ સ્પર્ધામાં વિજેતાઓને કુલ રૂ. ૧.૨૨ લાખના રોકડ ઈનામો, ૩૦ ટ્રોફી-મેડલ તથા તમામ ખેલાડીઓને પ્રમાણપત્રો એનાયત કરાયા હતા. છઉઈઅના ઓર્ગેનાઈઝિંગ ટ્રસ્ટી સીએ પરિન પટેલે જણાવ્યું હતું કે, આવી સ્પર્ધાઓ યુવા ખેલાડીઓમાં રમતગમતની ભાવના, એકાગ્રતા અને સ્પર્ધાત્મકતા વિકસાવવામાં મહત્વની ભૂમિકા ભજવે છે.કાર્યક્રમમાં ઓમ્નિટેક એન્જિનિયરિંગ લિમિટેડના ઈખઉ ઉદયભાઈ પારેખ, અઈઙ પઠાણ તથા અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ સાથે તા.૫ જુલાઈને રવિવારના રોજ પોલીસ હેડક્વાર્ટર ખાતે રાજકોટ જિલ્લા અંડર-૧૩ પસંદગી સ્પર્ધા યોજાશે, જેમાં પસંદગી પામેલા ખેલાડીઓને રાજ્ય કક્ષાની સ્પર્ધામાં જિલ્લાનું પ્રતિનિધિત્વ કરવાની તક મળશે.

# મનપા કચેરીએ પાણીની બોટલ સાથે 'આપ'નો હલ્લાબોલ

## પદ્મિનીબા વાળા અને વિજીલન્સ અધિકારી વચ્ચે ઉગ્ર બોલાચાલી, ટીંગાટોળી સાથે તમામની કરાઈ અટકાયત



રાજકોટ,

જંગલેશ્વર વિસ્તારમાં કરવામાં આવેલા ડિમોલીશન વખતે થયેલા ખર્ચમાં ભ્રષ્ટાચાર થયાના આક્ષેપ સાથે આજે આમ આદમી પાર્ટીએ પણ મહાપાલિકામાં વિરોધ પ્રદર્શન કરતા વિજીલન્સ અને પોલીસ ટીમ દ્વારા કાર્યકરોની અટકાયત કરી લેવામાં આવી હતી.

આગેવાનોએ સુત્રોચ્ચાર સાથે હાય હાયના નારા લગાવ્યા હતા. આજે આમ આદમી પાર્ટી દ્વારા કમિશનરને સંબોધીને લખવામાં આવેલા આવેદનપત્રમાં જણાવ્યું હતું કે, ડિમોલિશન દરમિયાન શરૂઆતમાં આશરે રૂ. ૨૭ લાખના ખર્ચની ચર્ચા હતી, પરંતુ ત્યારબાદ આ ખર્ચ વધીને અંદાજે રૂ. ૩.૫૦ કરોડ સુધી પહોંચ્યો હોવાનું સામે આવ્યું છે. જનતાના ટેક્સના પૈસાનો યોગ્ય અને પારદર્શક ઉપયોગ થવો જોઈએ, પરંતુ આ સમગ્ર પ્રકરણમાં ગંભીર પ્રશ્નો ઊભા થયા છે.

જો માત્ર એક જ ડિમોલિશન કામગીરીમાં આટલા મોટા પાયે ગેરરીતિની આશંકા ઊભી થઈ શકે, તો છેલ્લા ઘણા વર્ષોમાં કરવામાં આવેલા અન્ય જાહેર ખર્ચ અને કામોની પણ નિષ્પક્ષ તપાસ થવી અત્યંત જરૂરી છે.

જનતાના નાણાંનો દુરુપયોગ કરનાર કોઈપણ વ્યક્તિને રાજકીય હોદ્દો કે સરકારી પદના આધારે બચાવવો જોઈએ નહીં. આ કામગીરીમાં તમામ ખર્ચની નિવૃત ન્યાયાધીશની અધ્યક્ષતામાં સ્વતંત્ર અને નિષ્પક્ષ ઉચ્ચસ્તરીય તપાસ સમિતિની રચના કરવામાં આવે, સી.એ., ટેક્નીકલ નિષ્ણાંતો, પ્રતિષ્ઠિત લોકોનો સમાવેશ કરી દરેક દસ્તાવેજ જાહેર કરવા જોઈએ. જવાબદારો પાસેથી નુકસાનની વસુલાત કરીને કડક પગલા લેવા જોઈએ તેવી માંગણી પ્રમુખ દિનેશ જોશી સહિતના આગેવાનોએ કરી હતી.

આજે મહિલા સહિતના આગેવાનો વિવાદી ખર્ચવાળી પાણીની બોટલ લઈને આવ્યા હતા. પ્લેકાર્ડ પણ ફરકાવ્યા હતા. કમિશ્નર વિભાગમાં ધરણા પર બેસવાની તૈયારી કરતા વિજીલન્સ પોલીસે મંજૂરી આપી ન હતી અને તે બાદ તમામની અટકાયત કરાતા અમુક કાર્યકરો બેસી ગયા હતા. જેમની ટીંગાટોળી કરવામાં આવતા રકઝક પણ થઈ હતી.

જંગલેશ્વર ડિમોલીશનમાં થયેલા ખર્ચમાં ભ્રષ્ટાચારની ન્યાયિક તપાસ કરવાની માંગણી સાથે આજે આપના આગેવાનોએ કોર્પો.એ પહોંચી પાણીની બોટલ સાથે વિરોધ કરતા કાર્યકરોને ઉપાડીને પોલીસ દ્વારા અટકાયત કરવામાં આવી હતી.

# DRIએ સમગ્ર ભારતમાં ૯ કિલો સ્મગલિંગનું સોનું, ૪૨ કિલો ચાંદી અને ૮.૫ કરોડનું વિદેશી હૂંડિયામણ જપ્ત કર્યું

## DRIએ દિલ્હીમાં ગેરકાયદેસર મેલ્ટિંગ યુનિટ તોડી પાડ્યું; સોનાની દાણચોરીના કેસમાં આઠની ધરપકડ કરાઈ



નવી દિલ્હી,
સરહદ પાર સોનાની દાણચોરી સામે સતત કાર્યવાહીમાં, ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઇન્ટેલિજન્સ (DRI) ના અધિકારીઓએ દિલ્હી સ્થિત વધુ એક સોનાની દાણચોરી ટોળકીનો પર્દાફાશ કર્યો, જે વિવિધ ટ્રેનો દ્વારા મુસાફરી કરતા અનેક કેરિયર્સનો ઉપયોગ કરીને ઉત્તર પૂર્વીય ક્ષેત્રમાંથી દિલ્હીમાં વિદેશી મૂળના સોનાની દાણચોરીમાં સામેલ હતી. પકડાઈ જવાના જોખમને ઘટાડવા માટે આ સિન્ડિકેટ કેરિયર્સની ગતિવિધિઓને સ્થગિત કરતી હતી. તેઓ દિલ્હીના ગીચ વસ્તીવાળા રહેણાંક વિસ્તારમાં સોનું ઓગળવાની સુવિધા ચલાવતા હતા. તારીખ ૨૬.૦૬.૨૬ ના રોજ, એક ઝીણવટપૂર્વક સંકલિત ઓપરેશનમાં, DRI અધિકારીઓએ પશ્ચિમ બંગાળના ન્યૂ કૂચબિહાર રેલવે સ્ટેશન અને બિહારના માનસી જંક્શન પર બે કેરિયર્સને અટકાવ્યા હતા. DRI દ્વારા અટકાવવામાં આવેલા વ્યક્તિઓ પાસેથી તેમના શરીર પર છુપાવેલી આશરે ૨ કિલો વજનની સોનાની લગડીઓ મળી આવી હતી. તેની સાથે જ, દિલ્હીમાં પણ બે વ્યક્તિઓની આશરે ૧.૨ કિલો વજનના સ્મગલિંગના સોના સાથે અટકાયત કરવામાં આવી હતી. આ દરમિયાનગીરીના કારણે દિલ્હીમાં સોનું ઓગળવાની ગેરકાયદેસર સુવિધા શોધી કાઢવામાં આવી હતી. આ ચારેય વ્યક્તિઓની ધરપકડ કરવામાં આવી હતી. તે જ દિવસે, અન્ય એક ઓપરેશનમાં, DRI અધિકારીઓએ સાઈરાંગથી કોલકાતા ટ્રેન દ્વારા મુસાફરી કરી રહેલી એક મહિલા કેરિયરને અટકાવી હતી અને તેની પાસેથી વિદેશી ભાષામાં માર્કિંગ ધરાવતી, વિદેશી મૂળની ૨૦ સોનાની લગડીઓ રિકવર કરી હતી, જેનું વજન આશરે ૩.૩ કિલો હતું. આ સોનું ખાસ તૈયાર કરાયેલા કમરના બેલ્ટમાં છુપાવવામાં આવ્યું હતું. આ મુસાફરની ધરપકડ કરવામાં આવી હતી. તદુપરાંત, ચેન્નાઈમાં, DRI એ સ્થાનિક એર કાર્ગો કન્સાઇનમેન્ટ્સ દ્વારા વિદેશી ચલણની ગેરકાયદેસર હેરફેર અને ભારતમાં સોના અને ચાંદીની સંગઠિત દાણચોરીની નાણાકીય વ્યવસ્થામાં તેના ઉપયોગ સાથે સંકળાયેલા એક મોટા સ્મગલિંગ રેકેટનો સફળતાપૂર્વક પર્દાફાશ કર્યો છે. DRI અધિકારીઓએ ચેન્નાઈ એર કાર્ગો ખાતે કન્સાઇનમેન્ટ્સ અટકાવ્યા હતા અને અંદાજે ?૮.૧૫ કરોડની કિંમતના USD ૭,૫૮,૫૦૦ અને થાઈ બાહ્ટ ૩૫,૦૦,૦૦૦ નું વિદેશી ચલણ રિકવર કર્યું હતું. વિદેશી ચલણના ગેરકાયદેસર પરિવહન અને ડિલિવરીમાં સામેલ ત્રણ વ્યક્તિઓની અટકાયત કરવામાં આવી છે.

# કેન્દ્રીય મંત્રીમંડળે ૧૪,૧૧૫ કરોડ રૂપિયાના પ્રોજેક્ટ્સને મંજૂરી આપી

## પ્રોજેક્ટ ૭.૫૪ લાખ વ્યક્તિ-દિવસ સીધી રોજગારી અને ૯.૮૦ લાખ વ્યક્તિ-દિવસ પરોક્ષ રોજગારીનું સર્જન કરશે

નવી દિલ્હી,
પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં બુધવારે કેન્દ્રીય મંત્રીમંડળે ૧૪,૧૧૫ કરોડ રૂપિયાના રોડ પ્રોજેક્ટ્સને મંજૂરી આપી હતી. આ પ્રોજેક્ટમાં દિલ્હીના વસંત કુંજમાં દ્વારકા એક્સપ્રેસવેને નેલ્સન મંડેલા માર્ગ સાથે જોડતી NH-148AE માટે ૬-લેન રોડ ટનલનું બાંધકામ શામેલ છે. પ્રોજેક્ટની વિગતો શેર કરતા, માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે તે પશ્ચિમ અને દક્ષિણ દિલ્હી વચ્ચે ઝડપી કનેક્ટિવિટી પ્રદાન કરશે, su UER 2/ દ્વારકા એક્સપ્રેસવેને દક્ષિણ દિલ્હીના વસંત કુંજ સાથે જોડશે.

૮.૧ કિલોમીટરનો આ પ્રોજેક્ટ NH (O) યોજના હેઠળ હાઈબ્રિડ એન્યુઈટી મોડ (HAM) હેઠળ કુલ ૬,૯૬૯.૬૭ કરોડ રૂપિયાના મૂડી ખર્ચ સાથે વિકસાવવામાં આવશે.

"ભૂગર્ભ ટ્વીન-ટ્યુબ ટનલ સપાટીના ભંગાણને ઘટાડે છે, સધર્ન રિજ ફોરેસ્ટ (૧.૯૮ કિમી ટનલ સેક્શન રિજની નીચેથી પસાર થાય છે) ને સાચવે છે. NHAI એઈમ્સ અને મહિપાલપુર વચ્ચે એક એલિવેટેડ કોરિડોરનો પણ પ્રસ્તાવ મૂકી રહ્યું છે. આ લિંક ટનલને બારાપુલ્લા એલિવેટેડ રોડ સાથે જોડશે, જેનાથી પશ્ચિમ દિલ્હી, દક્ષિણ દિલ્હી પૂર્વ દિલ્હી, ગાઝિયાબાદ અને નોઈડા સાથે જોડાશે," સરકારે એક પ્રકાશનમાં જણાવ્યું હતું.

એવું અનુમાન કરવામાં આવ્યું છે કે રાષ્ટ્રીય ધોરીમાર્ગના દરેક લેન-કિલોમીટરના વિકાસથી સરેરાશ ૨૬૪ વ્યક્તિ-દિવસ/દિવસ સીધી રોજગારી અને સરેરાશ ૫૫ વ્યક્તિ-દિવસ/દિવસ પરોક્ષ રોજગારી ઉત્પન્ન થાય છે.

# ઉત્તરાખંડમાં મદરેસા બોર્ડ નાબૂદ; સામાન્ય શાળા નિયમો લાગુ કરવામાં આવ્યા

## સીએમ ધામીની આગેવાનીવાળી સરકારે લીધો નિર્ણય

દહેરાદુન,
ઉત્તરાખંડ સરકારે બુધવાર (૧ જુલાઈ) થી સમગ્ર રાજયમાં મદરેસા શિક્ષણ બોર્ડને ઔપચારિક રીતે નાબૂદ કરીને તેની મદરેસા શિક્ષણ પ્રણાલીમાં મોટો ફેરફાર કર્યો છે. સરકારી આદેશ મુજબ, રાજ્યની તમામ માન્ય મદરેસાઓ હવે રાજ્ય લઘુમતી શૈક્ષણિક સંસ્થા સત્તામંડળ હેઠળ આવશે, જે તેમની માન્યતા, અભ્યાસક્રમ, વહીવટ અને નિયમનકારી માળખાનું નિરીક્ષણ કરશે.

આ પગલાથી ઉત્તરાખંડ દેશનું પ્રથમ રાજ્ય બનશે જેણે તેના મદરેસા શિક્ષણ બોર્ડને તોડી નાખ્યું અને માન્ય મદરેસાને શાળા જેવી નિયમનકારી પ્રણાલીમાં એકીકૃત કર્યું. રાજ્ય સરકારે જાળવી રાખ્યું છે કે હવે ફક્ત ધાર્મિક શિક્ષણ પૂરતું નથી અને વિદ્યાર્થીઓને આધુનિક શૈક્ષણિક કુશળતાથી સજ્જ કરવા માટે મદરેસાએ મુખ્ય પ્રવાહના શિક્ષણ ધોરણો સાથે સુસંગત હોવું જોઈએ.

**નવા આદેશ હેઠળ શું બદલાશે?**

નવા આદેશ મુજબ, રાજયભરની તમામ રજિસ્ટર્ડ મદરેસામાં હવે શાળા અભ્યાસક્રમ શીખવવામાં આવશે. વધુમાં, શાળાઓને લાગુ પડતા તમામ નિયમો અને ધોરણો હવે આ મદરેસાઓ પર પણ લાગુ થશે. મદરેસાઓને આ નવી સિસ્ટમ સાથે પોતાને સંરેખિત કરવાની જરૂર પડશે. તેમણે દ્મઝઈઈ-આધારિત અભ્યાસક્રમ અપનાવવો પડશે જે રાષ્ટ્રીય શૈક્ષણિક ધોરણોને પૂર્ણ કરે અને આધુનિક વિષયોમાં પણ સૂચના પૂરી પાડે.

# અયોધ્યા રામ મંદિર દાન ચોરી કેસઃ તપાસનો વિસ્તાર થતાં SITને ૧૫ દિવસનો સમય મળ્યો

## સરકારે ટીમને ૧૫ જુલાઈ સુધીમાં તેનો અહેવાલ રજૂ કરવાનો નિર્દેશ આપ્યો





નવી દિલ્હી/અયોધ્યા,
ઉત્તર પ્રદેશ સરકારે રામ મંદિર દાન સંગ્રહમાં કથિત ગેરરીતિઓની તપાસ કરી રહેલી ત્રણ સભ્યોની સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (SIT) ને ૧૫ જુલાઈ સુધી ૧૫ દિવસનો વધારો આપ્યો છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે તપાસકર્તાઓ પાસે આઠ ધરપકડ કરાયેલા આરોપીઓથી આગળ તપાસનો વિસ્તાર કરવા અને કથિત ગેરરીતિઓને સક્ષમ બનાવ્યું છે કે કેમ તે નક્કી કરવા માટે વધારાનો સમય છે.

SIT એ તેનો અંતિમ અહેવાલ રજૂ કરતા પહેલા વ્યાપક તપાસ પૂર્ણ કરવા માટે વધુ સમય માંગ્યા બાદ મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે આ વિસ્તરણને મંજૂરી આપી હતી. "સરકારે ટીમને ૧૫ જુલાઈ સુધીમાં તેનો અહેવાલ રજૂ કરવાનો નિર્દેશ આપ્યો હતો," એક અધિકારીએ જણાવ્યું હતું.

લખનૌના ડિવિઝનલ કમિશનર વિજય વિશ્વાસ પંત, ઈન્સ્પેક્ટર જનરલ (લખનૌ રેન્જ) કિરણ એસ અને ખાસ સચિવ (નાણા) નીલ રતન, SIT ના ત્રણ સભ્યો, દાન પેટીઓમાંથી બેંક થાપણોમાં રોકડ ભેટ કેવી રીતે ખસેડવામાં આવી તેની તપાસ કરવા અને દરેક તબક્કે જવાબદારી નક્કી કરવા માટે અયોધ્યા પાછા ફરવાની અપેક્ષા છે.

આઠ આરોપીઓની ધરપકડ પછી SIT એ દાનના સંચાલનને નિયંત્રિત કરતા સંસ્થાકીય માળખા પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. તે તપાસ કરશે કે દેખરેખ અને માનવશક્તિ તૈનાત માટે જવાબદાર અધિકારીઓની ભૂલોએ કથિત ગેરરીતિઓને સરળ બનાવતી પરિસ્થિતિઓ બનાવી છે કે નહીં. શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટ, જે મંદિરનું સંચાલન કરે છે, તેની વિનંતી પર ૧૩ જૂને SIT ની રચના કરવામાં આવી હતી.

# સાંસદ રાઘવ ચઢ્ઢા વિરુદ્ધ સોશિયલ મીડિયા પર અપમાનજનક સામગ્રી દૂર કરો

## ચઢ્ઢાની અરજી પર દિલ્હી હાઈકોર્ટે આદેશ આપ્યો

નવી દિલ્હી,
દિલ્હી હાઈકોર્ટે ભાજપના રાજ્યસભા સાંસદ રાઘવ ચઢ્ઢાને લક્ષ્ય બનાવતી કેટલીક વાંધાજનક સોશિયલ મીડિયા સામગ્રી દૂર કરવાનો નિર્દેશ આપ્યો હતો. ચઢ્ઢાએ હાઈકોર્ટમાં અરજી કરી હતી જેમાં તેમણે સોશિયલ મીડિયા પર ફરતી દૂષિત, બનાવટી, છૈં-જનરેટેડ અને ડીપફેક સામગ્રીને દૂર કરવાની માંગ કરી હતી, અને આરોપ લગાવ્યો હતો કે તેનાથી તેમની પ્રતિષ્ઠાને ગંભીર નુકસાન થયુંછે અને તેમના વ્યક્તિત્વના અધિકારોનું ઉલ્લંઘન થયું છે.

વચગાળાનો આદેશ આપતા, ન્યાયાધીશ સુબ્રમણ્યમ પ્રસાદે કહ્યું, "મેં કહ્યું હતું કે કોઈ વ્યક્તિત્વ અધિકારો સામેલ નથી. જોકે, મેં (ચોક્કસ સામગ્રી) દૂર કરવા કહ્યું છે."

ન્યાયાધીશે વધુમાં અવલોકન કર્યું, "બાકી, સામગ્રી પ્રથમ દ્રષ્ટિએ બદનક્ષીકારક નથી." કોર્ટે ૨૧ મેના રોજ ચઢ્ઢાની વચગાળાની રાહત માટેની અરજી પર પોતાનો ચુકાદો અનામત રાખ્યો હતો.

તેમની અરજીમાં, ચઢ્ઢાએ દલીલ કરી હતી કે કૃત્રિમ બુદ્ધિમત્તા અને ડીપફેક ટેકનોલોજીનો ઉપયોગ પરવાનગી વિના ચાલાકીયુક્ત સામગ્રી બનાવવા અને પ્રસારિત કરવા માટે કરવામાં આવી રહ્યો છે, જે તેમના કાનૂની અને બંધારણીય અધિકારોનું ઉલ્લંઘન કરે છે. ઐશ્વર્યા રાય બચ્ચન, અભિષેક બચ્ચન, સલમાન ખાન, રવિશંકર, સુધીર ચૌધરી, રાજ શમાની અને પવન કલ્યાણ સહિત અનેક જાહેર હસ્તીઓએ અગાઉ દિલ્હી હાઈકોર્ટમાં તેમના વ્યક્તિત્વ અને પ્રચાર અધિકારોના રક્ષણ માટેઅરજી કરી હતી.

# વેનેઝુએલાથી પરત ફરેલા ભારતીય નાવિકના શરીરમાંથી મગજ, હૃદય અને અન્ય અવયવો ગાયબ

## વેનેઝુએલાના વહીવટીતંત્ર અને ભારતીય દૂતાવાસ દ્વારા તાત્કાલિક તપાસની પરિવારે કરી માંગ

નવીદિલ્હી,
વેનેઝુએલામાં ફરજ દરમિયાન મૃત્યુ પામેલા ભારતીય મર્ચન્ટ નેવી નાવિક રાકેશ ચૌહાણના શરીરમાંથી મગજ, હૃદય, ફેફસાં અને લીવર સહિત અનેક આંતરિક અવયવો ગાયબ મળી આવ્યા હોવાનું જાણવા મળ્યું છે. શરીર ભારતમાં પહોંચ્યા પછી બીજા પોસ્ટમોર્ટમ દરમિયાન આ માહિતી મળ્યા બાદ, પરિવારે આ બાબતની નિષ્પક્ષ તપાસની માંગ કરી છે. દરમિયાન, ફેડરેશન ઓફ સીફેરર્સ યુનિયન્સ ઓફ ઈન્ડિયાએ આ બાબત અંગે ગંભીર પ્રશ્નો ઉઠાવ્યા છે અને વેનેઝુએલાના વહીવટીતંત્ર અને ભારતીય દૂતાવાસ દ્વારા તાત્કાલિક તપાસની માંગ કરી છે.

૩૩ વર્ષીય રાકેશ ચૌહાણ, મૂળ ઉત્તર પ્રદેશના દેવરિયા જિલ્લાના રહેવાસી, તેમના પરિવાર સાથે મુંબઈમાં રહેતા હતા. તેઓ નવેમ્બર ૨૦૨૫ માં મર્ચન્ટ નેવીમાં જોડાયા હતા અને વેનેઝુએલામાં મરીન ફિટર તરીકે કામ કરતા હતા. પરિવારના સભ્યોના જણાવ્યા અનુસાર, ૭ મેના રોજ કંપનીએ અહેવાલ આપ્યો હતો કે રાકેશ ચક્કર આવવાને કારણે જહાજ પર પડી ગયો હતો અને ગંભીર રીતે ઘાયલ થયો હતો. બીજા દિવસે, તેમની સ્થિતિ ગંભીર હોવાનું જણાવાયું હતું, અને બાદમાં કંપનીએ તેમના મૃત્યુની જાહેરાત કરી હતી. કંપનીએ દાવો કર્યો હતો કે પડી ગયા પછી સારવાર દરમિયાન તેમને હાર્ટ એટેક આવ્યો હતો, જેના કારણે તેમનું મૃત્યુ થયું હતું.

જોકે, જ્યારે મૃતદેહ લગભગ એક મહિના પછી ભારતમાં પહોંચ્યો અને બીજું પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યું, ત્યારે પરિવારનો આરોપ છે કે મગજ, હૃદય, ફેફસાં અને લીવર સહિત અનેક મહત્વપૂર્ણ આંતરિક અવયવો ગાયબ હતા. આનાથી મામલો વધુ વકર્યો છે.

એફએસયુઆઈ એ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર જાહેર કરેલા એક નિવેદનમાં અનેક પ્રશ્નો ઉઠાવ્યા છે. યુનિયને પૂછ્યું કે પરિવારની પરવાનગી વિના શરીરમાંથી મહત્વપૂર્ણ અંગો કેમ કાઢી નાખવામાં આવ્યા.

# દક્ષિણ આફ્રિકામાં સ્થળાંતર મામલે દેશવ્યાપી વિરોધ પ્રદર્શન

## પોલીસે ૯૦૦ થી વધુ લોકોની ધરપકડ કરી

દક્ષિણ આફ્રિકા
૩૦ જૂનના રોજ દેશવ્યાપી વિરોધ પ્રદર્શનો દરમિયાન દક્ષિણ આફ્રિકાની પોલીસે ૯૦૦ થી વધુ લોકોની ધરપકડ કરી હતી, જેમાં દેશભરમાં ૧૨૦ માર્ચમાંથી માત્ર ૧૨ માર્ચને કાયદા અમલીકરણ દખલગીરીની જરૂર હતી.

ડેપ્યુટી નેશનલ કમિશનર ફોર પોલીસિંગ, લેફ્ટનન્ટ જનરલ ટીસી મોસિકિલીએ આજે એક મીડિયા બ્રીફિંગમાં જણાવ્યું હતું કે ૧૦૮ પ્રદર્શનો શાંતિપૂર્ણ રહ્યા હતા, પરંતુ લૂંટફાટ અને ગુનાખોરીની અલગ-અલગ ઘટનાઓનો જવાબ આપવા માટે પોલીસને રાતોરાત ગૌટેંગ, પૂર્વીય કેપ, ક્વાઝુલુ-નાતાલ, ફ્રી સ્ટેટ અને પશ્ચિમી કેપમાં મજબૂતીકરણ તૈનાત કરવાની ફરજ પડી હતી.

પોલીસ કામગીરીના સમર્થનમાં દક્ષિણ આફ્રિકાની રાષ્ટ્રીય સંરક્ષણ દળને ગૌટેંગના હિલબ્રોમાં સૈનિકો તૈનાત કરવામાં આવ્યા હતા.

પશ્ચિમ કેપમાં સૌથી વધુ ૨૧૫ લોકોની અટકાયત કરવામાં આવી હતી, ત્યારબાદ પૂર્વીય કેપમાં ૨૦૮ ધરપકડો અને ક્વાઝુલુ-નાતાલમાં ૧૫૩ લોકોની ધરપકડ કરવામાં આવી હતી. ફ્રી સ્ટેટ પોલીસે ૧૩૨ લોકોની ધરપકડ કરી હતી, જ્યારે ઉત્તર પશ્ચિમમાં ૮૩ ધરપકડો નોંધાઈ હતી. ગૌટેંગે ૮૨ થી વધુ લોકોની ધરપકડ કરી, ઉત્તરી કેપ ૫૧, લિમ્પોપોમાં ૨૬ અને મ્પુમલાંગામાં સાત લોકોની ધરપકડ કરી.

# કેનેડાઃ પોઈલીવરે શેડો મિનિસ્ટર્સમા ૩ ભારતીય મૂળના સાંસદોને બઢતી આપી

## નાણા સંભાળતા હેલનને શેડો મિનિસ્ટર ફોર નેશનલ રેવન્યુમાં ખસેડવામાં આવ્યો

ટોરોન્ટો,
જ્યારે તેમનો પક્ષ શાસક લિબરલ્સ સાથે સ્પર્ધા કરવા માટે સંઘર્ષ કરી રહ્યો છે, ત્યારે કેનેડાના કન્ઝર્વેટિવ નેતા પિયર પોઈલીવરે તેમના ટોચના સંસદીય ટીકાકારો અથવા શેડો મંત્રીઓની રેન્કમાં ફેરબદલ કર્યો, જેમાં ત્રણ ઈન્ડો-કેનેડિયન સાંસદોને પણ ઉન્નત કરવામાં આવ્યા.

મંગળવારે જાહેર કરાયેલા એક પ્રકાશનમાં પાર્ટી દ્વારા આ ફેરબદલની જાહેરાત કરવામાં આવી હતી. તેને "કન્ઝર્વેટિવ અફોર્ડેબિલિટી ટીમ" તરીકે વર્ણવવામાં આવ્યું હતું, જે પોઈલીવરે કહ્યું હતું કે તેમનું "નવીકરણ કરાયેલ શેડો કેબિનેટ છે જે કેનેડિયનોને ઘરે લાવવા માટે લડશે, ઓછી કિંમતો, સુરક્ષિત શેરીઓ અને એક સંયુક્ત દેશ."

પોષણક્ષમતા પર ધ્યાન કેન્દ્રિત કરીને, પાર્ટી માટે શેડો નાણામંત્રીની ભૂમિકા નિર્ણાયક બની રહી છે, ત્યારે ઈન્ડો-કેનેડિયન સાંસદ જસરાજ હેલનને તે પોર્ટફોલિયોમાંથી કાઢી મૂકવામાં આવ્યો હતો અને રાષ્ટ્રીય મહેસૂલ સંભાળવા માટે ડિમોટ કરવામાં આવ્યો હતો, જ્યારે તે અનુભવી સાંસદ માઈકલ ચોંગને આપવામાં આવ્યું હતું, જેઓ અગાઉ વિદેશી બાબતોનો સામનો કરી રહ્યા હતા.

"આ (માર્ક) કાર્ની સરકારના છેલ્લા ૧૫ મહિનાથી હું જે જોઈ રહ્યો છું તે એક એવી અર્થવ્યવસ્થા છે જે પાછલી (જસ્ટિન) ટ્રૂડો સરકાર હેઠળના માર્ગ પર ચાલુ રહે છે," ચોંગે આઉટલેટ ગ્લોબ એન્ડ મેઈલને જણાવ્યું.

૨૦૨૨ થી નાણા સંભાળતા હેલનને શેડો મિનિસ્ટર ફોર નેશનલ રેવન્યુમાં ખસેડવામાં આવ્યા હતા.

જોકે, અન્ય ઈન્ડો-કેનેડિયન સાંસદોને પ્રમોશન મળ્યું. શુભ મજુમદારને કેનેડા-યુએસ સંબંધો માટે શેડો મિનિસ્ટર બનાવવામાં આવ્યા હતા, જ્યારે યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે વેપાર પર કેનેડા-યુએસ-મેક્સિકો કરારને રદ કરવાની ધમકી આપી હતી. ભૂતપૂર્વ પીએમ સ્ટીફન હાર્પરના નજીકના માનવામાં આવતા મજુમદાર તેમના કાર્યકાળ દરમિયાન સરકારના વિદેશ નીતિ સલાહકાર હતા.

# ભારતીય સેનાની દિશા હવે "જય થી વિજય" ના મંત્ર પર આગળ વધશે : જનરલ ધીરજ સેઠ

## જનરલ સેઠે "વિજય" નામના ખાસ થ્રેડમાં પોતાનું વિઝન રજૂ કર્યું



નવીદિલ્હી,
જનરલ ધીરજ સેઠે ભારતીય સેનાના ૩૧મા આર્મી સ્ટાફ ચીફનું પદ સંભાળતાં, તેમણે તેમના પહેલા સંબોધનમાં સ્પષ્ટ કર્યું કે ભારતીય સેનાની દિશા હવે "જય થી વિજય" ના મંત્ર પર આગળ વધશે. "જય હિંદ" થી પોતાના પહેલા સંબોધનની શરૂઆત કરતાં, જનરલ સેઠે કહ્યું કે આ તેમના માટે ગર્વ અને નમ્રતાનો ક્ષણ છે. વડા પ્રધાન અને સંરક્ષણ પ્રધાનનો આભાર માનતા, તેમણે કહ્યું કે તેઓ ફરજ, સન્માન અને રાષ્ટ્ર પ્રથમના સિદ્ધાંતો પ્રત્યે સંપૂર્ણ નિષ્ઠા સાથે આ જવાબદારી નિભાવશે. તેમણે રાષ્ટ્રના રક્ષણમાં સર્વોચ્ચ બલિદાન આપનારા બહાદુર સૈનિકોને શ્રદ્ધાંજલિ આપી અને કહ્યું કે તેમની હિંમત અને સમર્પણ આવનારી પેઢીઓને પ્રેરણા આપતું રહેશે.

નવા આર્મી ચીફ ધીરજ સેઠે જણાવ્યું હતું કે ભારતીય સેના એક લડાઈ માટે તૈયાર અને યુદ્ધ માટે કઠિન દળ છે, જે દરેક પડકારનો સામનો કરવા સક્ષમ છે. બદલાતા સુરક્ષા વાતાવરણને ધ્યાનમાં રાખીને, સેનાને આધુનિક બનાવવા અને ભવિષ્યના પડકારોને અનુરૂપ ટેકનોલોજી-સક્ષમ, ભવિષ્ય માટે તૈયાર સેના બનાવવા માટે અત્યાધુનિક ટેકનોલોજી અપનાવવા પર વિશેષ ભાર મૂકવામાં આવશે.

જનરલ સેઠે "વિજય" નામના ખાસ થ્રેડમાં પોતાનું વિઝન રજૂ કર્યું, જેમાં સેનાની ભવિષ્યની પ્રાથમિકતાઓનો સમાવેશ થાય છે. — તકેદારીઃ સરહદો અને ઉભરતા જોખમોનું સતત નિરીક્ષણ કરીને ઉચ્ચ સ્તરની ઓપરેશનલ તૈયારી જાળવી રાખવી.

— નવીનતા અને પરિવર્તનઃ યુદ્ધ સિદ્ધાંતો અને તકનીકી ઉકેલોમાં નવીનતાને પ્રોત્સાહન આપવું અને બદલાતા યુદ્ધક્ષેત્રને અનુકૂલન કરવા માટે સેનામાં જરૂરી ફેરફારો કરવા.

— સંયુક્તતા અને એકીકરણઃ સેના, વાયુસેના અને નૌકાદળ વચ્ચે વધુ સુમેળ સ્થાપિત કરવો, અને લશ્કરી-નાગરિક સંમિશ્રણ અને સમગ્ર રાષ્ટ્ર અભિગમ દ્વારા રાષ્ટ્રીય સુરક્ષા અને વિકસિત ભારત ૨૦૪૭ ના લક્ષ્યમાં યોગદાન આપવું.

— આત્મનિર્ભરતાઃ સ્વદેશી ટેકનોલોજી અને સંરક્ષણ પ્રણાલીઓ દ્વારા આત્મનિર્ભર સેનાનું નિર્માણ. તેમનો સૂત્ર "સ્વદેશી ઉકેલો સાથે યુદ્ધ જીતવું" હશે.

— યોદ્ધા ફર્સ્ટઃ અગ્નિવીરોથી લઈને નિવૃત્ત સૈનિકો અને વીર નારીઓ સુધીના દરેક યોદ્ધાની તાલીમ, ટેકનિકલ કુશળતા, કલ્યાણ અને સશક્તિકરણને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવી.

જનરલ ધીરજ સેઠે ભૂતપૂર્વ સેના વડા જનરલ ઉપેન્દ્ર દ્વિવેદી અને તમામ ભૂતપૂર્વ સેના વડાઓના યોગદાનને પણ શ્રદ્ધાંજલિ આપી.

# ગૌહત્યા પર સંપૂર્ણ પ્રતિબંધ મુકવાના મદ્રાસ હાઈકોર્ટના આદેશને તમિલનાડુ સરકારે સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો

## હાઈકોર્ટનો આદેશ તમિલનાડુ એનિમલ પ્રિઝર્વેશન એક્ટ, ૧૯૫૮ની વિરુદ્ધ હોવાની રજૂઆત

નવી દિલ્હી/ચેન્નાઈ,
તામિલનાડુ સરકારે બુધવારે મદ્રાસ હાઈકોર્ટના આદેશને પડકારતી સુપ્રીમ કોર્ટમાં દાખલ કરી હતી જેણે રાજ્યમાં ગાય અને વાછરડાની કતલ પર સંપૂર્ણ પ્રતિબંધ લાદ્યો હતો. અપીલમાં તમિલનાડુ સરકારે દલીલ કરી હતી કે હાઈકોર્ટનો આદેશ તમિલનાડુ એનિમલ પ્રિઝર્વેશન એક્ટ, ૧૯૫૮ની વિરુદ્ધ છે, જે સક્ષમ અધિકારી દ્વારા જારી કરાયેલ પ્રમાણપત્રના આધારે ૧૦ વર્ષથી વધુ ઉંમરની ગાયોની કતલની પરવાનગી આપે છે જે કામ અને સંવર્ધન માટે અયોગ્ય છે. કાયદાની સાથે સાથે, અન્ય લાગુ પડતા કાયદાઓ જેમ કે પ્રિવેન્શન ઓફ ક્રુઅલ્ટી ટુ એનિમલ્સ એક્ટ, ૧૯૬૦, ધ પ્રિવેન્શન ઓફ ક્રુઅલ્ટી ટુ એનિમલ્સ (સ્લોટર હાઉસ) રૂલ્સ, ૨૦૦૧, તમિલનાડુ અર્બન લોકલ બોડીઝ એક્ટ, ૧૯૯૮ અને તમિલનાડુ અર્બન લોકલ બોડીઝ રૂલ્સ જે શરતો હેઠળ ફરીથી લાગુ થઈ શકે છે. કતલ કરી પરંતુ સંપૂર્ણ પ્રતિબંધ લાદશો નહીં.

રાજ્ય સરકારના સચિવ દ્વારા અરજી કરવામાં આવી હતી. તે કે. સૂર્યા (ઉર્ફે કે. સૂર્ય પ્રશાંત)-'હિન્દુ મક્કલ કચ્છી'ની યુવા પાંખના સચિવ અને હાઈકોર્ટમાં મૂળ અરજદાર-તેમજ પોલીસ મહાનિર્દેશક (ડીજીપી) અને અન્ય અધિકારીઓને પ્રતિવાદી તરીકે સૂચિબદ્ધ કરે છે. સૂર્યાનું પ્રતિનિધિત્વ કરી રહેલા એડવોકેટ પીવી યોગેશ્વરને સુપ્રીમ કોર્ટમાં કેવિયેટ દાખલ કરી છે. ૨૭ મેના રોજ, જસ્ટિસ જીઆર સ્વામીનાથન અને જસ્ટિસ વી લક્ષ્મીનારાયણની બનેલી ડિવિઝન બેંચે મુખ્ય સચિવ અને પોલીસ મહાનિર્દેશક/પોલીસ દળના વડા (DGP/HoPF)ને બકરીદની પૂર્વસંધ્યાએ (ગુરુવાર, મે ૨૦૨૬ અથવા અન્ય કોઈપણ દિવસે) તમિલનાડુમાં કોઈ ગાય કે વાછરડાની કતલ ન થાય તે સુનિશ્ચિત કરવા નિર્દેશ આપ્યો હતો.

આ આદેશ ૧૯૭૬ના નિર્દેશ પર આધારિત હતો જેમાં દૂધ ઉત્પાદન વધારવા અને ગ્રામીણ અર્થવ્યવસ્થાને સુધારવા માટે ગાયની કતલ પર પ્રતિબંધ હતો. તેમના ચુકાદામાં, ન્યાયમૂર્તિ સ્વામીનાથને ભારપૂર્વક જણાવ્યું હતું કે બંધારણની કલમ ૪૮ રાજ્ય પાસેથી અપેક્ષા રાખે છે કે ગાય, વાછરડા અને અન્ય દુધાળા અને મુસદ્દા પ્રાણીઓની કતલ પર પ્રતિબંધ મૂકવા માટે પગલાં ભરે. બંધારણ સભાની ચર્ચાઓ દરમિયાન, તે પણ પ્રકાશિત કરવામાં આવ્યું હતું કે ગાય એક આદરણીય પ્રાણી છે અને ભગવાન કૃષ્ણના સમયથી આપણી સંસ્કૃતિનો અભિન્ન ભાગ છે.

રાજ્ય સરકારે કહ્યું હતું કે, સંપૂર્ણ પ્રતિબંધનો નિર્દેશ કરીને, હાઈકોર્ટે વૈધાનિક કાયદા માટે ન્યાયિક કાયદાને સ્થાન આપ્યું છે. તામિલનાડુ સરકારે અરજીમાં દલીલ કરી હતી કે હાઈકોર્ટે ગૌહત્યા પર પ્રતિબંધનો આદેશ આપીને કાયદાના માળખાથી આગળ વધી ગઈ છે, દલીલ કરી હતી કે આ આદેશ કાયદા હેઠળ નિર્ધારિત જોગવાઈઓના અવકાશને ઓળંગે છે.

# કુવાડવા રોડ પર ટ્રકે હડફેટે લેતાં હોમિયોપથીના વિદ્યાર્થીનું મૃત્યુ



રાજકોટ: કુવાડવા રોડ પરના ત્રિ-મંદિરની સામે ઓવરબ્રિજ ઉપર આજે સવારે ટ્રકે હડફેટે લેતા બાઇક પર સવાર હોમિયોપેથીના છાત્ર નિખિલ દશરથભાઇ બ્રાહ્મણ (ઉ.વ.૨૦)નું મોત નીપજ્યું હતું. અકસ્માત સર્જ્યા બાદ ટ્રક ચાલક ભાગી ગયો હતો. કુવાડવા રોડ પોલીસે ગુનો નોંધી તેની ઓળખ મેળવવા તજવીજ શરૂ કરી છે.

મૂળ કચ્છ પંથકના છાત્રનો ભાઇ પણ તબીબી છાત્ર, ભાગી ગયેલા ટ્રક ચાલકની શોધખોળ.ભોગ બનનાર નિખિલ મૂળ કચ્છના લખપત તાલુકાના કપુરાસી ગામનો વતની હતો. ચિનોય રોડ પર મેડિકલ બોયઝ હોસ્ટેલની સામે રહી ગુંદા ગામ પાસે આવેલી આર્યવીર હોમિયોપેથિક મેડિકલ કોલેજમાં ત્રીજા વર્ષમાં અભ્યાસ કરતો હતો. તેની માતા કલાવતીબેન સાથે રહેતો હતો. પિતા ગાંધીનગર એસઆરપી ગ્રુપ-૧૨માં કોન્સ્ટેબલ તરીકે નોકરી કરે છે.

આજેસવારેબાઇકલઇ કોલેજ જતો હતો ત્યારે ટ્રકે હડફેટે લેતાં ગંભીર ઇજા સાથે રોડ પર પટકાઇ ગયો હતો. સ્થળ પર ટોળાં ભેગા થઇ ગયા હતા. જેમાંથી કોઇએ ૧૦૮ને કોલ કરતા તેમા સિવિલ ખસેડાયો હતો. જ્યાં ફરજ પરના તબીબોએ મૃત જાહેર કર્યો હતો. તેનો ભાઇ પાર્થ (ઉ.વ.૨૩) રાજકોટની જ પીડીયુ મેડિકલ કોલેજમાં એમબીબીએસના ત્રીજા વર્ષમાં અભ્યાસ કરે છે.

જાણ થતાં તે હોસ્પિટલ દોડી આવ્યો હતો. પોલીસે તેની ફરિયાદના આધારે ભાગી ગયેલા ટ્રક ચાલક સામે ગુનો નોંધ્યો હતો. કુવાડવા રોડ પોલીસે સીસીટીવી કેમેરાના આધારે અકસ્માત સર્જનાર ટ્રકના નંબર મેળવવા તજવીજ શરૂ કરી છે.

# પૂનમે શેવિંગ કરાવ્યું ને પતિના પગ નીચેથી જમીન સરકી ગઈ

## ઈન્સ્ટા. પર પ્રેમમાં પડ્યા ને માંગમાં સિંદૂર ભર્યું, રાજકોટમાં રોજના ઝઘડાઓથી કંટાળીને પથ્થરથી મોં છુંદીને હત્યા કરી

રાજકોટ:રાજકોટ જિલ્લાના શાપર-વેરાવળમાં એક અજીબોગરીબ કિસ્સો સામે આવ્યો છે. જેમાં સોશિયલ મીડિયા પર યુવતીના વેશમાં રહેલ યુવકના ફોટો જોઈ મિત્રતા કેળવી બાદમાં લગ્ન કરવા ઈચ્છા વ્યક્ત કરી અને બન્યું એવું કે વાત હત્યા સુધી પહોંચી ગઈ હતી.ફેસબુક અને ઈન્સ્ટાગ્રામ પર યુવતી તરીકે ઓળખાણ આપી પરપ્રાંતીય યુવાન સાથે સંબંધ બાંધી લગ્નના વચનો આપ્યા, પરંતુ ચંદન કુમાર યુવતી નહી પુરુષ હોવાનું સામે આવતાં ત્રણ વર્ષથી ચાલતો વિવાદ અંતે હત્યામાં પરિણમ્યો હતો. હાલ સમગ્ર મામલે રાજકોટ ગ્રામ્ય પોલીસે હત્યાનો ભેદ ઉકેલી આરોપીની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.ઉલ્લેખનીય છે કે, રાજકોટનો યુવક પિયુષને ફેસબુક પરથી 'નિશા કુમાર' અને ઈન્સ્ટાગ્રામ પર 'પૂનમ' નામની આઈડી મારફતે મૃતક ચંદનકુમાર સાથે પરિચય થયો હતો. ત્યારબાદ બંને વચ્ચે સંબંધ બંધાયો અને પીયુષે





ચંદનની માંગમાં સિંદૂર ભરી લગ્ન જેવો સંબંધ પણ સ્વીકારી લીધો હતો. ત્યારબાદ અચાનક એક દિવસે પૂનમે(ચંદનકુમાર) શેવિંગ કરતાં જોઈને પિયુષ ચોંકી ઉઠ્યો હતો અને ત્યારબાદ બંને વચ્ચે રોજના ઝઘડાઓ શરૂ થઈ ગયા હતા. આ રોજબરોજના કંકાસથી કંટાળીને આખરે પતિ પિયુષે ૨૭ જૂને ક્રૂરતાની સીમાઓ વટાવી ચંદનકુમારની પથ્થરથી મોં છુંદીને હત્યા કરી હતી.

૨૭ જૂન ૨૦૨૬ના રોજ રાજકોટ જિલ્લાના શાપર-વેરાવળ નજીક મસ્કત ફાટક પાસે રેલવેની દીવાલ નજીક સ્ત્રીના વસ્ત્રોમાં અને કોહવાયેલી હાલતમાં એક અજાણ્યા વ્યક્તિની લાશ મળી આવી હતી. શરૂઆતમાં અકસ્માત મોતનો ગુનો નોંધાયો હતો. પરંતુ ફોરેન્સિક પોસ્ટમોર્ટમમાં માથામાં ગંભીર ઈજાઓના કારણે હત્યા થયાનું સામે આવતાં પોલીસે તપાસનો દોર બદલી ઝઝૂફ ફૂટેજ, ટેક્નિકલ સર્વેલન્સ અને હ્યુમન ઈન્ટેલિજન્સના આધારે ઉત્તર પ્રદેશના ૨૦ વર્ષીય પીયુષકુમાર ખરવારને ઝડપી લીધો હતો. પોલીસની પ્રાથમિક પૂછપરછ દરમિયાન આરોપીએ હત્યાની કબૂલાત કરતાં પોલીસે તેની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ તપાસમાં જાણવા મળ્યું હતું કે, હૈદરાબાદમાં રહેતા સમયે પીયુષનો ફેસબુક પર 'નિશા કુમાર' અને ઈન્સ્ટાગ્રામ પર 'પૂનમ' નામની આઈડી મારફતે મૃતક પુરુષ ચંદનકુમાર સાથે પરિચય થયો હતો. ચંદને પોતાને યુવતી તરીકે રજૂ કરી વિશ્વાસ જીત્યો હતો અને બંને સાથે રહેવા લાગ્યા હતા. ધાર્મિક માનતાનું કારણ આપી તેણે શારીરિક સંબંધોથી દૂર રહેવાની વાત કરી હતી.દરમિયાન પીયુષે ચંદનની માંગમાં સિંદૂર ભરી લગ્ન જેવો સંબંધ પણ સ્વીકારી લીધો હતો. પરંતુ બાદમાં ચંદન શેવિંગ કરતો હતો ત્યારે પીયુષને જાણ થઈ કે, ચંદન મહિલા નહીં પરંતુ પુરુષ છે. ત્યારબાદ બંને વચ્ચે સતત વિવાદ શરૂ થયો હતો. પીયુષ જ્યાં રોજગારી માટે જતો ત્યાં ચંદન પણ પાછળ પહોંચતો હતો. હૈદરાબાદથી ઉત્તર પ્રદેશ, રાજસ્થાન અને અંતે રાજકોટ જિલ્લાના પડવલા સુધી બંને વચ્ચેનો વિવાદ ચાલુ રહ્યો હતો.

આ પછી ગત ૨૭ જૂનના રોજ પડવલા સ્થિત કારખાનામાં બંને વચ્ચે ઉગ્ર ઝઘડો થયો હતો અને આરોપી પીયુષ ચંદનને રેલવે ટ્રેક નજીક અવાવરુ સ્થળે લઈ ગયો હતો જ્યાં મોટા પથ્થરો વડે માથા તેમજ શરીરના અન્ય ભાગોમાં હુમલો કરી તેની હત્યા કરી દીધી હતી. ત્યારબાદ લાશ પર પથ્થરો ઢાંકી પુરાવા છુપાવવાનો પ્રયાસ કરી આરોપી ફરી કારખાનામાં કામે પહોંચી ગયો હતો, જેથી કોઈને શંકા ન જાય.પોલીસે આ ગુનામાં સંડોવાયેલ આરોપીને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# MD – માદક પદાર્થ સાથે એક શખ્સ ઝડપાયો

રાજકોટ:રાજકોટ યુનિવર્સીટી પોલીસને ચોક્કસ બાતમી મળી હતી કે, એક શખ્સ જીજે.૦૩. એચએફ.૮૦૨૬ નંબરનું એકટીવા સાથે ધરમનગર આવાસ યોજના રોડ પર ખોડીયાર ડેરી ફાર્મ નજીકથી પસાર થવાનો છે જેના કબજામાં માદક પદાર્થનો જથ્થો છે જેથી પોલીસે વોચ ગોઠવી ધરમનગર આવાસ યોજનાના ગેટ પાસેથી એકટીવા પસાર થતા તેને અટકાવી કોર્ડન કરી પોલીસે તેનું નામ પૂછતા ચાલકે પોતાનું નામ સુનિલ અનંતભાઈ પ્રસાદ (ઉ.વ.૨૭) જણાવ્યું હતું.પોલીસે સુનિલ પ્રસાદની ઝડતી કરતા તેના પેન્ટના ખિસ્સામાંથી બે પ્લાસ્ટિકની વેક્યુમપેક કોથળીઓ મળી આવી હતી જે કોથળીમાંથી ડ્રગ્સ જેવો પદાર્થ મળી આવતા પોલીસે તપાસ કરતાં મેફેડ્રોન હોવાનું સામે આવતા યુનિવર્સિટી પોલીસે રૂ.૯૦૦૦ની કિંમતનો ૩.૦૦ ગ્રામ મેફેડ્રોન ડ્રગ્સ કબજે કરી પેડલર સુનિલ પ્રસાદની ધરપકડ કરી ડ્રગ્સ, મોબાઈલ અને વાહન મળી રૂ.૫૯,૩૭૦નો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# 'જયના મિત્રો ૫૦૦૦ માટે પણ હત્યા કરી શકે'

## પાર્ટી બાદ બુટલેગર હર્ષદ મહાજનના પુત્રએ મર્ડર કરી પાણીમાં ફેંકી દીધો;પરિવારનો આક્ષેપ

રાજકોટ:રાજકોટ શહેરના જામનગર રોડ પર પરાપીપળિયા ગામ નજીક તળાવમાંથી યુવકનો મૃતદેહ મળી આવ્યો છે. જે મૃતદેહ જય ખાંભરા નામના યુવાનનો હોવાનું સામે આવ્યું છે. જેના પરિવારજનોએ યુવકને માર મારી તેના જ મિત્રોએ પાણીમાં ફેંકી દીધો હોવાનો ગંભીર આક્ષેપ કર્યો છે. જો કે સમગ્ર મામલે ગાંધીગ્રામ પોલીસે મોતનું ચોક્કસ કારણ જાણવા મૃતદેહને ફોરેન્સિક પોસમોર્ટમ અર્થે ખસેડી જરૂરી કાર્યવાહી હાથ ધરી છે.

મૃતકના કાકાએ આક્ષેપ કરતા જણાવ્યું હતું કે મારો ભત્રીજો તેના મિત્રો સાથે રાજસ્થાન ફરવા ગયો હતો જ્યાંથી પરત આવ્યા બાદ સોમવારે રાત્રે જેનીશ મહાજન, સદ્દામ, ભાવિન પટેલ અને ઋત્વિક પરમાર સાથે પાર્ટી કરતા હશે તેવી આશંકા છે અને બાદમાં બોલાચાલી થતા તેને માર મારી પાણીમાં ફેંકી દીધો છે. ઉલ્લેખનીય છે કે જેમના પર આક્ષેપ છે તે જેનીશ મહાજન નામચીન બુટલેગર હર્ષદ મહાજનનો પુત્ર છે અને તેના વિરુદ્ધ અનેક ગુના પોલીસ ચોપડે નોંધાઈ ચૂક્યા હોવાનું સામે આવ્યું છે.

મૃતક યુવાન જય પ્રભાતભાઈ ખાંભરાના કાકા સુરેશભાઈ ખાંભરાએ જણાવ્યું હતું કે, મારો ભત્રીજો જય ખાંભરા તેના મિત્રો જેનીશ મહાજન, સદ્દામ, ભાવિન પટેલ અને ઋત્વિક પરમાર સાથે રાજસ્થાન ફરવા ગયો હતો જ્યાંથી પરત આવી રાજકોટ તેના આ મિત્રો સાથે જ એક કાળા કલરની વર્ના કાર સેલ્ફ ડ્રાઈવમાં ભાડે કરી ફરતા હતા.દરમિયાન ગઈકાલે સાંજે ૪ વાગ્યા આસપાસ મને તેના મિત્રો મારફત જાણ થઇ હતી કે પરમ દિવસ સોમવારે રાત્રે કોઈ અજાણ્યા શખ્સો તેમની કારનો પીછો કરી રહ્યા હતા. જેથી તમામ લોકો પરાપીપળીયા ગામમાં પહોંચ્યા હતા, આગળ રસ્તો બંધ થઈ જતા ઉતરી ખેતરમાં જતા રહ્યા હતા, દરમિયાન અંધારું હોવાથી જય પાણીમાં પડી ગયો હતો જેથી અમે પરિવારના લોકો બનાવની જાણ થતા સાંજે જ અહીં પહોંચ્યા હતા.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ગઈકાલે રાત્રિ દરમિયાન અંધારું થઈ જતા જયનો મૃતદેહ મળ્યો ન હતો અને આજે સવારે ફરી ૬ વાગ્યાથી ફાયર વિભાગે શોધખોળ કરતા જયનો મૃતદેહ મળી આવ્યો હતો. જયના મિત્રોએ સોમવારે રાત્રે બનાવ બન્યો હતો તો મંગળવાર સાંજ સુધી કેમ અમને કે પોલીસને જાણ ન કરી તે સવાલ અમને સતાવી રહ્યો છે.આ ઉપરાંત જયના મિત્રો નશા કરવાની ટેવ ધરાવતા હોવાથી અને ગુનાહિત ઈતિહાસ ધરાવતા હોવાથી તેઓ ૫૦૦૦ રૂપિયા માટે પણ હત્યા કરી શકે તેવા છે.

પરિવારના સભ્યોને તેના મિત્રોએ તેમની પાછળ કોઈ અજાણ્યા શખ્સો ગાડી લઈ પીછો કરતા હોવાની સ્ટોરી



ઉભી કરી હતી જેથી પરાપીપળીયા ગામના સીસીટીવી કેમેરા ચેક કરતા કાળા કલરની વર્ના કારમાં તમામ મિત્રો સાથે ગામમાંથી આગળ જતા જોવા મળી રહ્યા છે, પરંતુ તેમની પાછળ કોઈ ગાડી કે વાહનમાં લોકો પીછો કરતા હોય તેવું જોવા નથી મળી રહ્યું. માટે જયના મિત્રો ઉપર હત્યાની શંકા વધુ દ્રઢ બની રહી છે માટે યોગ્ય તપાસ કરી ન્યાયની માગ કરવામાં આવી રહી છે.

બનાવ અંગેની જાણ થતા ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનના પીઆઇ પી.એચ.ગઢવી તેમજ પીએસઆઈ સહિત કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. ફાયર વિભાગે મૃતદેહ બહાર કાઢતા પોલીસે જરૂરી કાગળ કાર્યવાહી કરી મૃતદેહને ફોરેન્સિક પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી વધુ તપાસ હાથ ધરી છે. બીજી તરફ જે ચાર મિત્રો પર પરિવારના સભ્યોએ આક્ષેપ કર્યા છે તેમની પોલીસે પૂછપરછ શરૂ કરી છે.

# ગેરકાયદે પેટ્રોલિયમનો સંગ્રહ અને વેચાણ કરવાના કેસમાં કલેક્ટરે ૨૧.૭૫ લાખનો દંડ ફટકાર્યો

ગોંડલ: ગોંડલ શહેરના ઉમવાડા ચોકડી નજીક ગેરકાયદેસર રીતે જ્વલનશીલ પેટ્રોલિયમનો સંગ્રહ અને વેચાણ કરવાના કેસમાં જિલ્લા કલેક્ટરે સંચાલકોને રૂ. ૨૧.૭૫ લાખનો દંડ ફટકાર્યો છે. આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ હેઠળ હાથ ધરાયેલી કાર્યવાહીમાં જપ્ત કરાયેલા જથ્થાની કિંમતના ૧૦૦ ટકા જેટલી દંડની રકમ વસૂલવાનો આદેશ કરવામાં આવ્યો છે.પ્રાપ્ત વિગતો મુજબ, તા. ૨૭ એપ્રિલ, ૨૦૨૪ના રોજ નાયબ નિયામક (પેટ્રોલિયમ), મદદનીશ નિયામક (ફેરણી), અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ, ગાંધીનગર તેમજ ગોંડલ શહેર મામલતદારની સંયુક્ત ટીમે નેશનલ હાઈવે નં. ૨૭ પર ઉમવાડા ચોકડી પાસે આવેલા એક યુનિટમાં દરોડો પાડ્યો હતો.

તપાસ દરમિયાન જરૂરી લાયસન્સ અને સલામતીના સાધનો વિના જ્વલનશીલ પેટ્રોલિયમનો સંગ્રહ અને વેચાણ થતું હોવાનું સામે આવતાં ૨૯ હજાર લિટર પેટ્રોલિયમનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો અને પોલીસ ફરિયાદ પણ નોંધવામાં આવી હતી.

તંત્રની તપાસ બાદ આ અનઅધિકૃત જથ્થા અને ગેરકાયદે પ્રવૃત્તિ બદલ આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ-૧૯૫૫ ની કલમ-૬(એ) હેઠળ કાનૂની કાર્યવાહી શરૂ કરાઈ હતી. આ કેસની સુનાવણી જિલ્લા કલેક્ટર ડો. ઓમ પ્રકાશ સમક્ષ ચાલતા તેમણે જપ્ત કરાયેલા કુલ ૨૯,૦૦૦ લીટર જથ્થાની કિંમતના ૧૦૦ ટકા લેખે રૂ. ૨૧,૭૫,૦૦૦ નો દંડ ભરવાનો આદેશ કર્યો છે. આ કેસમાં ઓમદેવસિંહ સુરેન્દ્રસિંહ જાડેજા, રમેશભાઈ પ્રભાશંકર છેલાવાળા અને નિલેશભાઈ ભીમજીભાઈ સોજીત્રા સામે કાયદાકીય પગલાં લેવાયા છે.

સંયુક્ત તપાસ કર્યા બાદ ઉમવાડા ચોકડી પાસે આવેલા યુનિટમાંથી ૨૯ હજાર લિટર જ્વલનશીલ પેટ્રોલિયમનો જથ્થો મળી આવ્યો હતો. તપાસમાં જરૂરી લાયસન્સ અને સલામતીના સાધનો વિના સંગ્રહ થતો હોય તથા તેમનું વેચાણ પણ થતું હોવાનું સામે આવતાં આ સમગ્ર જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો અને આ અંગે સંબંધિત સંચાલકો સામે પોલીસ દ્વારા કાયદેસરની કાર્યવાહી પણ હાથ ધરવામાં આવી હતી અને તેની વધુ તપાસ પણ હાથ ધરવામાં આવી હતી.

# પેલેસ રોડ પર કાર આડી રાખી કિન્નર મીરા દેએ ગોપી દેના શિષ્યને માર્યો

રાજકોટ: પેલેસ રોડ પર રામ ઔર શ્યામ ગોલા વાળાની દુકાન સામે કિન્નરને રસ્તામાં રોકી મારામારી કરી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાનો બનાવ સામે આવ્યો છે. આ મામલે એ-ડિવિઝન પોલીસે બે શખ્સ સામે ભારતીય ન્યાય સંહિતાની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

એ-ડિવિઝન પોલીસમાં નોંધાયેલી ફરિયાદ મુજબ રામનાથપરા જુમ્મા મસ્જિદ ચોક પાસે બોઘાણી શેરીમાં રહેતી સમીરા દે ગોપી દે(ઉ.વ.૨૦) જ્યુબિલી ચોકથી કોઠારિયા મેઈન રોડ તરફ રિક્ષામાં ખુશ્બુ દે કિન્નર સાથે જઈ રહી હતી.સાંજે પેલેસ રોડ પર રામ ઔર શ્યામ ગોલા વાળાની દુકાન સામે પહોંચતા પરાપીપળિયા ગામના મકસુદ શબીરભાઈ શેખ અને મીરા દે કાળા રંગની સ્કોર્પિયો કાર લઈને આવ્યા હતા. આરોપીઓએ રિક્ષાની આગળ કાર ઊભી રાખી રિક્ષા રોકાવી હતી.

ફરિયાદ મુજબ બંને આરોપીઓએ રિક્ષાચાલક અમનભાઈ તેમજ સમીરા દેને અપશબ્દો બોલ્યા હતા. ત્યારબાદ મીરા દે ઝપાઝપી કરી ધક્કો મારતાં સમીરા દે રિક્ષા સાથે અથડાઈ ગયા હતા અને ધોલ-ધપાટનો માર માર્યો હતો. એટલું જ નહીં, "બે દિવસમાં તારા ઘરે આવી જાનથી મારી નાખીશ' તેવી ધમકી પણ આપી હતી.દરમિયાન ખુશ્બુ દે વચ્ચે પડતાં તેમને પણ ગાળો આપવામાં આવી હતી. આસપાસ લોકો એકત્ર થતાં બંને આરોપીઓ સ્કોર્પિયો લઈને ફરાર થઈ ગયા હતા. બનાવ અંગે સમીરા દેની ફરિયાદના આધારે એ-ડિવિઝન પોલીસે બે આરોપીઓ સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# મોરબીના ત્રાજપર ગામે પ્રેમ સંબંધ મામલે મારામારી થયા બાદ ફાયરિંગ

મોરબી: મોરબીના ત્રાજપર ગામમાં પ્રેમ સંબંધ મામલે ઝઘડો થયો હતો જેમાં, પાંચ ઈસમોએ મારામારી કરી ફાયરિંગ કર્યાની પોલીસ ફરિયાદ નોંધાઇ છે તો આ સામાપક્ષે પણ પોલીસ ફરિયાદ નોંધાતા પોલીસે તપાસ હાથ ધરી ખૂનની કોશિષના ગુનામાં બિહારી ગેંગના ચાર ઈસમોને ઝડપી લીધા છે.

ત્રાજપર ખારી વિસ્તારમાં રહેતાં ચિરાગ રણજીતભાઇ સનુરા નામના યુવાનને નિરંજન બિંદની દીકરી સાથે પ્રેમ સંબંધ હોઈ તેના ઘર પાસે આવ - જા કરતો હોવાનો ખાર રાખી ગામમાં ઓરિએન્ટલ બેંકવાળી શેરીમાં યુવાન અને તેના મોટા બાપુજી દિનેશભાઇ વેરશીભાઇ સુનરા બેઠાં હતાં ત્યારે નિરંજન, તેની પત્ની મંજુબેન, દીકરો હિમાંશુ તથા ભાણેજ ચંદન અને મોહને આવી મારામારી કરી હતી. આરોપી મોહને મારી નાંખવાના ઈરાદે યુવાન સામે રિવોલ્વર તાકી જમીનમાં ફાયરિંગ કર્યું હતું. મારામારીના આ બનાવમાં ફઈબાના દીકરા રાહુલને ઈજા થતાં હોસ્પિટલે ખસેડાયો છે અને યુવાને આ પાંચેય શખ્સો સામે ફરિયાદ કરી છે.

સામા પક્ષે હિમાંશુ બિંદે ચિરાગ, રાહુલ અને કરણ સામે ફરિયાદ નોંધાવી છે કે પ્રેમ પ્રકરણ મામલે, આરોપીઓએ હિમાંશુ અને તેનો પિતાને ગાળો આપી મુંઢ માર માર્યો હતો. મારામારી અને ફાયરિંગની આ ઘટનામાં સંડોવાયેલા બિહારી ગેંગના ચાર આરોપી નિરંજન તિલકપ્રસાદ બિંદ, હિમાંશુ નિરંજન બિંદ, ચંદન મહેશભાઇ જમાદાર અને મોહન અનુજભાઇ બિંદ હાલ મોરબી અને મૂળ બિહારના રહેવાસીઓને ઝડપી લઈને પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.


# પડધરી તાલુકા પંચાયતના કોંગ્રેસના સભ્ય કલ્પેશભાઈ પીપળીયાનું હાર્ટએટેકથી મોત

રાજકોટ: રાજકોટ જિલ્લાના પડધરી તાલુકા પંચાયતના કોંગ્રેસના સભ્ય કલ્પેશભાઈ પીપળીયાનું હાર્ટ એટેકથી મોત થતા પરિવારમાં શોકનો માહોલ છવાઈ જવા પામ્યો છે. કલ્પેશભાઈ છગનભાઇ પીપળીયા (ઉં.વ.૪૪) આજે રાત્રે ૩.૧૫ વાગ્યાં આસપાસ છાતીમાં દુ:ખાવો પોતાના મિત્રને ફોન કરીને મજા નથી દવાખાને જવું છે કહેતા મિત્ર સહિતના પાડોશીઓ કલ્પેશભાઈને ખાનગી હોસ્પિટલ લઈ ગયા હતા જ્યાં તેઓ બેભાન થઈ ગયા હતા અને તેમનું મોત નીપજ્યું હતું. પોલીસ તપાસમાં કલ્પેશભાઈને સંતાનમાં એક દીકરો અને એક દીકરી હોવાનું અને પોતે બે ભાઈમાં નાના હોવાનું સામે આવ્યું છે.

તાજેતરમાં પડધરી તાલુકા પંચાયતની ચૂંટણીમાં તેઓ થોરીયાળી ખોડાપીપર બેઠક પરથી ચૂંટણી લડ્યા હતા અને વિજેતા બન્યા હતા. અગાઉ તેઓ રાજકોટમાં વોર્ડ નંબર ૪ના કોંગ્રેસ પ્રમુખ તરીકે પણ કાર્યરત હતા. બનાવ અંગે જાણ થતા કુવાડવા પોલીસે મૃતદેહ પોસમોર્ટમ અર્થે ખસેડી જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી જેના પ્રાથમિક રિપોર્ટમાં હાર્ટ એટેકથી મોત થયાનું સામે આવ્યું છે.

# બાંધકામ સાઈટ પર વીજ કરંટથી બે શ્રમિકના મોત

રાજકોટ: રામબલી કુશવાહા





(ઉં.વ.૨૬) અને સૂરજ હીરાલાલ કુશવાહા (ઉં.વ.૨૧) આજે સવારે ૧૧ વાગ્યાં આસપાસ બાંધકામ સાઈટ પર ગ્રાઉન્ડ ફ્લોરમાં લિફ્ટ પાસેના દીવાલના સ્ટ્રક્ચરનું કામ ચાલી રહ્યું હતું ત્યાં મજૂરી કરતા હતા દરમિયાન અચાનક બંનેને વીજ શોક લાગતા તેઓ બેભાન થઈ ગયા હતા જેથી તાત્કાલિક તેને બેભાન હાલતમાં સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવતા ફરજ પરના તબીબે તપાસી મૃત જાહેર કર્યા હતા.આ બનાવ અંગે યુનિવર્સિટી પોલીસને જાણ કરતા પોલીસે બંને મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસ તપાસમાં રામબલી કુશવાહા હાલ પત્ની સાથે ભરતવન પાસે રૂમ રાખીને રહેતો હોવાનું જયારે સૂરજ સાઈટની ઓરડીમાં રહેતો હોવાનું સામે આવ્યું છે.

# મંદિર પ્રવેશ બાબતે દલિત પરિવારને અપમાનિત કરી જાનથી મારી નાખવાની ધમકી

રાજકોટ: રાજકોટ શહેરના કુવાડવા રોડ પોલીસ સ્ટેશન હેઠળના રતનપરના પાટિયા પાસે આવેલ જલારામ સોસાયટીમાં મંદિર પ્રવેશને લઈને ગંભીર વિવાદ સામે આવ્યો છે. સોસાયટીમાં રહેતા અનુસૂચિત જાતિના સપનાબેન જાદવ નામના મહિલા સરપંચની સલાહ બાદ સોસાયટીના સાર્વજનિક હનુમાનજી મંદિરે ગયા હતા.


આ બાબતની અદાવત રાખીને સોસાયટીમાં જ રહેતા ચાર શખ્સ રાજુભાઈ રામાવત, મયૂર રામાવત, હેતલબેન ભલસોડ અને ચંદ્રેશભાઈ ભલસોડે મહિલા અને તેમના પરિવાર સાથે સવારના સમયે ઉગ્ર ઝઘડો કર્યો હતો.જ્યારે પીડિત મહિલાના પતિ રાજેશભાઈ અને તેમના પુત્રએ આ શખ્સોને શાંત પાડવાનો પ્રયત્ન કર્યો, ત્યારે આરોપીઓએ જાહેરમાં અપશબ્દો બોલી જ્ઞાતિ પ્રત્યે ભારે અપમાનિત કર્યા હતા.

આરોપી રાજુભાઈએ પીડિતનો કોલર પકડી 'હવે પછી જો મંદિરના પગથિયાં ચડશો તો ટાંટિયા ભાંગી જાનથી મારી નાખીશ' તેવી ધમકી આપી હતી.

આ ઘટનાથી ભયભીત થયેલો પરિવાર શરૂઆતમાં પોલીસ પાસે પહોંચ્યો ન હતો, પરંતુ સમાજના આગેવાનોની હિંમત બાદ અંતે કુવાડવા રોડ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. પોલીસે ચારેય આરોપીઓ વિરુદ્ધ એટ્રોસિટી એક્ટ તથા બી.એન.એસ.ની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધ્યો છે.

# શાપરમાં પત્નીની છેડતી કરતા વિક્રમ રાઠોડને ટપાર્યો તો ચંદન યાદવ પર હુમલો કર્યો

રાજકોટ:શાપરમાં ઈમરસંગ ફોજ'ગ કંપની નજીક કંપની ક્વાર્ટરમાં



રહેતાં મુળ યુપીના ચંદન ભિખારી ભાઈ યાદવ (ઉંમર વર્ષ ૩૧) ગઈકાલે રાત્રે ૧૦ વાગ્યા આસપાસ પોતે પોતાના ક્વાર્ટરમાં હતો ત્યારે સામેવાળા વિક્રમ રાઠોડ, દિવ્યેશ રાઠોડ, જ્યોતિષ રાઠોડએ ઝઘડો કરી પાઈપ વડે માથાના ભાગે માર મારતા ઈજા થતાં શાપર સરકારી હોસ્પિટલ બાદ રાજકોટ સિવિલમાં દાખલ કરાયો હતો.

પત્નીની પજવણી કરતા વિક્રમને ટપાર્યો હતો. જેથી તે ઉશ્કેરાયો હતો. બીજા બે લોકોને બોલાવ્યા હતા અને હુમલો કર્યો હતો. ચંદને આવો આક્ષેપ કરતા શાપર પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.

# ચોરાઉ ઍક્સેસ સાથે વિજય કુકડીયા ઝડપાયો

રાજકોટ: હુડકો ચોકડી પાસેથી કોઠારીયા રોડ પાસે આવેલ મફતિયાપરામાં રહેતા વિજય કુકડીયાને આજીડેમ પોલીસે ચોરાઉ ઍક્સેસ સાથે પકડી પાડી કાર્યવાહી કરી હતી. ઉચ્ચ પોલીસ અધિકારીઓએ મિલકત સંબંધી ગુનાઓ શોધી કાઢી કાર્યવાહી કરવા સૂચના આપી હોય જે અંતર્ગત આજીડેમ પોલીસ સ્ટેશનના પીઆઈ એચ.એન. પટેલના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ વી.જી.ડોડીયાની રાહબરી હેઠળ પોલીસ સ્ટાફ પેટ્રોલિંગમાં હોય દરમ્યાન ખાનગી રાહે બાતમી મળી હતી કે, કોઠારીયા રોડ પર આવેલ હુડકો ચોકડી પાસે ચોરાઉ ઍક્સેસ સાથે શખસ ઊભો છે. પોલીસે બાતમીના આધારે શંકાસ્પદ



શખ્સને પકડી તેની પાસે રહેલ ઍક્સેસના આધાર પુરાવા માંગતા શખસ સંતોષકારક જવાબ આપી શક્યો ન હતો.પોલીસે સઘન પૂછપરછ કરતા આ એક્સેસ ચોરાઉ હોવાનું અને પોતાનું નામ વિજય રઘુ કુકડીયા(ઉ.વ. ૨૭)(રહે જયનગર મફતીયા પરા શેરી નંબર ૦૧, કોઠારીયા મેન રોડ)જણાવ્યું હતું. પોલીસે રૂ.૫૦ હજારનું એક્સેસ કબજે કરી શખસ વિરુદ્ધ કાર્યવાહી કરી હતી.